અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ એપ્રિલ ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૮ | અંક : ૨૮૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### મૂશળધાર વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયુ

## ભારે વરસાદ બાદ જમ્મુ કાશ્મીરમાં તારાજી: કુલ ૮ના મોત, ૧૦૦થી વધુનું રેસ્ક્યૂ

**પરિવહન સેવાઓ ખોરવાઈ છે. સેકડોં વાહનો ફસાયા છે જરૂરી વસ્તુઓનો પુરવઠો પણ મળી રહ્યો નથી**

**અનેક ઘરોમાં પાણી ફરી વળ્યા છે. બાળકો, વરિષ્ઠો અને બીમાર લોકોની સ્થિતિ વધુ દયનીય બની છે**



। (એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૨૦ ।

જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લો કુદરતના કહેરનો સામનો કરી રહ્યું છે. સતત મૂશળધાર વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયુ છે. જિલ્લાના અનેક હિસ્સામાં પુરની સ્થિતિ સર્જાઈ છે. આભ ફાટતાં અનેક ઘર ધરાશાયી થયા છે. અત્યારસુધીમાં આઠના મોત નીપજ્યા છે. જ્યારે ૧૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ધર્મકુંડ ગામમાં ૪૦-૫૦ ઘરો ધરાશાયી થયા છે. જમ્મુ-શ્રીનગરની જીવન રેખા ગણાતા નેશનલ હાઈવે ૪૪ પર ઠેર ઠેર કાદવ-કીચડ અને પથ્થરોનો ખડકલો ઉભો થયો છે. જેના કારણે હાઈવે લગભગ બંધ થયો છે. પરિવહન સેવાઓ ખોરવાઈ છે. સેકડોં વાહનો ફસાયા છે. જરૂરી વસ્તુઓનો પુરવઠો પણ મળી રહ્યો નથી. અનેક ઘરોમાં પાણી ફરી વળ્યા છે. બાળકો, વરિષ્ઠો અને બીમાર લોકોની સ્થિતિ વધુ દયનીય બની છે. કાશ્મીરમાં બપોરે બરફના કરાં પડવાની અને વાવાઝોડું ફૂંકાવાની આગાહી હવામાન વિભાગે કરી છે. વર્તમાન સિસ્ટમ પર નજર રાખતાં હવામાન વિભાગે આજના દિવસે રેડ એલર્ટ જારી કર્યું છે. આવતીકાલથી હવામાનમાં સુધારો થવાની શક્યતા દર્શાવી છે. અરનાસ વિસ્તારના લમસોરા નંબર બેના એક ખાનાબદોષ પરિવાર પર વીજળી પડી છે. જેમાં વધુ બે લોકોના મોત નીપજ્યા છે. એક મહિલા ઘાયલ થઈ છે. વીજ પડવાથી ૪૦-૫૦ ઘેટાં-બકરાંઓના પણ મોત થયા છે. બાગનામાં પણ ઘર પાણીમાં વહી જતાં ત્રણ લોકોના મોત નીપજ્યા છે. જમ્મુ-કાશ્મીરના અનેક વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકથી મૂશળધાર વરસાદ પડી રહ્યો છે. ગઈકાલે શનિવારે સવારે ૮.૩૦ વાગ્યાથી ભારે વરસાદ થઈ રહ્યો છે. રામબન વિસ્તારોમાં ઘર જમીન-દોસ્ત થયા છે. માન બનિહાલમાં ૭૧ દ્વદ્વ, કાજી કુંડમાં 53 mm, કુકરબાગમાં 43 mm, પહેલગામમાં 34 mm, શ્રીનગરમાં ૧૨ દ્વદ્વ વરસાદ થયો છે. શ્રીનગર દક્ષિણમાં 80-100 mm વરસાદ પડ્યો છે. ભારે વરસાદના કારણે રામબન જિલ્લામાં જમ્મુ-શ્રીનગર હાઈવે પર ભયાવહ ભૂસ્ખલન થયુ છે. જેના લીધે હાઈવે પર ટ્રાફિક જામ થયો છે. હજારો ખાનગી વાહનો રસ્તા પર છોડવા લોકો મજબૂર બન્યા છે. સ્થાનિક સત્તાધીશોએ લોકોને સુરક્ષિત સ્થળે જવા અપીલ કરી છે. તેમજ હાઈવે પર મુસાફરી ન કરવા કહ્યું છે.


### સમગ્ર અમેરિકામાં ટ્રમ્પનો વિરોધ

## હજારો લોકો માર્ગો પર ઊતર્યા, ૭૦૦થી વધુ ધરણાં-રેલી યોજ્યાં

**આ વખતે જેક્સનવિલે, ફ્લોરિડાથી લઈને લોસ એન્જેલસ સુધી ૭૦૦ થી વધુ ધરણાં-રેલીનું આયોજન કરાયું હતું**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

અમેરિકામાં ફરી એકવાર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ લોકોનો રોષ ભભૂક્યો હતો. સમગ્ર અમેરિકામાં શનિવારે હજારો દેખાવકારો ફરી એકવાર માર્ગો પર ઊતરી આવ્યા હતા. આ લોકોએ ટ્રમ્પની નીતિઓ સામે આકરો વિરોધ નોંધાવ્યો હતો. મળતી માહિતી અનુસાર ન્યુયોર્ક, વોશિંગ્ટન અને શિકાગો જેવા શહેરોમાં ૫ એપ્રિલે યોજાયેલા દેખાવોની તુલનાએ ભલે આ વખતે ઓછા લોકો દેખાવોમાં સામેલ થયા હતા પરંતુ આ વખતે જેક્સનવિલે, ફ્લોરિડાથી લઈને લોસ એન્જેલસ સુધી ૭૦૦ થી વધુ ધરણાં-રેલીનું આયોજન કરાયું હતું. દેખાવકારોએ ઈમિગ્રેશન, સંઘીય નોકરીમાં મોટો કાપ, આર્થિક નીતિઓ અને ટેરિફ વૉર જેવા અન્ય મુદ્દાઓ પર ચિંતાનો હવાલો આપતાં ડોનાલ્ડ ટ્રમ્પ




સામે નાગરિકોની સ્વતંત્રતા અને કાયદાના શાસનને કચડી નાખવાનો આરોપ મૂક્યો હતો. વોશિંગ્ટનની રેલીમાં એક વ્યક્તિએ કહ્યું કે મને એ વાતની ચિંતા છે કે તંત્ર કોઈ યોગ્ય પ્રક્રિયાના પાલન વગર ગેરકાયદે પ્રવાસીઓને દેશમાંથી કાઢી મૂકતા રોકાશે નહીં અને અમેરિકાના નાગરિકોને પણ જેલભેગા કરશે.

### ન્યૂઝ બ્રિફ

#### જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં 3 શંકાસ્પદ લોકો જોવા મળ્યા

। (એજન્સી) જમ્મુ, તા.૨૦ ।

સ્થાનિક પોલીસના એક ખાસ ઓપરેશન ગ્રુપે સેના અને સીઆરપીએફના જવાનો સાથે મળીને તાત્કાલિક વિસ્તારને ઘેરી લીધો અને શંકાસ્પદોને શોધવા માટે મોટા પાયે શોધખોળ અભિયાન શરૂ કર્યું. રવિવારે જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં જંગલ વિસ્તાર નજીક ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલની માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

#### આસામમાંથી રૂ. ૭૧ કરોડની યાબા ટેબલેટ અને હેરોઇન જપ્ત

। (એજન્સી) ગુવાહાટી, તા.૨૦ ।

આસામના કામરૂપ જિલ્લામાં એક સર્ચ ઓપરેશન દરમિયાન ૭૧ કરોડ રૂપિયાનું હેરોઈન અને પ્રતિબંધિત યાબા ટેબલેટ જપ્ત કરવામાં આવી છે અને આ સંબધમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી છે તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ચોક્કસ બાતમીને આધારે આસામ પોલીસના સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)એ અભિનગાવ વિસ્તારમાં એક ઓપરેશન શરૂ કર્યુ હતું. આ ઓપરેશનમાં બાજુના રાજ્યમાંથી આવેલા બે વાહનોને રોકવામાં આવ્યા હતાં.

### નેપાળમાં ફરી બબાલ

## દેશને હિન્દુ રાષ્ટ્ર અને રાજાશાહી જાહેર કરવા હજારો સમર્થકો પીએમ આવાસ પહોંચ્યા

**૨૦૦૮માં સમાપ્ત કરવામાં આવેલા રાજતંત્રને ફરીથી લાગુ કરવાની માગ સાથે નીકળેલી આ રેલી અચાનક હિંસક બની હતી**

। (એજન્સી) નેપાળ, તા.૨૦ ।

નેપાળમાં પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહના સમર્થકોએ ફરી વિરોધ શરૂ કરી દેશને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવા તેમજ રાજાના હાથમાં સોંપવાની માંગ સાથે રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. રાજાશાહીના રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી ના હજારો નેતાઓ અને કાર્યકર્તાઓ આજે (૨૦ એપ્રિલ) વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થા અને સંસદ ભવન પહોંચ્યા હતા, જ્યાં તેમણે દેખાવો સાથે રેલી કાઢી હતી.

સમર્થકો દેશને રાજાશાહીના હાથમાં સોંપવા તેમજ દેશને હિન્દુ રાષ્ટ્ર બનાવવાની માંગ કરી રહ્યા છે. આરપીપી પાર્ટીના અધ્યક્ષના નેતૃત્વ હેઠળ યોજાયેલા દેખાવોમાં લગભગ ૧૫૦૦ દેખાવકારો બિજુલીબાજાર-



બાનેશ્વર વિસ્તારમાં એકત્ર થયા હતા અને 'ગણતંત્ર વ્યવસ્થા મુર્દાબાદ, અમને રાજાશાહી પાછી જોઈએ, ભ્રષ્ટ સરકાર મુર્દાબાદ, નેપાળને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરો, જેવા સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. પાર્ટીના અધ્યક્ષ રાજેન્દ્ર, વરિષ્ઠ નેતા પશુપતિ શમશેર રાણા અને પૂર્વ પોલીસ મહાનિરીક્ષક ધ્રુબ બહાદુર પ્રધા સહિત અન્ય લોકોએ પણ દેખાવો અને રેલીઓમાં જોડાયા હતા. દેખાવકારોએ ચીમકી આપી છે કે, તેઓ સરકારના આદેશની અવગણના કરશે અને પ્રતિબંધિત વિસ્તારોમાં પ્રવેશ કરશે. આ પહેલા ૨૮ માર્ચની સવારે કાઠમાંડૂના તિનકૂને વિસ્તારમાં રાજાશાહી સમર્થક રેલી શરૂ થઈ હતી. આ રેલી સંસદ ભવન નજીક પહોંચવાનો પ્રયાસ કરી રહી હતી.

૨૦૦૮માં સમાપ્ત કરવામાં આવેલા રાજતંત્રને ફરીથી લાગુ કરવાની માગ સાથે નીકળેલી આ રેલી અચાનક હિંસક બની હતી. સમર્થકોએ અનેક ઘર, ઈમારતો અને દુકાનોને આગ ચાંપી હતી. આ દરમિયાન હજારો લોકોએ દેખાવો કર્યા હતા. જેમને રોકવા માટે નેપાળ સરકાર પોલીસ અને સેનાનો બળ પ્રયોગ કર્યો હતો. જેના કારણે દેશના અનેક વિસ્તારોમાં સુરક્ષાદળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે હિંસા ફાટી નીકળી હતી.

### ઈમિગ્રેશન નીતિઓ વિરૂદ્ધ લોકોમાં રોષ

## ડોનાલ્ડ ટ્રમ્પની હિટલર સાથે તુલના, લોકોએ કહ્યું - અમે ઘણું બધું ગુમાવ્યું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

ન્યૂયોર્ક, વોશિંગ્ટન અને અમેરિકાના સેકડોં શહેરમાં હજારો દેખાવકારોએ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની આકરી નીતિઓ વિરૂદ્ધ શનિવારે દેખાવો કર્યા હતા. ન્યૂયોર્કમાં વિરોધીઓએ શહેરની મુખ્ય લાઈબ્રેરીની બહાર એકત્રિત થઈ 'No Kings in America' (અમેરિકામાં કોઈ રાજા નહીં) અને 'Resist Tyranny' (તાનાશાહીનો વિરોધ) જેવા સુત્રોચ્ચાર કરતાં પોસ્ટર અને બેનર લગાવી દેખાવો કર્યા હતાં.ટ્રમ્પ ની અમેરિકા ફર્સ્ટ નીતિઓનો અમેરિકન્સ દ્વારા જ વિરોધ થઈ રહ્યો છે. તેની ઈમિગ્રેશન નીતિઓ વિરૂદ્ધ લોકોમાં રોષ જોવા મળ્યો હતો. લોકોએ જોર-જોરથી સુત્રોચ્ચાર કર્યા હતા કે, 'કોઈ ભય નથછી, અમે ઈમિગ્રન્ટ્સનું અહીં સ્વાગત કરીએ છીએ.' આ સુત્રોચ્ચાર અમેરિકાની ઈમિગ્રેશન એજન્સી ICE (ઈમિગ્રન્ટ્સ એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ)ના વિરોધમાં હતાં. જે ગેરકાયદે રહેતાં ઈમિગ્રન્ટ્સ પર કાર્યવાહી કરી અટકાયત કરી રહી છે. વોશિંગ્ટન ડી.સી.માં દેખાવકારોએ ટ્રમ્પ સરકાર પર બંધારણીય સિદ્ધાંતો, ખાસ કરીને ન્યાયની પ્રક્રિયાના અધિકારને નબળો પાડવાનો આરોપ મૂક્યો હતો. રિપોર્ટ અનુસાર, વ્હાઈટ હાઉસની બહાર દેખાવો કરી રહેલાં ૪૧ વર્ષીય બેન્જામિન ડગલસે જણાવ્યું હતું કે, આ કાયદો શાસન અને નાગરિકો પર અત્યાચાર ન કરવાના મૂળ સિદ્ધાંતો પર સીધો પ્રહાર કરે છે. અમુક લોકોને જાણી જોઈને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. જેથી વિદેશી પ્રત્યે વિરોધ ભડકાવી શકાય અને લાંબા સમયથી ચાલી રહેલા સુરક્ષાના કાયદાને નબળો પાડી શકાય. ન્યૂયોર્કના અન્ય એક દેખાવકાર કેથી વેલી (ઉ.વ. ૭૩ વર્ષ)એ જણાવ્યું કે, અમારી પર મોટું સકંટ છે. મારા માતા-પિતાએ હિટલરના ઉદયની જે વાર્તાઓ સંભળાવી હતી, આજે ટ્રમ્પના દોરમાં એ જ દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

## કેનેડાના એક ગુરુદ્વારામાં પ્રવેશ પર પ્રતિબંધ મુકાતા ખાલિસ્તાનીઓમાં રોષ

। (એજન્સી) કેનેડા, તા.૨૦ ।

કેનેડામાં જસ્ટિન ટ્રૂડોએ વડાપ્રધાન પદ છોડ્યા પછી પણ ખાલિસ્તાનીઓનું મનોબળ ઊંચું છે. અહીં વાનકુવરમાં, ખાલિસ્તાની કટ્ટરપંથીઓએ એક ઐતિહાસિક ગુરુદ્વારા પર પોતાના સૂત્રો લખ્યા. ગુરુદ્વારા પર ભારત વિરોધી સૂત્રો પણ લખેલા હતા. ખાલસા દીવાન સોસાયટી ગુરુદ્વારાને રોસ સ્ટ્રીટ ગુરુદ્વારા તરીકે પણ ઓળખવામાં આવે છે. ખાલિસ્તાનીઓના આ કૃત્ય બાદ, ગુરુદ્વારાના પ્રવક્તાએ એક નિવેદન બહાર પાડીને કહ્યું કે, અલગતાવાદી શીખોના એક જૂથે આપણા પવિત્ર ગુરુદ્વારાની દિવાલોને અપવિત્ર કરી છે અને તેના પર ખાલિસ્તાની સૂત્રો લખ્યા છે. ગુરુદ્વારાએ કહ્યું કે આ ખાલસા સજના દિવસે આપણે એકતાની સુગંધ ખાઈએ છીએ. એક જૂથ દ્વારા કરવામાં આવેલું આ કૃત્ય નિંદનીય છે. કટ્ટરપંથી શક્તિઓ શીખોમાં વિભાજન કરવા માંગે છે અને આ ભય પેદા કરવાનો પ્રયાસ છે. તેમણે કહ્યું કે, કટ્ટરપંથીઓ આપણા વડીલોના બલિદાનને સમજી શકતા નથી. તેમણે કહ્યું કે આપણા વડીલોએ વિવિધતા અને સ્વતંત્રતા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. અમે તેમના વિભાજન કરવાના પ્રયાસોને સફળ થવા દઈશું નહીં.તમને જણાવી દઈએ કે આ ગુરુદ્વારા ૧૯૦૬માં બનાવવામાં આવ્યું હતું. ગયા રવિવારે ગુરુદ્વારામાં નગર કીર્તન અને વૈશાખી પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાલિસ્તાન સમર્થકોને આ કાર્યક્રમોમાં ભાગ લેવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. ગુરુદ્વારા ઉપરાંત, ખાલિસ્તાનીઓએ સુરી અને બ્રિટિશ કોલંબિયામાં મંદિરોને પણ નિશાન બનાવ્યા છે. અહીં પણ ખાલિસ્તાની સૂત્રો લખેલા જોવા મળ્યા. મંદિરના પ્રવક્તા પુરુષોત્તમ ગાયલે જણાવ્યું હતું કે લક્ષ્મીનારાયણ મંદિર કેનેડામાં હિન્દુઓ અને શીખો વચ્ચે એકતા જાળવવા માટે સક્રિય રીતે કાર્ય કરે છે. એટલા માટે મંદિરને પણ નિશાન બનાવવામાં આવ્યું છે.

## બ્રિટનની જેલો પર ઇસ્લામિક કટ્ટરવાદી કેદીઓનો કબજો

। (એજન્સી) બ્રિટન, તા.૨૦ ।

બ્રિટનની જેલો પર ઈસ્લામિસ્ટ ગેંગનો કબજો થઈ રહ્યો છે, જેને પગલે આવી ગેંગને કાબુ કરવા માટે જેલના સુરક્ષાગાર્ડો દ્વારા તેમના પર વધુ બળ પ્રયોગ કરવો પડી રહ્યો છે. આ ઈસ્લામિસ્ટ ગેંગો અન્ય કેદીઓ પર ધર્માંતરણ માટે દબાણ કરી રહી છે. જો આ કેદીઓ ના માને તો તેમની સાથે ઈસ્લામિસ્ટ ગેંગો હુમલા કરીને પરેશાન કરે છે. સાથે જ જેલ બહાર છૂટે તો હુમલાની ધમકીઓ પણ આપી રહી છે. આ દાવો બ્રિટનના મીડિયાના રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. આ ઈસ્લામિસ્ટ ગેંગ એટલી ખુંખાર બની ગઈ છે કે કેટલીક જેલોમાં સુરક્ષાકર્મીઓ પર જીવલેણ હુમલા કરી રહી છે. ધ ગાર્ડીયનના રિપોર્ટ મુજબ માન્ચેસ્ટર એરેનાની જેલમાં કેદ હાશેમ આબેદીએ જેલના ત્રણ અધિકારીઓ પર ગરમ તેલ રેડી દીધુ હતું.

## મલ્લિકાર્જુન ખડગેએ નીતિશ કુમાર સત્તા માટે વારંવાર પલટી મારતાં હોવાનો આક્ષેપ કર્યો

। (એજન્સી) બિહાર, તા.૨૦ ।

બિહારમાં આ વર્ષના અંત સુધીમાં વિધાનસભા ચૂંટણીના કારણે રાજકારણ ગરમાયું છે. રવિવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ બિહારના બક્સરના દલસાગર સ્ટેડિયમમાં આયોજિત 'જય બાપુ, જય ભીમ, જય સંવિધાન રેલી'ને સંબોધિત કરતાં નીતિશ કુમાર અને ભાજપના ગઠબંધનની ટીકા કરી હતી. ખડગેએ નીતિશ કુમાર સત્તા માટે વારંવાર પલટી મારતાં હોવાનો આક્ષેપ કર્યો હતો. ખડગેએ કહ્યું કે, 'બિહારમાં મુખ્યમંત્રી નીતિશ કુમાર અને ભાજપનુ ગઠબંધન નકામું છે. આ બંને ગઠબંધન માત્ર સત્તા માટે એક-બીજાની સાથે છે. નીતિશ કુમાર ખુરશી માટે વારંવાર ગઠબંધન બદલી નાખે છે. નીતિશ કુમારે હાલ એ લોકો સાથે ગઠબંધન કર્યું છે, જેમણે મહાત્મા ગાંધીની હત્યા કરી હતી. બિહારના લોકોએ મુખ્યમંત્રી નીતિશને સવાલ કરવો જોઈએ કે, વડાપ્રધાન મોદીએ ૨૦૧૫માં રાજ્યને રૂ. ૧.૨૫ લાખ કરોડનું પેકેજ આપવાનું વચન આપ્યું હતું. તેનું શું થયું. વડાપ્રધાન જૂઠાણાની ફેક્ટરી ચલાવી રહ્યા છે. બિહારમાં એનડીએ સરકારનો પર્દાફાશ કરવો પડશે. આ વખતે વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધનને મત આપવા અપીલ છે.' નેશનલ હેરાલ્ડ કેસ પર ઈડીની સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પર કાર્યવાહી મુદ્દે ખડગેએ જણાવ્યું કે, ઈડી દ્વારા ભાજપ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પર ચાર્જશીટ દાખલ કરી બદલાનું રાજકારણ રમી રહ્યું છે. પરંતુ અમે ભયભીત થઈશું નહીં. ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીએ દેશ માટે જીવ આપી દીધો હતો.

## હમાસે માગણીઓ ફગાવતા ઈઝરાયલ રઘવાયો થયું, આડેધડ બોમ્બમારામાં ૯૨ના મોત થયા

। (એજન્સી) હમાસ, તા.૨૦ ।

ગાઝા યુદ્ધવિરામ પર ફરી એકવાર લાંબા અને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યો છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હમાસના આતંકી પર યુદ્ધવિરામ વાટાઘાટો તોડવાનો આરોપ મૂક્યો હતો અને ગાઝાને પરિણામો ભોગવવાની ધમકી આપી હતી. નેતન્યાહૂના આદેશ પર ઈઝરાયલી સેના ગાઝામાં વિનાશ મચાવી રહી છે. નેતન્યાહૂએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, જ્યાં સુધી હમાસ અમારી માંગણીઓ સ્વીકારે નહીં ત્યાં સુધી ગાઝા પર હુમલો ચાલુ રહેશે. ગાઝા પરના હુમલાઓ એટલી હદે વધી ગયા છે કે ગુડ ફ્રાઈડે પછી છેલ્લા બે દિવસમાં ઈઝરાયલી હુમલાઓમાં ઓછામાં ઓછા ૯૨ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. જ્યારે ૨૧૯થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃત્યુ પામેલાઓમાં મોટાભાગની મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. અહેવાલો અનુસાર, ખાન યુનિસમાં થયેલા હવાઈ હુમલામાં ૧૫ બાળકો માર્યા ગયા. બધા બાળકો તંબુમાં સૂતા હતા. આ દરમિયાન રફાહમાં થયેલા એક અલગ હુમલામાં, એક માતા, તેની પુત્રી અને બે અન્ય લોકો માર્યા ગયા. મૃતદેહોને યુરોપિયન હોસ્પિટલમાં લાવવામાં આવ્યા. બીજી તરફ હમાસે ઈઝરાયલના અસ્થાયી યુદ્ધવિરામના પ્રસ્તાવને નકારી કાઢ્યો છે. હમાસ કહે છે કે તે કાયમી યુદ્ધવિરામ અને કેદીઓની મુક્તિના બદલામાં એક વ્યાપક સમાધાન ઈચ્છે છે, ફક્ત અસ્થાયી રાહત નહીં. ઈઝરાયલી હુમલાઓ છતાં હમાસ પોતાની જીદ છોડવા તૈયાર નથી.

## ખાનગી કચરો ઉપાડવાની કંપનીના વાહનોના જથ્થામાં આગ લાગતાં ભારે દોડધામ

। (એજન્સી) જામનગર,તા.૨૦ ।

જામનગરમાં નજીક હાપા માર્કેટિંગ યાર્ડ રોડ પર પાવર લાઈન નામની ખાનગી કંપની કે જેનું બેસ સ્ટેશન આવેલું છે, અને શહેરમાંથી ગાર્બેઝ કલેક્શન કરીને તેના વાહનો આ સ્થળે રાખવામાં આવે છે. જ્યાં રવિવારે સવારે દસેક વાગ્યાના અરસામાં અકસ્માતે આગ લાગી હતી, અને કચરા ના હેરાફેરીમાં ઉપયોગમાં લેવાતા છોટા હાથી સહિતના વાહનોમાં આગ લાગી ગઈ હતી. કુલ ૨૦ વાહનો રખાયેલા હતા, જે પૈકી ૮ વાહનોમાં આગ પ્રસરી ચૂકી હતી. જે બનાવ અંગે જાણ કરાતાં ફાયર ઓફિસર ઉમેશ ગામેતીની રાહબળી હેઠળની ફાયર ટુકડી તાબડતો ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને એક કલાકની જહેમત લઈ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. સમયસર આગ કાબુમાં આવી ગઈ હોવાના કારણે અન્ય એક ડઝનથી વધુ વાહનો બચી ગયા હતા. કોઈ પણ પ્રકારનો કચરો વગેરે સળગવાના કારણે આગ લાગી હોવાનું અનુમાન કરાયું છે.

## ગોલ્ડન ચોકડી પાસેથી યુવકનો મોબાઇલ ઝૂંટવી લઇને બાઇક સવાર ફરાર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ગોલ્ડન ચોકડી પાસે મોબાઈલ પર વાત કરતા યુવકનો મોબાઈલ છીનવીને ભાગી ગયેલા આરોપીઓની હરણી પોલીસે શોધખોળ હાથ ધરી છે. આજવા રોડ અમરદિપ ટાઉનશિપ માં રહેતો આયુષ વિનયભાઈ જયસ્વાલ રેપીડો રાઈડમાં નોકરી કરે છે. હરણી પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૧૮ મી તારીખે હું ગોલ્ડન ચોકડી પાસે મારી રાઈડ પૂરી કરીને ઉભો રહી મોબાઈલ ફોન પર વાત કરતો હતો. તે દરમિયાન બાઈક પર ત્રણ સવારી આરોપીઓ આવ્યા હતા. તેઓ મારી પાસેથી મોબાઈલ ફોન છીનવીને એ.પી.એમ.સી. માર્કેટ તરફ ભાગ્યા હતા. મેં પણ તેઓનો પીછો કર્યો હતો. બાપોદ વુડાના મકાનની ગલીમાં તેઓએ બાઈક ઉભું કરી દીધું હતું. આરોપીઓએ મને કહ્યું કે, તારી પાસે જેટલા પૈસા હોય એટલા આપી દે. તો તને મોબાઈલ પરત કરી દઈએ.

## સુરતમાં એક અઠવાડિયું બપોરે ૧ થી 3:30 સુધી ટ્રાફિક સિગ્નલ બંધ રહેશે

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

ગુજરાત સહિત દેશભરમાં ગરમી કહેર વર્તાવી રહી છે. ત્યારે સુરત શહેરમાં ગરમીના પ્રકોપથી બચવા માટે વાહન ચાલકોને રાહત આપવામાં આવી છે. ગરમીની આગાહીને ધ્યાને રાખીને આવતા એક અઠવાડિયા સુધી બપોરે ૧ થી ૩:૩૦ વાગ્યા સુધી ટ્રાફિક સિગ્નલ બંધ રાખવામાં આવશે. ટ્રાફિક ડીસીપી અમિતા વાનાણી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સુરત ટ્રાફિક શાખા દ્વારા હાલ હીટવેવન લઈને બપોરે વાહનચાલકોને રાહત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વાહનચાલકો આકરી લૂથી બચી શકે અને સ્વસ્થ રહે તે માટે આવતા એક અઠવાડિયા માટે બપોરે ૧ થી ૩:૩૦ વાગ્યા સુધી ટ્રાફિક સિગ્નલ બંધ રાખવામાં આવશે. શહેરના કુલ ૨૧૩ જંક્શન બપોરના સમયે બંધ રાખવામાં આવશે. જેથી વાહનચાલકો સરળતાથી પોતાના ગંતવ્ય સ્થાને પ હોંચી શકે અને આકરી ગરમીમાં સ્વસ્થ રહી શકે.

### અમદાવાદમાં ઓલિમ્પિક માટે સરકારનું પહેલું પગલું

# મોટેરામાં આસારામ આશ્રમ સહિત ત્રણ આશ્રમોને ૧૪૦ એકર જમીન ખાલી કરવા કલેક્ટરની નોટિસ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાતના અમદાવાદમાં ૨૦૩૬ ઓલિમ્પિક ગેમ્સની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ત્યારે અમદાવાદની જે જમીન પર ઓલિમ્પિક રમાનાર છે, તેને ખાલી કરવા માટે કલેક્ટર દ્વારા જમીન સંપાદન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

આસારામ આશ્રમ સહિત ૩ સંસ્થાને કલેક્ટર દ્વારા જમીન ખાલી કરવા હુકમ કરાયો છે. મોટેરાના આશ્રમમાં શરત ભંગ થતા ૩૩.૯૮૦ ચો.મી જમીન પરત લેવાશે. અન્ય બે સંસ્થાની ૯૩ હજાર ચો. મી જમીન પરત લેવાશે. અમદાવાદના આશારામ આશ્રમ, સદાશિવ પ્રગ્ના મંડળ, ભારતીય સેવા સંઘને સરકારે ફાળેવલી જમીન શરત ભંગ કરેલ હોવાથી પરત લેવા હુકમ કરવામાં આવ્યો છે. આસારામ આશ્રમની જમીન ૩૩,૯૮૦ ચોરસ મીટર, ભારતીય સેવા સંઘની ૮૦,૯૪૦ ચોરસ મીટર અને સદાશિવ પ્રગ્ના મંડળની ૧૨,૨૦૭ ચોરસ મીટર જેટલી જમીનનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓને શરત ભંગની નોટિસ આપવામાં આવી હતી. યોગ્ય રજૂઆત અને ખુલાસા કરવાની તક આપ્યા બાદ ગત ૪ એપ્રિલના રોજ જમીનનો કબજો પરત સરકારને સોંપવા હુકમ કરવામાં આવેલ છે. અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદના જિલ્લા કલેક્ટર અને છેંઢછના ઝઈ મળીને જમીન સંપાદન કરવા માટે કામ કરી રહ્યા છે. છેંઢછ એટલે અમદાવાદ અર્બન એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી. આ સંસ્થા શહેરના વિકાસ માટે યોજનાઓ બનાવે છે. જોકે, આસારામ આશ્રમના કિસ્સામાં વળતરની શક્યતા નથી. અમદાવાદ જિલ્લા કલેક્ટરે આશ્રમ પર સરકારી જમીન પર ગેરકાયદેસર બાંધકામ કરવાનો અને ચેરિટેબલ ટ્રસ્ટ માટે ફાળવાયેલી જમીનનો ઉપયોગ ધંધાકીય હેતુઓ માટે કરીને નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે. આ કારણે, સમિતિએ આસારામ આશ્રમને કોઈ વળતર ન આપવાની ભલામણ કરી છે.

૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ, ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલે નિર્ણય કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અહીં રહેતા લોકોને સ્થળાંતર કરશે. અમદાવાદની કલેક્ટર કચેરીને જમીન સંપાદન કરવાની કામગીરી સોંપવામાં આવી છે. સરકાર ૨૦૩૬ની ઓલિમ્પિક ગેમ્સ માટે અમદાવાદને સારી રીતે તૈયાર કરવાનો પ્રયાસ કરી રહી છે. આથી જમીન સંપાદનની કામગીરી ઝડપી ગતિએ ચાલી રહી છે. લોકોને અન્ય સ્થળોએ ખસેડવાની અને આશ્રમોને સ્થળાંતર કરવાની પ્રક્રિયા પણ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. ગુજરાતે ઓલિમ્પિક ૨૦૩૬ માટે બીડ કર્યું છે. તેના માટે સરકાર અત્યારથી જ આયોજન કરી રહી છે.

## રાત્રિ બજારમાં માતા-પિતાની હાજરીમાં પુત્રીની છેડતીનો પ્રયાસ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

શહેરમાં નશેબાજો બેફામ બન્યા છે. નશામાં કાર ચલાવી લોકોના જીવ જોખમમાં મૂકવામાં આવે છે. ગઈકાલે રાતે બે નશેબાજોએ રાત્રિ બજારમાં માતા - પિતાના હાજરીમાં જ તેઓની પુત્રીની છેડતી કરી હતી. તેમજ પિતા કહેવા જતા નશેબાજોએ તેઓને માર માર્યો હતો. જે અંગે હરણી પોલીસે ગુનો દાખલ કર્યો છે.નવાપુરા વિસ્તારમાં રહેતા વેપારી પત્ની અને ત્રણ પુત્રીઓ સાથે ગઈકાલે મોડીરાતે રાત્રિ બજારમાં ગયા હતા. વેપારી કારમાંથી નીચે ઉતરી બજારમાં ગયા હતા. તેમના પત્ની અને ત્રણ પુત્રીઓ કારમાં બેઠા હતા. તે દરમિયાન રાત્રિ બજારમાં આવેલા બે નશેબાજો કારમાં બેસેલી વેપારીની પુત્રીઓને ખરાબ રીતે જોતા હતા. જેથી, વેપારી તેઓને કહેવા જતા નશેબાજ આરોપીઓએ ગાળો બોલી માર માર્યો હતો. તેમજ આરોપીએ કારનો દરવાજો ખોલી વેપારીની સગીર વયની ૧૨ વર્ષની દીકરીને હાથ પકડવાની કોશિશ કરી હતી.

### રેલ મેલ સર્વિસ ઘણા વર્ષોથી કાર્યરત હતી

# નડિયાદના રેલવે સ્ટેશન પર રેલ મેલ સર્વિસ બંધ કરાતા સ્થાનિકોમાં ભારે રોષ

### ભાજપના સાંસદ ચૂંટાયા બાદ પ્રથમ વખત આ સેવાને અટકાવી હતી અને આર એમ એસ કચેરીને આણંદ ખાતે ખસેડી દેવાઈ હતી

। (એજન્સી) ખેડા, તા.૨૦ ।

ખેડા જિલ્લાનું વડુ મથક નડિયાદ ખાતે રેલવે સ્ટેશન પર આવેલ રેલ મેલ સર્વિસ ફરીએકવાર બંધ કરી દેવામાં આવતા વિરોધ જોવા મળ્યો હતો,સમગ્ર ખેડા જિલ્લાના લોકો આ સેવાનો લાભ વર્ષોથી મેળવતા આવ્યા છે અને આ સુવિધા બંધ કરવામાં આવતા નાગરિકોમાં રોષ અને રાજકીય રીતે ટીકા પાત્ર નિર્ણય જોવા મળી રહ્યો છે. ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ ખાતે રેલવેમાં રેલ મેલ સર્વિસ ઘણા વર્ષોથી કાર્યરત હતી ખેડા જિલ્લામાં ભાજપના સાંસદ ચૂંટાયા બાદ પ્રથમ વખત આ સેવાને અટકાવી હતી અને આર એમ એસ કચેરીને આણંદ ખાતે ખસેડી દેવાઈ હતી,જોકે ખેડા જિલ્લાના નાગરિકોએ ભારે વિરોધ નોંધાવતા કેન્દ્રમાં સંચાર મંત્રી બનેલ દેવુંસિંહ ચૌહાણે આ સેવા શરૂ કરાવી હતી,આમ છતાં હવે નડિયાદમાં સ્ટેશનના આધુનિકરણ લઈને ફરી એક વખત નડિયાદ અને જિલ્લાની પ્રજાને અન્યાય કરવામાં આવ્યો છે,રાજકીય રીતે કોંગ્રેસ દ્વારા પણ આરએમએસ સર્વિસને છીનવી લેવાતા જિલ્લાની નબળી નેતાગીરી ઉપર સવાલ ઉભા કર્યા છે. ખેડા જિલ્લાના નડિયાદ રેલવે સ્ટેશન ઉપર હંમેશા આરએમએસ સર્વિસનો લાભ લેતા નાગરિકો અચાનક સર્વિસ બંધ કરવામાં આવતા કંટાળી રોષ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા જોકે નડિયાદ રેલવે સ્ટેશન ઉપર આરએમએસ સર્વિસની સાથે આ બિલ્ડીંગમાં ઉપરના માળે નડિયાદ પશ્ચિમ સબ પોસ્ટ ઓફિસ પણ આવેલી છે

આ પોસ્ટ ઓફિસ ને પણ અન્યત્ર ખસેડવામાં આવશે જેને લઈને પોસ્ટ ઓફિસની મુલાકાતે આવતા અસંખ્ય મુસાફરો યોગ્ય સુવિધા આપવા માટે માંગ કરી રહ્યા છે. ખેડા જિલ્લા ના વડા મથક નડીયાદને મહાનગર પાલિકાનો દરજ્જો મળ્યો પરંતુ RMS જેવી મહત્વની સુવિધા છીનવાતા લોકોમાં રોષ જોવા મળ્યો.સ્થાનિક નેતાઓ દ્વારા સુવિધા પુનઃ સ્થાપિત કરાવવા માં આવે તેવી વ્યાપક માંગ જોવા મળી છે.

## સુરતમાં બોગસ પત્રકાર ઝડપાયોઃ વેપારીને બાંધકામ ડિમોલિશનની ધમકી આપી

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

સુરતઃ ડાયમંડ સિટી સુરતમાં છેલ્લા કેટલાક સમયથી RTI (રાઈટ ટુ ઈન્ફોર્મેશન) અને પત્રકારત્વના નામે ખંડણી વસૂલનાર ટોળકી સામે સુરત પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહીના પરિણામે ખંડણીનો ભોગ બનેલા લોકો હવે હિંમત બતાવીને આગળ આવી રહ્યા છે અને પોલીસ ફરિયાદ નોંધાવી રહ્યા છે. આવો જ એક ચોંકાવનારો કેસ ઉધના વિસ્તારમાં સામે આવ્યો છે, જ્યાં એક વેપારી પાસેથી ૨૨ લાખ રૂપિયાથી વધુની ખંડણી વસૂલી અને વધુ ૩ લાખની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપનાર કથિત પત્રકારની ઉધના પોલીસે ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં આરોપીએ અન્ય ૨૫ કથિત પત્રકારોનો હવાલો આપ્યો છે, જેની સામે વધુ તપાસ ચાલુ છે. ઉધના પોલીસના જણાવ્યા અનુસાર, લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં અલ્પેશભાઈ ઘેલાણીના વેપારીએ વર્ષ ૨૦૨૪ના જાન્યુઆરી માસમાં ઔદ્યોગિક બાંધકામ શરૂ કર્યું હતું. આરોપી પ્રકાશ રાઠોડ પોતાની ઓળખ 'પવિત્ર દર્પણ' સાપ્તાહિક અખબારના માલિક અને રિપોર્ટર તરીકે આપી 'તારુ બાંધકામ ગેરકાયદેસર છે અને હું તેને ડિમોલિશન કરાવી નાખીશ' એવી ધમકીઓ વેપારી અલ્પેશ ઘેલાણીને આપી ખંડણીની માંગતો હતો. આટલું જ નહીં આરોપી પ્રકાશ રાઠોડે આ બાંધકામ અંગે સુરત મહાનગરપાલિકામાં ઓનલાઈન સ્વાગત કાર્યક્રમ દ્વારા ગેરકાયદે બાંધકામની ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ પ્રકાશ રાઠોડે ફરિયાદીને કહ્યું હતું, "તમારા બાંધકામની એક ઈંટ પણ હું હલવા નહીં દઉં, પરંતુ તેના માટે તમારે ૩૦ લાખ રૂપિયા આપવા પડશે." જોકે રકઝક બાદ અંતે ૨૫ લાખ રૂપિયામાં ડીલ થઈ નક્કી હતી. આ રકમ અલગ-અલગ હપ્તામાં આપવાનું નક્કી થયું, જેના માટે ફરિયાદી અને આરોપીએ બે અલગ-અલગ ડાયરીઓ બનાવી. એક ડાયરી ફરિયાદી પાસે અને બીજી આરોપી પાસે રાખવામાં આવી. આરોપી પ્રકાશ રાઠોડે ટુકડે-ટુકડે કરીને વેપારી અલ્પેશ ઘેલાણી પાસેથી ૨૨ લાખ રૂપિયાથી વધુની રકમ વસૂલી લીધી હતી. જોકે આટલી બધી રકમ આપ્યા છતાં ડિસેમ્બર ૨૦૨૪માં સુરત મહાનગરપાલિકાએ ફરિયાદી અલ્પેશ ઘેલાણીના બાંધકામનું ડિમોલિશન કરી દીધું હતું. જેથી અલ્પેશ ઘેલાણીએ આરોપીને આપેલી રકમ પરત કરવા જણાવ્યું હતું. પરંતુ આરોપી પ્રકાશ રાઠોડે રૂપિયા પરત આપવાને બદલે બાકી રહેલા ૩ લાખ રૂપિયાની માંગણી કરતો અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતો હતો. જે મામલે આખરે વેપારી અલ્પેશ ઘેલાણીએ ઉધના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### વિકાસ વર્ષ-૨૦૨૫માં વધુ એક મહત્વ પૂર્ણ અભિગમ

# મહાનગરપાલિકા અને નગરપાલિકાના વિકાસ માટે સરકારનો મોટો નિર્ણય, મંજૂર કર્યા કરોડો રૂપિયા

। અમદાવાદ, તા.૨૦ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ગુજરાતજ૨૦૪૭ના વિઝનથી વિકસિત ભારતજ૨૦૪૭ માટે રાજ્યને અગ્રેસર રાખવાની નેમ સાથે શહેરો અને શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ માટે ૧૨૦૨.૭૫ કરોડ રૂપિયાના વિકાસ કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.રાજ્ય સરકારે ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવા સાથે શહેરોમાં સસ્ટેનેબલ અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જનસુખાકારી સુવિધાઓથી નાગરિકોના 'અર્નિંગ વેલ-લિવિંગ વેલ'ને સાકાર કરવાનો વ્યૂહ અપનાવ્યો છે. નવરચિત મહાનગર પાલિકાઓમાં જાહેર પરિવહન બસ સેવા સંચાલન માટે મુખ્યમંત્રી શહેરી બસ પ રિવહન યોજનામાંથી ૩૯ કરોડ રૂપિયા અપાશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં રાજ્યમાં નવી નવ મહાનગરપાલિકાઓની રચના કરી છે. એટલું જ નહિં, આ નવરચિત મહાનગરપાલિકાઓ સહિત રાજ્યના નગરો-શહેરોમાં લોકહિતના કામોને પણ વેગવંતા બનાવ્યા છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આવા કામો માટે નાણાં ફાળવણીના ઉદાત્ત અભિગમને આગળ ધપાવતાં મુખ્યમંત્રીશ્રીએ આ રૂ. ૧૨૦૨.૭૫ કરોડના વિકાસ કામોની સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર રાજ્યની નવરચિત ૮ મહાનગરપાલિકાઓમાં રોડ રસ્તા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ, સેનિટેશન જેવા ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના કામો ઉપરાંત આંગણવાડી, શાળાના મકાનો, લાઈબ્રેરી, અર્બન હેલ્થ સેન્ટર વગેરે સામાજિક આંતરમાળખાકીય સુવિધાના કામો માટે નાણાં ફાળવ્યા છે.

### અમદાવાદનો ચોંકાવનારો મામલો

## ઈજાગ્રસ્ત કારીગરને મૃત સમજી કપચીના ઢગલામાં દાટી દેતાં મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ જિલ્લાના વિસલપુર ગામની સીમમાં આવેલી દિગ્વિજય કન્સ્ટ્રક્શન કંપનીમાં કપચીના ઢગલામાંથી એક કર્મચારીનો મૃતદેહ મળી આવ્યો હતો. જે અંગે અસલાલી પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, મૃતક લોડર મશીનમાં આવી જતા ઈજાગ્રસ્ત થઈને બેભાન થઈ ગયો હતો. જેથી તેનુ મોત થયાનું સમજીને ડ્રાઈવરે કપચીમાં દાટી દીધો હતો. આ અગે અસલાલી પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. મળતી માહિતી અનુસાર, ત્રીજી એપ્રિલના રોજ બપોરના સમયે અમદાવાદ જિલ્લાના વિસલપુરમાં આવેલા દિગ્વિજય કન્ટ્રક્શન કંપનીમાં કપચીના ઢગલામાંથી રામચંદ્ર રોતનો મૃતદેહ મળી આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખુલાસો થયો હતો કે તેને ઈજાઓ હતી. જેના આધારે અસલાલી પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે બીજી એપ્રિલના રોજ વહેલી સવારે ડ્રાઈવર વિનોદ કોયરી લોડર મશીન ચલાવતો હતો.

**વિશેષ** "વિકસિત ગુજરાત, વિકસિત ભારત"ના નિર્માણમાં ગુજરાતની મહિલા ઉદ્યોગકારોની ભૂમિકા નિર્ણાયક : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને FICCI FLOની મહિલા સદસ્યો વચ્ચે ગાંધીનગર ખાતે યોજાયો દ્વિપક્ષીય સંવાદ











। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી – લેડીસ ઓર્ગેનાઈઝેશન (FICCI–FLO)ની મહિલા સદસ્યો સાથે સંવાદ કર્યો હતો. આ સંવાદ દરમિયાન FICCI FLOના અધ્યક્ષ શ્રી શિવાની પટેલ ઉપરાંત FICCI FLOની મહિલા સદસ્યાઓએ આ પ્રસંગે ઉપસ્થિત રહીને મુખ્યમંત્રીશ્રી સાથે વાર્તાલાપ કર્યો હતો.

આ સંવાદ દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, "વિકસિત ગુજરાત, વિકસિત ભારત"ના નિર્માણમાં ગુજરાતની મહિલા ઉદ્યોગકારો નિર્ણાયક ભૂમિકા ભજવી રહી છે. ગુજરાતના કોઈપણ સ્થળે મહિલા નીડરતાથી સુરક્ષિત રીતે વેપાર-ઉધ્યો કરી શકે તે પ્રકારની અનેક સુવિધાઓ રાજ્ય સરકારે ઉપલબ્ધ કરાવી છે. રાજ્ય સરકારની મહિલા ઉત્થાનની યોજનાઓ અને નીતિઓને પરિણામે આજે ગુજરાતની અનેક મહિલાઓ ઉદ્યોગ સાહસિક બની રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારથી જ તેમણે સર્વગ્રાહી અને સર્વસમાવેશક વિકાસ પર ભાર મૂકીને દરેક ક્ષેત્રે અનેકવિધ નવતર પહેલ કરી છે. તેમણે ઉદાહરણ આપતા ઉમેર્યું હતું કે, જળ સંચય માટે વડાપ્રધાનશ્રીએ "કેચ ધ રેઈન" અભિયાન, સ્વચ્છતાને પ્રાધાન્ય આપવા "સ્વચ્છ ભારત મિશન" તેમજ ગ્લોબલ વોર્મિંગથી બચવા માટે ગ્રીન કવરેજ વધારવા "એક પેડ માં કે નામ" જેવા અનેક અભિયાન તેમણે શરુ કર્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સેમીકંડક્ટર ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવીએ દેશને વિશ્વનું સેમીકોન હબ બનાવવા વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી ગુજરાતમાં સેમીકંડક્ટર ઉદ્યોગોએ રોકાણ કર્યું છે. પરિણામે હવે દેશની સૌપ્રથમ સેમીકંડક્ટર ચીપનું નિર્માણ પણ ગુજરાતમાં જ થશે. આટલું જ નહિ, વર્ષ ૨૦૦૩માં "વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ" જેવા ફ્લેગશીપ કાર્યક્રમનું તેમણે વિચારબીજ વાવ્યું. જેના પરિણામે આજે ગુજરાતમાં વિશ્વના ટોચના ઉદ્યોગોએ ગુજરાતમાં રોકાણ કર્યું છે.

આ ઉપરાંત અન્ય દેશો પર ભારતની નિર્ભરતા ઘટાડવા માટે તેમણે આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયા જેવી આગવી પહેલ કરી છે. જેના પરિણામ સ્વરૂપે આજે સોઈથી લઈને વિમાન સુધીની અનેકવિધ પ્રોડક્ટ્સનું મેન્યુફેક્ચરિંગ દેશમાં જ થઈ રહ્યું છે. રાજ્યમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકાર વધુ સરળીકરણ માટેના પ્રયત્નો કરી રહી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયાના માધ્યમથી બનતા ગુનાઓ પર નિયંત્રણ લાવવા માટે ગુજરાત સરકારે વિવિધ પ્રયાસો કર્યા છે. આ ઉપરાંત રાજ્ય સરકારે નાગરિકોના ચારિત્ર ઘડતરમાં મદદરૂપ થાય તે પ્રકારે "સાંસ્કૃતિક યોદ્ધા"ની પણ એક આગવી પહેલ શરૂ કરી છે.મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, દીકરીઓને યોગ્ય ભણતર આપવા માટે પણ અમારી સરકારે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. આ યોજનાઓના માધ્યમથી રાજ્યની દીકરીઓ તેમના જીવનમાં અનેક નવા આયામો સર કરવા સક્ષમ બની છે.

પહેલાના સમયમાં ગુજરાતના આદિવાસી પટ્ટાની દીકરીઓમાં શિક્ષણનો અભાવ હતો, પરંતુ વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી આજે આદિવાસી વિસ્તારની દીકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, આદિવાસી દીકરીઓ વિજ્ઞાન પ્રવાહમાં ભણી રહી હોવાથી, રાજ્ય સરકારે તેમના વિસ્તારમાં મેડિકલ કોલેજો શરૂ કરીને તેમની વધુ સારી કારકિર્દી બનાવવા માટેના પ્રયાસો કર્યા છે, તેમ તેમણે કહ્યું હતું.

મહિલા સ્વાવલંબનના હેતુને વધુ વેગવાન બનાવવા માટે તમારા જેવી મહિલા ઉદ્યોગ સાહસિકોનું યોગદાન મહત્વપૂર્ણ છે, તેમ જણાવી FICCI FLOની મહિલા સદસ્યોને ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારની મહિલાઓને મદદરૂપ થઈ તેમને સ્વાવલંબી બનાવવા માટેના પ્રયાસો કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




નવી દિલ્હીમાં વિશ્વ યકૃત દિવસ નિમિત્તે ઇન્સ્ટિટ્યૂટ ઓફ લિવર એન્ડ બિલીયરી સાયન્સિસ (ILBS) દ્વારા આયોજિત "હેલ્ધી લિવર-હેલ્ધી ઇન્ડિયા" કાર્યક્રમનું ઉદ્ઘાટન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા કરવામાં આવ્યું.

## ન્યૂઝ બ્રિફ

### કર્મચારીઓના પગારમાં હવે થશે મોટો બદલાવ



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**
સામાન્ય રીતે દરેક પગારપંચને અમલમાં આવતાં બેથી અઢી વર્ષનો સમય લાગે છે, પરંતુ આ વખતે મોદી સરકાર માત્ર ૨૦૦ દિવસમાં તેનો અમલ કરવાની દિશામાં ઝડપ થી આગળ વધી રહી છે. જાન્યુઆરી ૨૦૨૫માં ૮મા પગાર પંચની જાહેરાત બાદ હવે કેન્દ્ર સરકારે તેની રચના અને કામગીરી માટે ૩૫ પોસ્ટની વિગતો જાહેર કરી છે. આ જગ્યાઓ ડેપ્યુટેશન દ્વારા ભરવામાં આવશે. જો કે સરકારે કમિશનના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂકની જાહેરાત કરી નથી, પરંતુ નાણા મંત્રાલયના ખર્ચ વિભાગે સ્ટાફની વિગતો જાહેર કરી છે. આ કર્મચારીઓ માટે પાંચ વર્ષનો APAR રિપોર્ટ અને વિજિલન્સ ક્લિયરન્સ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આઝાદી પછી આ પહેલો પ્રસંગ હશે જ્યારે કેન્દ્ર સરકાર ૮મા પગાર પંચની રચના કરશે અને તેની ભલામણોને લાગુ કરવાનું કામ એક વર્ષથી ઓછા સમયમાં એટલે કે ૨૦૦ દિવસમાં પૂર્ણ કરશે. આ પહેલા દરેક પગાર પંચને લાગુ કરવામાં ૨ થી ૩ વર્ષનો સમય લાગતો હતો. સરકારે પહેલેથી જ જાહેરાત કરી દીધી છે કે આઠમા પગાર પંચની ભલામણો ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી લાગુ કરવામાં આવશે. તેનો અર્થ એ છે કે આયોગે ૬-૭ મહિનામાં તેનો રિપોર્ટ તૈયાર કરવાનો રહેશે અને સરકારે તેની સમીક્ષા કર્યા પછી તેને લાગુ કરવાનો રહેશે.

### જિમમાં વર્કઆઉટ કરતી વખતે અચાનક જ ઢળી પડ્યો યુવક

**। (એજન્સી) જબલપુર, તા.૨૦ ।**
છેલ્લા કેટલાક વર્ષોથી હાર્ટ એટેકના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. કોઈને ભાષણ આપતા-આપતા એટેક આવી રહ્યો છે તો કોઈને રમતા-રમતા હાર્ટએટેક આવી રહ્યો છે. ત્યારે હવે આવો જ એક મામલો મધ્યપ્રદેશના જબલપુરથી સામે આવ્યો છે. જ્યાં એક યુવકને જીમમાં વર્કઆઉટ કરતી વખતે હાર્ટ એટેક આવી ગયો. જેના કારણે યુવક બેભાન થઈ ગયો અને નીચે ઢળી ગયો અને તેનું મૃત્યુ થઈ ગયું. આ સમગ્ર ઘટના જીમમાં લગાવેલા CCTVમાં કેદ થઈ ગઈ હતી. આ ઘટના જબલપુરના ગોરખપુર વિસ્તારમાં આવેલા ગોલ્ડ જીમની હોવાની માહિતી મળી રહી છે. મૃત્યુ પામેલા યુવકની ઓળખ ૫૨ વર્ષીય યતીશ સિંઘઈ તરીકે થઈ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે દરરોજની જેમ યતીશ સવારે લગભગ ૬:૪૫ વાગ્યે જીમમાં વર્કઆઉટ કરી રહ્યો હતો. આ દરમિયાન જ તેને હાર્ટએટેક આવ્યો. જેના કારણે તે જમીન પર ઢળી પડ્યો. જોકે આ દરમિયાન જીમ ટ્રેનર અને તેના મિત્રોએ તેને CPR આપ્યો અને અન્ય રીતે તેનો જીવ બચાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા. ત્યારબાદ જીમ ટ્રેનર અને અન્ય લોકો તેને હોસ્પિટલ પણ લઈ ગયા. પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. વીડિયોમાં જોઈ શકાય છે કે યતીશ સફેદ ટી-શર્ટ પહેરીને જીમમાં વર્કઆઉટ કરી રહ્યો છે.

### ભાજપના નવા પ્રમુખની જાહેરાત ગમે ત્યારે થઈ શકે

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની રેસમાં મોદી સરકારના 3 મંત્રીઓ સામેલ

### મનોહર લાલ ખટ્ટરનું નામ પણ પ્રમુખની રેસમાં સામેલ ધર્મેન્દ્ર પ્રધાન અને ભૂપેન્દ્ર યાદવના નામની પણ ચર્ચા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**
ભાજપના નવા પ્રમુખની જાહેરાત ગમે ત્યારે થઈ શકે છે. એવી ચર્ચા છે કે એપ્રિલના અંત સુધીમાં ભાજપ જે.પી નડ્ડાના વિકલ્પ તરીકે નવા પ્રમુખના નામની જાહેરાત કરી શકે છે. ભાજપના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલ ખટ્ટરનું નામ પણ પ્રમુખની રેસમાં સામેલ છે. આ સિવાય મોદી સરકારમાં મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને ભૂપેન્દ્ર યાદવના નામની પણ જોરશોરથી ચર્ચા થઈ રહી છે. કહેવામાં આવી રહ્યું છે




કે આ ત્રણ નેતાઓમાંથી કોઈપણ એકને અધ્યક્ષની જવાબદારી સોંપાઈ શકે છે. પાર્ટીના પ્રમુખ અંગે નિર્ણય લેતા પહેલા RSSની સલાહ પણ લેવામાં આવશે. જોકે એ પહેલા યુપી, બંગાળ અને આંધ્રપ્રદેશ જેવા મોટા રાજ્યના પ્રમુખ પદને લઈને નિર્ણય લેવામાં આવશે. ત્યારબાદ જ રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી થશે. પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે, ભાજપ ૨૫ એપ્રિલ સુધીમાં યુપી સહિત ઘણા રાજ્યોમાં પ્રમુખોની જાહેરાત કરી શકે છે. ત્યારબાદ રાષ્ટ્રીય અધ્યક્ષ માટે નામાંકન દાખલ કરવામાં આવશે અને એક નેતાનું નામ સર્વસંમતિથી નક્કી કરવામાં આવશે. પાર્ટીના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મનોહર લાલ ખટ્ટર પર સર્વસંમતિ સધાય તેવી પ્રબળ શક્યતા છે. તેનું કારણ એ છે કે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નજીકના છે અને તે વડાપ્રધાન મોદીની પહેલી પસંદ પણ છે.

### કેન્દ્રને અબજો રૂપિયા આપવા તૈયાર

# કેદારનાથ યાત્રા પર રોપ-વે પ્રોજેક્ટમાં ભાગીદારીનો ગૌતમ અદાણીનો પ્રસ્તાવ

### હવે કેદારનાથમાં ૮-૯ કલાકની મુશ્કેલ મુસાફરી માત્ર ૩૬ મિનિટમાં પૂર્ણ કરી શકાય શકાશે તે પણ રોપ-વે દ્વારા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**
કેદારનાથ યાત્રા પર જઈ રહેલા શ્રદ્ધાળુઓ માટે રાહતના સમાચાર છે. હવે, ૮-૯ કલાકની મુશ્કેલ મુસાફરી માત્ર ૩૬ મિનિટમાં પૂર્ણ કરી શકાય છે, તે પણ રોપ-વે દ્વારા. આ ૧૩ કિલોમીટર લાંબા રોપવે પ્રોજેક્ટ માટે, સરકારે PPP મોડ પર ૪,૦૮૧ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ પ્રોજેક્ટ છ વર્ષમાં પૂર્ણ થશે અને ૩૫ વર્ષ સુધી ખાનગી કંપની દ્વારા સંચાલિત કરવામાં આવશે. ગૌતમ અદાણી આ સરકારી પ્રોજેક્ટમાં સરકારની આવક પણ વધારશે. અદાણી એન્ટરપ્રાઈઝે આ પ્રોજેક્ટમાં ૪૨% રેવન્યુ શેરિંગનો પ્રસ્તાવ મૂક્યો છે. કુલ ચાર બિડર્સમાંથી, ત્રણે NHLML (નેશનલ હાઈવે લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ લિમિટેડ) સાથે આવક વહેંચવાની તૈયારી દર્શાવી છે. રોપવે પ્રોજેક્ટ ટ્રાઈ-કેબલ ડિટેચેબલ ગોંડોલા (૩જી) ટેક્નોલોજી પર આધારિત હશે, જેમાં એક સમયે ૩૬ મુસાફરો મુસાફરી કરી શકશે. દરરોજ ૧૮,૦૦૦ ભક્તો અને એક વર્ષમાં ૩૨ લાખ ભક્તો આ સુવિધાનો લાભ લઈ શકશે. કેદારનાથ રોપવે વડાપ્રધાન મોદીના ડ્રીમ પ્રોજેક્ટ્સમાંથી એક છે. આ વિશ્વનો સૌથી લાંબો રોપવે હશે જે સોનપ્રયાગથી કેદારનાથ ધામ સુધી બનાવવામાં આવશે. આ રોપ-વેના નિર્માણથી કેદારનાથની મુલાકાત લેતા લાખો શ્રદ્ધાળુઓને મોટી સુવિધા મળશે. પ્રથમ તબક્કામાં ગૌરીકુંડથી કેદારનાથ ધામ સુધી ૯.૭ કિલોમીટર લાંબો રોપ-વે બનાવવામાં આવશે.

આ યોજના માત્ર કેદારનાથ પુરતી મર્યાદિત નથી. ગોવિંદઘાટ-ઘાંગરિયા-હેમકુંડ સાહિબથી બીજા ૧૨.૪ કિમી લાંબા રોપવે પ્રોજેક્ટ માટે પણ બિડ મંગાવવામાં આવી છે, જેનો અંદાજિત ખર્ચ રૂ. ૨,૭૩૦ કરોડ છે.



નવી દિલ્હીમાં આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.

### ફિલ્ડ ઓફિસરો કયા ડોક્યુમેન્ટ માંગી શકશે તેની પણ યાદી જાહેર કરી

# વેપારીઓ હવે માત્ર સાત દિવસમાં GST રજિસ્ટ્રેશન મેળવી શકશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**
વેપારીઓ હવે સાત દિવસમાં જીએસટી રજિસ્ટ્રેશન કરાવી શકશે અને જોખમી બિઝનેસના કિસ્સામાં બિઝનેસ સંકુલના રૂબરુ વેરિફેકશનના ૩૦ દિવસમાં રજિસ્ટ્રેશનની અરજી પ્રોસેસ કરાશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC)એ આ નવી ડેડલાઈન નિર્ધારિત કરી છે. કેટલાંક ફિલ્ડ અધિકારીઓ કાલ્પનિક સવાલો કરીને બિનજરૂરી દસ્તાવેજો માગતાં હોવાનું અવલોકન કરીને CBICએ દસ્તાવેજોની એક યાદી બનાવી છે.




અધિકારીઓ હવે આ યાદીમાં સમાવેશ કરાયેલા ડોક્યુમેન્ટ્સ જ ઓનલાઈન માંગી શકશે. જીએસટી રજિસ્ટ્રેશન મંજૂર કરવાની નવી સૂચના જારી કરતાં બોર્ડે જણાવ્યું હતું કે રજિસ્ટ્રેશન અરજી પ્રોસેસ કરતી વખતે અધિકારીએ આ ડોક્યુમેન્ટની ઓરિજનલ ફિઝિકલ કોપી માગીને પ્રશ્નો કરવા જોઈએ નહીં.

### બસની રાહ જોતી વખતે થયું હતું ફાયરિંગ

# કેનેડામાં ભારતીય વિદ્યાર્થીનીની ગોળી મારીને હત્યા કરી દેવાઈ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**
કેનેડામાં એક ૨૧ વર્ષીય ભારતીય વિદ્યાર્થીનીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જ્યારે તે કામ પર જવા માટે બસ સ્ટોપ પર રાહ જોઈ રહી હતી ત્યારે એક કારની અંદરથી અંધાધૂંધ ગોળીબાર થયો અને એક ગોળી છોકરીને વાગી હતી. જેના કારણે તેણે જીવ ગુમાવ્યો હતો. મૃતક યુવતીની ઓળખ હરસિમરત રંધાવા તરીકે થઈ છે. તે હેમિલ્ટન, ઓન્ટારિયોમાં મોહૌક કોલેજમાં વિદ્યાર્થીની હતી. હેમિલ્ટન પોલીસ બુધવારે થયેલી હત્યાની તપાસ કરી રહી છે. પોલીસનું કહેવું છે કે



મૃતક વિદ્યાર્થીની રંધાવા નિર્દોષ હતી. આ બાબતે વધુ માહિતી આપતાં, ટોરોન્ટોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'ઓન્ટારિયોના હેમિલ્ટનમાં ભારતીય વિદ્યાર્થીની હરસિમરત રંધાવાના દુ:ખદ અવસાનથી અમે બધા ખૂબ જ દુ:ખી છીએ.'

# અલીગઢના સાસુ-જમાઈની લવ સ્ટોરી હાલમાં ખૂબ જ ચર્ચામાં

**। (એજન્સી) અલીગઢ, તા.૨૦ ।**
કહેવાય છે કે પ્રેમ છાપરે ચઢીને બોલે છે. ઉત્તર પ્રદેશના અલીગઢની સપના અને રાહુલએ આ વાત સાચી સાબિત કરી દીધી છે. તેમણે દુનિયાને બતાવી દીધું છે કે, પ્યારમાં ઉંમરની કોઈ મર્યાદા નથી હોતી. ઈશ્ક એક વાર આંખોથી થાય છે અને પછી દિલમાં ઉતરી જાય છે પછી તેની આગળ દુનિયાના તમામ નશા બેકાર લાગે છે. સપના અને રાહુલ એ જ સાસુ-જમાઈ છે. જે ઘરેથી ભાગી ગયા હતા. દીકરીના લગ્ન જે છોકરા સાથે થવાના હતા તે હવે મા સપનાની દિલની ધડકન બની ચૂકી છે.



સપના હવે રાહુલ સાથે રહેવા લાગી છે. તેના પર પોતાના બાળકોના આંસુની કોઈ અસર નથી થઈ. બાળકો રડતા રહ્યા અને માને ઘરે પાછી લાવવા માટે તડપતા રહ્યા. પણ મા તો પ્રેમમાં એટલી પાગલ થઈ ગઈ હતી કે તેને આ બધી વાતોથી કોઈ ફરક ન પડ્યો. તેણે એક જ ઝાટકે બાળકો અને પતિ સાથેનો સંબંધ તોડી નાખ્યો. તેણે સ્પષ્ટ કહી દીધું કે, હવે તે રાહુલ સાથે જ રહેશે. ત્રણેય બાળકો સાથે તેમને કોઈ લેવાદેવા નથી. ઉત્તર પ્રદેશનું અલીગઢ હાલમાં સાસુ-જમાઈના એક સાથે ભાગવાના કારણે ખૂબ ચર્ચામાં છે. જે છોકરા સાથે દીકરીના લગ્ન નક્કી થયા હતા. તેની સાથે મા ખુદ ભાગી ગઈ. દીકરી જોતી રહી. અલીગઢ જિલ્લાના મડરાક વિસ્તારનો આ કિસ્સો આખા દેશમાં ચર્ચામાં છે. આ ઘટનાએ સામાજિક તાણાવાણાને તોડી નાખ્યા છે. સાસુ સપના અને જમાઈ રાહુલ હવે એકબીજા માટે જીવવા અને મરવાની કસમ ખાઈ ચૂક્યા છે. પતિ અને બાળકોને સમજાવવા અને બે દિવસ સુધી કરાવવામાં આવેલા કાઉન્સેલિંગ બધું જ બેકાર ગયું. સપનાનું કહેવું છે કે, હવે તે રાહુલની થઈ ગઈ છે. ઘરે પાછી જશે નહીં. બંને હવે કોર્ટમાં મેરેજ કરશે. બીજી તરફ સપનાની દીકરી ટેન્શનમાં છે. માની હરકતથી ગુસ્સે થયેલી દીકરીએ પોલીસ સ્ટેશનમાં આવી માને કેટલુંય સંભળાવી ગઈ. ત્યાં સુધી પતિ જિતેન્દ્ર પણ ઘર તૂટવાના ડરના કારણે સપનાને પોતાની સાથે લેવા માટે આવી ગયો.

### દૂધ લેવા ગયો અને મળ્યા ચાકુના ઘા!

# લેડી ડોન ઝિકરાએ ૧૭ વર્ષના યુવકનો જીવ લીધો



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**
ગુરુવારે રાત્રે દિલ્હીના સીલમપુર વિસ્તારમાં ૧૭ વર્ષીય કુણાલની હત્યાની આરોપી લેડી ડોન ઝિકરાની પોલીસે ધરપકડ કરી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે, કુણાલની હત્યા બદલો લેવા માટે કરવામાં આવી હતી. પોલીસ આ કેસમાં સત્તાવાર રીતે કંઈ કહેવાનું ટાળી રહી છે, પરંતુ પોલીસ સૂત્રો કહે છે કે, અત્યાર સુધીની ટેકનિકલ તપાસમાં જાણવા મળ્યું છે કે, દૂધ લેવા જઈ રહેલા કુણાલને સાહિલ અને તેની બહેન ઝિકરાએ તેમના અન્ય મિત્રો સાથે મળીને રોક્યો હતો. ત્યારબાદ, તે લોકોએ તેના પર છરીઓથી હુમલો કર્યો હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે, સાહિલ અને તેની બહેન ઝિકરા ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. ગયા વર્ષે, સાહિલનો કુણાલના પાડોશમાં રહેતા લાલાના ભાઈ સૌરભ સાથે ઝઘડો થયો હતો. સાહિલે સૌરભ પર સળિયાથી હુમલો કર્યો હતો. થોડા દિવસો પછી, તેના ભાઈ પર થયેલા હુમલાનો બદલો લેવા માટે, લાલાએ સાહિલ પર છરી વડે હુમલો કર્યો, જેમાં તે ઘાયલ થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે, આ હુમલા દરમિયાન કુણાલ લાલા સાથે હાજર હતો. ઘટના બાદ લાલો ફરાર થઈ ગયો છે. સાહિલ સતત કુણાલને લાલા વિશે પૂછતો હતો. એવી શંકા છે કે, લાલા વિશે કોઈ માહિતી ન આપવા બદલ આરોપીએ તેની છરીના ઘા મારીને હત્યા કરી દીધી હતી. કુણાલની હત્યા બાદ વિસ્તારમાં તણાવનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોએ પરિવાર સાથે મળીને અન્ય સમુદાયના યુવાનો પર હત્યાનો આરોપ લગાવ્યો અને તેમની ધરપકડ અને ફાંસી આપવાની માંગ સાથે પ્રદર્શન કર્યું હતું. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વિસ્તારમાં પોલીસ તૈનાત કરવામાં આવી છે. સ્થાનિક લોકોએ પોતાના ઘરોની બહાર પોસ્ટરો લગાવ્યા છે, જેમાં લખ્યું છે કે "હિન્દુઓ સ્થળાંતર કરી રહ્યા છે અને ઘરો વેચાણ માટે છે" અને આ મામલે સરકારને મદદ માટે અપીલ કરી છે. કુણાલ ન્યૂ સીલમપુરના જે બ્લોકમાં રહેતો હતો. પરિવારમાં પિતા રાજવીર, માતા પ્રવીણ, ત્રણ ભાઈઓ ગોલુ, લકી, વિરાટ અને બહેન વંદનાનો સમાવેશ થાય છે. કુણાલના પિતા ઓટો ડ્રાઈવર છે, જ્યારે કુણાલ ગાંધી નગર સ્થિત એક દુકાનમાં કામ કરતો હતો. પિતાની બીમારીને કારણે, કુણાલ એકલો જ પરિવારનું ધ્યાન રાખતો હતો. કુણાલની માતા પ્રવીણે જણાવ્યું કે, કુણાલ સાંજે દૂધ લેવા ગયો હતો. ૧૦-૧૫ મિનિટ પછી, લોકોએ કહ્યું કે, કેટલાક લોકોએ તેને છરીના ઘા મારીને મારી નાખ્યો છે. માતાએ આરોપ લગાવ્યો હતો કે, ઝિકરા નામની છોકરીએ તેના ભાઈ સાહિલ સાથે મળીને આ હત્યા કરી હતી.

## તંત્રી લેખ...

### પવન સાથે અમદાવાદ સહિત રાજ્યમાં ધૂળની ડમરીઓ ઉડશે

ગુજરાતના હવામાનની આગાહીમાં હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૭ દિવસ હવામાન શુષ્ક રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરી છે. જેમાં ક્યાંય હીટવેવની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી નથી. બે દિવસ માટે ગુજરાતમાં ધૂળ ડમરીઓ ઉડે તેવું હવામાન રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ રાજ્યમાં હવામાનની કેવી સ્થિતિ રહી શકે છે તે અંગેની માહિતી આપી છે. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના ભાગો માટે વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે અમદાવાદ સહિત રાજ્યના સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના ભાગોમાં ધૂળની ડમરીઓ ઉડે તેવું હવામાન રહેવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. રાજ્યમાં સૌથી ઊંચું ૪૩.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન કંડલા (એરપોર્ટ)માં નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જોકે, આજે અમદાવાદમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે, જે ૪૨ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવનાઓ છે. હવામાન વિભાગે તાપમાનમાં આજે મહત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. જે પછી ફરી તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતાઓ છે. નોંધનીય છે કે અમદાવાદમાં ધૂળની ડમરીઓ ઉડવાની સંભાવનાઓ છે પરંતુ આ અંગે કોઈ ચેતવણી આપવામાં આવી નથી. બે દિવસ માટે ગુજરાતમાં ધૂળની ડમરીઓ ઉડવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. જેમાં આજે પૂર્વના અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ધૂળની ડમરીઓ ઉડવાની શક્યતાઓ નથી. પરંતુ આ પછી ૨૦મી એપ્રિલે રાજ્યભરમાં ધૂળની ડમરીઓ ઉડવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે તારીખ ૨૨ અને ૨૩મી એપ્રિલ દરમિયાન ગુજરાતના સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના ભાગોમાં અકળામણ થાય તેવી ગરમી રહેવાની શક્યતાઓ સાથે પવનની ગતિ વધારે રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરી છે.

### ગુજરાતમાં ગ્રામજનોના પીવાના પાણીની ૯૯%થી વધુ ફરિયાદોનું ટોલ ફ્રી નં.૧૯૧૬ દ્વારા નિવારણ

ગુજરાતના જળ વ્યવસ્થાપન અને ગુજરાતમાં થયેલી જળક્રાંતિએ રાજ્યના વિકાસમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. એક સમયે પાણીની ભયંકર અછતનો સામનો કરતું ગુજરાત આજે દેશભરમાં પાણીદાર ગુજરાત તરીકે ઓળખાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે પાણીનું નક્કર આયોજન કરીને રાજ્યના નગરિકોને પીવા માટે, ખેડૂતોને સિંચાઈ માટે અને ઉદ્યોગોને ઉત્પાદન માટે પર્યાપ્ત પાણી પુરૂં પાડ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના પાણી પુરવઠા વિભાગ દ્વારા ગુજરાતના શહેરી વિસ્તારોની સાથે જ ગ્રામીણ વિસ્તારોના પણ તમામ ઘરોમાં પીવાનું શુદ્ધ પાણી મળે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. જોકે, પાણી પુરવઠા વિભાગે ફક્ત ગ્રામ્ય સ્તરે પાણી પહોંચાડીને જ સંતોષ નથી માન્યો, પરંતુ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને પીવાના પાણીની સમસ્યાના નિવારણ માટે ટોલ ફ્રી નં.૧૯૧૬ સેવા પણ ઉપલબ્ધ કરાવી છે. આ ટોલ ફ્રી નંબરની સેવાના કારણે રાજ્યના ગ્રામીણ વિસ્તારના લોકો સરળતાથી પીવાના પાણી બાબતની ફરિયાદ સરકાર સુધી પહોંચાડી શકે છે, અને તેનું નિરાકરણ પણ મેળવે છે. ઉલ્લેખનીય છે કે આ ટોલ ફ્રી નં.૧૯૧૬ સેવા શરૂ થયેથી અત્યારસુધીમાં ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોની પીવાના પાણી સંબંધિત ૯૯% થી વધુ ફરિયાદોનું સફળતાપૂર્વક નિરાકરણ કરવામાં આવ્યું છે.

૯૯%થી વધુ ફરિયાદોનું સફળતાપૂર્વક નિરાકરણ

પાણી પુરવઠા વિભાગ દ્વારા ટોલ ફ્રી નં.૧૯૧૬ સેવા શરૂ થયેથી અત્યારસુધીમાં કુલ ૨,૨૨,૧૧૬ ફરિયાદો નોંધવામાં આવી છે, જેમાંથી ૨,૨૧,૩૬૪ ફરિયાદો એટલે કે ૯૯.૬૬% ફરિયાદોનું સંતોષપૂર્વક નિવારણ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૮૯,૪૧૦ ફરિયાદો નોંધાયેલ હતી જેમાંથી ૮૮,૯૯૨ (૯૯.૫૩%) ફરિયાદોનું સંતોષપૂર્વક નિવારણ કરવામાં આવ્યું છે તથા જાન્યુઆરી ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ સુધીમાં ૬૫,૫૫૩ ફરિયાદો નોંધાયેલી હતી, જેમાંથી ૬૫,૫૦૯ (૯૯.૯૩%) ફરિયાદોનું સંતોષપૂર્વક નિવારણ કરવામાં આવ્યું છે.

કેવી રીતે કામ કરે છે ટોલ ફ્રી સેવા નં.૧૯૧૬

ગ્રામજનોને નડતી પીવાના પાણીની સમસ્યાઓની ફરિયાદ તેઓ ટોલ ફ્રી નં.૧૯૧૬ પર કરી શકે છે. તેમના દ્વારા ફરિયાદ મળ્યા બાદ, સંબંધિત ફરિયાદ વિશે સિવિલ, મિકેનિકલ, વાસ્મો જેવા સંબંધિત વિભાગોને જાણ કરવામાં આવે છે. ત્યારબાદ ફરિયાદકર્તાના નામ, ગામ, તાલુકો, જિલ્લો, મોબાઈલ નંબર અને ફરિયાદ અંગેની વિગતવાર માહિતી નોંધીને તેને ERP પોર્ટલ પર ઓનલાઈન કરવામાં આવે છે. ઓનલાઈન નોંધણી થયા પછી

ફરિયાદીને ટેક્સ્ટ મેસેજ (SMS) અને ઈ-મેઈલ દ્વારા તેમની ફરિયાદનો નંબર આપવામાં આવે છે. ત્યારબાદ જે જિલ્લામાંથી ફરિયાદ આવી હોય, તેના સંબંધિત જવાબદાર વિભાગના સબ ડિવિઝન અધિકારીને ટેક્સ્ટ મેસેજ (SMS)અને ઈ-મેઈલ દ્વારા ફરિયાદની વિગતો જણાવવામાં આવે છે.

જિલ્લા કક્ષાએ ફરિયાદ મેળવ્યા પછી, અધિકારી ફરિયાદની સ્થળની મુલાકાત લઈને ૪૮ કલાકમાં ફરિયાદનું નિરાકરણ લાવે છે. એકવાર ફરિયાદનું નિરાકરણ થઈ જાય, પછી સંબંધિત અધિકારી દ્વારા ERPમાં તે ફરિયાદને રિસોલ્વ કરવામાં આવે છે. ત્યારબાદ ફરિયાદકર્તાને ટેક્સ્ટ મેસેજ (SMS) દ્વારા ફરિયાદનું નિવારણ થઈ ગયું હોવાની જાણ કરવામાં આવે છે. પાણી પુરવઠા વિભાગના કોલ સેન્ટર દ્વારા ફરિયાદીને ફોન કરીને ફરિયાદ નિવારણ માટે કરવામાં આવેલ કામગીરી અંગેનો ફીડબેક પણ લેવામાં આવે છે.

ટોલ ફ્રી નંબર ૧૯૧૬ પર કેવા પ્રકારની ફરિયાદો કરવામાં આવે છે?

ગામમાં પીવાનું પાણી મળતું ન હોય, આંતરિક પાઈપલાઈનમાં લિકેજ હોય, બોરમાં ખરાબી હોય, પમ્પિંગ મશીનરીની મરામત, ઓપરેટર સતત ગેરહાજર રહેતો હોય, જૂથ યોજનાનું પાણી મળતું ન હોય, પાણી ચોરીની ફરિયાદ, પાણી ગુણવત્તાની ફરિયાદ, મિનિ સ્કીમની મરામત અને સોલાર પેનલની મરામત, હેન્ડ પમ્પ રીપેરીંગ અંગેની ફરિયાદ વગેરે જેવી ગ્રામ્ય પેયજળ યોજનાને લગતી ફરિયાદો ટોલ ફ્રી નં.૧૯૧૬ પર કરવામાં આવે છે, જે ફરિયાદોનું ત્વરિત નિરાકરણ પણ લાવવામાં આવે છે.

**ઘણીવાર પરંપરાનું આંધળું અનુસરણ જડતા પણ લાવી શકે, એટલે એ ઋષિમુનિઓના કહેવાનું તાત્પર્ય સમજીને એ મુજબ પરંપરાને પ્રવાહી બનાવવી જોઈએ**

# "કાળકેય"નો વધ કરવાં કુંભજ ઋષિ એક જ અંજલિમાં આખાં સમુદ્રનું જળ પી જાય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**રામચંદ્રશ્રીરામજી જ્યારે સીતાજીની ખોળ કરતાં-કરતાં ત્યાં આવ્યા ત્યારે અગત્સ્ય ઋષિએ તેમને થોડા દિવસ તેમના આશ્રમમાં જ પ્રેમથી રોક્યા. વળી તેમણે ભગવાનને વિરજા નામની શૈવદીક્ષા આપી જેમા એમાં આખે શરીરે ભસ્મ ચોળી ભસ્મ ઉપર સૂઈ રહેવું, રુદ્રાક્ષ ધારણ કરવા અને શિવમંત્ર જપવાનો હોય છે. તેમની પાસે અનેક અમોઘ અને અજોડ શસ્ત્રાસ્ત્ર હતા તે ભગવાન રામને વિદાય થતી વેળા સોપ્યા.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઋષિઓ એ સદીઓ પહેલાં માનવીય જીવન કેવું હતું? તેનાં પર વૈદિક શાસ્ત્રો લખીને આપણી સંસ્કૃતિની રચના કરી છે, એમ પણ કહી શકાય. એટલે કે આવનારી પેઢીએ કઈ રીતે જીવવું એનો સ્પષ્ટ સંદેશ વર્ણવ્યો હોય, અથવા તો એના પરથી નિયમો બનાવ્યા હોય, તેને પરંપરા કહેવામાં આવે છે. ઘણીવાર પરંપરાનું આંધળું અનુસરણ જડતા પણ લાવી શકે, એટલે એ ઋષિમુનિઓના કહેવાનું તાત્પર્ય સમજીને એ મુજબ પરંપરાને પ્રવાહી બનાવવી જોઈએ. ઈતિહાસમાં નજર કરીએ તો હિંદુ સંસ્કૃતિના પાયામાં રહેલા ઋષિઓના જન્મ તેમજ તેમના જીવન ઘણીવાર વિચિત્ર કહી શકાય, એવું પણ તેના પરથી ફલિત થાય. છતાં જેનો મુખ્ય ઉદ્દેશ, માનવીય જન્મમાં ઈશ્વરની સાધના કરી લેવી, એ જ જેનું જીવનનું મહત્વનું કર્મ હોય, તેને ઋષિ કહી શકાય. પછી તે યુગ ગમે તે હોય, કળિયુગમાં પણ જેનું સૌથી મહત્વનું કાર્ય, હરિ રૂપે રહેલા આ જગતને પ્રેમ કરવાનું છે. અથવા તો તત્વતઃ ચૈતન્યના ચિદવિલાસ આગળ સમગ્ર સૃષ્ટિ સંચાલિત છે, એવું જ્ઞાન પ્રાપ્ત થતાં મનના તમામ વિકારો ધીરે ધીરે ઓગળી જાય, અને હૃદયમાં પરમ તત્વ પ્રત્યે પૂર્ણ પ્રેમ પ્રગટ થાય, આવું જ્ઞાન પ્રાપ્ત થયાં પછી જે કોઈ નિર્મળ નિર્મોહી થઈ સંસારમાં ત્યાગ બલિદાન અને સમર્પણ જેવા અદકેરા ગુણો થકી જીવન વ્યતીત કરે, તે આજેપણ ઋષિ છે. આપણે ત્રેતા કાળમાં થઈ ઋષિઓ વિશે ચિંતન કરી રહ્યા છીએ અને એ જ સમયગાળામાં થઈ ગયેલા અન્ય એક ઋષિ કુંભજ કે અગસ્ત્ય મુનિ વિશે વાત કરીશું.

આમ તો કુંભજ નામ પરથીજ સૌને ખ્યાલ આવી જાય કે તેનો જન્મ કુંભ દ્વારા થયો હશે. મિત્રા અને વરુણ એક દિવસ ભગવાન આદિત્યના યજ્ઞમાં હાજરી આપવા જાય છે, અને ત્યાં આગળ સ્વર્ગની સવર્શ્રેષ્ઠ સુંદર એવી અપ્સરા ઉર્વશીને જોઈને વરુણનું તેજ સ્ખલિત થઈ જાય છે, જેમાંનું અર્ધું એક કુંભમાં પડે છે, અને આમ મિત્રા વરુણ અને માતા ઉર્વશીના સંતાન તરીકે કુંભમાંથી એક બાળક જન્મે છે,તે કુંભજ ઋષિ તરીકે પ્રસિદ્ધ છે. વિજ્ઞાન આજે કળિયુગની આટલી સદીએ પણ હજી એટલી પ્રસિદ્ધિ પામ્યું નથી, ત્યારે મહર્ષિનાં તેજથી આ રીતે પુત્ર જન્મ પણ થતાં હતાં,એ છે આપણી સંસ્કૃતિની મહત્તા,જો કે સાથે સાથે અન્ય ગુણ તરફ પણ નિર્દેશ કરે છે. ખેર કુંભજ ઋષિએ પોતાના જીવનમાં ઈશ્વર સાધના સિવાય લોક ઉપયોગી ઘણાં સારાં કાર્યો કર્યા છે.

પુરાણમાં બતાવ્યાં મુજબ એ સમયે સુર અને અસુર વચ્ચે વારંવાર યુદ્ધો થતાં હતાં, અને અસુરો પોતાનું સામ્રાજ્ય વધારવા માટે વારંવાર પ્રજાને પરેશાન કરતા હતાં, અને એમાં પણ સાગર પાન કરનારા અસુરો સંતાઈને સમુદ્રનું પાણી ચૂસી લેતા હતાં, અને પ્રજા ત્રાહિમામ પોકારી જતી હતી. એ સમયે ઈન્દ્રએ અસૂરો ના વધ માટે અગ્નિ અને વાયુને સમુદ્રનું પાણી શોષી લેવાની આજ્ઞા કરી. પરંતુ તે બંને એ ઈન્દ્રની આજ્ઞા માની નહીં, આથી ઈન્દ્રએ તેને શ્રાપ આપ્યો, અને પછીના મન્વંતર માં અગ્નિ અને વાયુ બંને મિત્રાવરુણ ના સંતાન તરીકે એક જ દેહમાં જન્મ લે છે. કાળકેય નામનો અસુર, કે જે સંમુદ્રમા સંતાઈ ગયો હોય છે. તેનો વધ કરવા,કુંભજ ઋષિ એક જ અંજલિમાં સારાં સમુદ્રનું જળ પી જાય છે, અને તે અગસ્ત્ય નામે પણ ઓળખાય છે.

વિંધ્યાચળ નામનો પર્વત ખૂબ જ વધતો હતો અને આ રીતે સૂર્ય નાં માર્ગમાં રુકાવટ ઊભી કરતો હતો. વિંધ્યાચળ પર્વત અગસ્ત્ય મુનિ નો શિષ્ય હતો, આથી દેવો પોતાને વ્યથા સંભળાવવા અગસ્ત્ય મુનિ પાસે આવે છે, અને વિંધ્યાચલ અને સમજાવવાનું કહે છે. અગસ્ત્ય ઋષિ વિંધ્યાચળ પાસે આવે છે, તેમને જોઈને વિંધ્યાચળ દંડવત પ્રણામ કરે છે. અગસ્ત્ય મુનિ વિંધ્યાચળને કહે છે કે, તું હવે આમ જ રહેજે, હું દક્ષિણના પ્રવાસે જઈ ને પાછો આવું ત્યાં સુધી તું ઊભો થતો નહીં, અને આમ વિંધ્યાચળ ગુરુના પાછા આવવાની રાહ જોઈ રહે છે, પરંતુ ગુરુ પાછા આવતા નથી. તેથી મિથ્યા વાયદાને અગત્યના વાયદા સાથે પણ સરખાવવામાં આવે છે.

એકવાર સ્વપ્રમાં ઋષિએ પોતાના પિતૃઓને ખાઈમાં ઉંધામાથે લટકતા જોયાં, તેમણે તેમને પૂછ્યું કે તમારી આ દશા કોણે કરી? ત્યારે તેમણે તેને જણાવ્યું કે તને જ્યારે બાળક થશે ત્યારે જ અમારી આ દશા માંથી મુક્તિ થશે. અગસ્ત્ય ઋષિએ લગ્ન કરવાનો વિચાર કર્યો પરંતુ સારા સંસારમાં તેને પોતાને લાયક કોઈ સ્ત્રી દેખાતી નથી આથી તેણે પોતાના તપના બળે મેળે જ એક સુંદર કન્યા બનાવી,અને તેનું નામ લોપામુદ્રા રાખ્યું. છૂપી રીતે આ કન્યાને વિદર્ભ રાજાના મહેલમાં મૂકી આવે છે અને તે કન્યા મોટી થતાં તેની સાથે લગ્ન કરે છે અને તેનાથી તેને દૃઢાસ્ય દૃઢસ્યુ નામના બે પુત્રો થાય છે. રામચંદ્રશ્રીરામજી જ્યારે સીતાજીની ખોળ કરતાં-કરતાં ત્યાં આવ્યા ત્યારે અગત્સ્ય ઋષિએ તેમને થોડા દિવસ તેમના આશ્રમમાં જ પ્રેમથી રોક્યા. વળી તેમણે ભગવાનને વિરજા નામની શૈવદીક્ષા આપી જેમા એમાં આખે શરીરે ભસ્મ ચોળી ભસ્મ ઉપર સૂઈ રહેવું, રુદ્રાક્ષ ધારણ કરવા અને શિવમંત્ર જપ વાનો હોય છે. તેમની પાસે અનેક અમોઘ અને અજોડ શસ્ત્રાસ્ત્ર હતા તે ભગવાન રામને વિદાય થતી વેળા સોપ્યા.

ઈંદ્રને શાપિત થતાં ૧૦૦૦ વર્ષ માટે ગાદી છોડવી પડી અને નહુષ રાજાને દેવોએ થોડો વખત ઈંદ્રની ગાદી સંભાળવા બોલાવેલા. તે વેળા તેણે આળસુ થઈ સાત ઋષિઓ પાસે પાલખી ઉપડાવેલીને ઋષિઓને ચાલતાં વાર લાગી ત્યારે પાલખીમાંથી સર્પ, સર્પ એટલે જલદી ચાલો, જલદી ચાલો એમ તે બોલતો. આ સાંભળી અગસ્ત્યે તેને શાપ આપ્યો કે તું સર્પ થઈ પૃથ્વી પર પડ.

અગસ્ત્ય મુનિ એટલે કે કુંભજ ઋષિનો દક્ષિણમાં નિવાસ વધુ રહ્યો હોવાથી, તેમણે દ્રવિડમાં ઘણા શાસ્ત્રોની રચના કરી છે. અગત્ય ગીતા નામે એક ગ્રંથ પણ બહુ પ્રચલિત છે, આ ઉપરાંત તમિલ ભાષાના તે શોધક ગણાય છે. તેમણે નૌકા શાસ્ત્રની પણ રચના કરી છે, અને પહેલવહેલી હોડી પણ બનાવી હતી, અને દેશોદેશ મુસાફરી કરી સમુદ્ર માર્ગે ઘણા દેશની શોધ પણ તેમણે કરી હતી. આ ઉપરાંત અગસ્ત્ય મત નામના શાસ્ત્ર એ રત્ન શાસ્ત્ર છે, જેમાં રત્નો વિશેની માહિતી આપવામાં આવી છે. રત્નની ઉત્પત્તિ તથા તેનાં લક્ષણ, ગુણ અને પરીક્ષાનું વર્ણન છે.અગસ્ત્ય સંહિતા એ વિષ્ણુ પૂજન કરવાની રીતિ દર્શાવતું શાસ્ત્ર છે, જેની રચના અગસ્ત્ય મુનિએ કરેલી.આદિત્યહૃદયમ સ્તોત્ર તેમણે ભગવાન રામને રાવણ સામે યુધ્ધ કરતા પહેલા આપ્યું હતું.તેમણે શ્રીલલિતાસહસ્ત્ર સ્તોત્રની રચના કરી હતી. અગસ્ત્ય ઋષિ તંત્રશાસ્ત્રના આચાર્ય પણ હતા અને તેમાં ઊંડુ જ્ઞાન ધરાવતા. વળી તેઓ ઉત્તમ તત્ત્વવેત્તા હતા, તેમણે બ્રહ્મપુરાણ અને વૈદવિદ્યા ઉપર ઘણું ભાષ્ય લખેલું છે.ધનુર્વિદ્યામાં પણ તેઓ પારંગત હતાં, અને હમેશ ધનુષ્ય સાથે રાખી ફરતાં હતાં. અગસ્ત્યાશ્રમ મદ્રાસ પાસે અગસ્ત્યકૂટ નામનો પર્વત આવેલો છે. એક માન્યતા મુજબ અગસ્ત્ય ઋષિ હજી હયાત છે અને તિનેવેલીમાં આવેલા આ પર્વત ઉપર રહેતા મનાય છે. આમ અનેકોનેક સિદ્ધિ પ્રસિદ્ધિને હાંસલ કરવા વાળા ઋષિ કુંભજ કે અગસ્ત્ય મુનિના જીવનમાંથી આપણે તો ફક્ત એટલી જ પ્રેરણા લેવાની છે કે, આ કાચી માટીનો કુંભ નંદવાઈ જાય, એ પહેલાં એમની જેમ એકાદ વિશિષ્ટ કાર્ય કરી લઈએ. બીજુ કંઈ નહીં તો દુઃખ હંમેશા માનવીને દરિયા જેવડુ મોટું લાગતું હોય છે, તો એ દુઃખનાં દરિયાને પી જઈને હરિનામ સ્મરણ કે ઈશ્વર અનુસંધાન બનાવી રાખીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો વ્યાસમુનિએ મહા ભારતમાં સંસારના કાર્યો કરતાં કરતાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે**

# સમય અને ભાગ્ય ઉપર ક્યારેય અહંકાર ના કરો.. કેમ કે આ બંનેમાં ગમે ત્યારે પરિવર્તન આવી શકે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સામાન્ય રીતે માણસો કામ કરવું પડતું હોય છે, એટલે કામ કરતા હોય છે. ઉતાવળે પૂરું કરીને પછી એમાંથી જલ્દી છૂટી જવાય એ ભાવનાથી કરતા હોય છે. પરાણે કરતા હોય છે. ફરજ પડે એટલે કરતા હોય છે. આથી જેમ તેમ પતાવી દેવા માટે કરતા હોય છે. આવું કામ એમને બોજારૂપ અને ભારરૂપ લાગતું હોય છે.એમાં એમને આનંદ આવતો નથી.**

ચૈત્ર માસ ચાલી રહ્યો ત્યારે આજે સોમવારે આપની લેખમાળામાં એક દિવસ એક ખેડૂતનોપરિચિત તેના ઘરે મળવા આવ્યો. તે સમયે તે ઘરે નહોતો. તેની પત્નીએ કહ્યું - તે ખેતરમાં ગયો છે. હું બાળકને બોલાવવા મોકલીશ.ત્યાં સુધી તમે રાહ જુઓ.

થોડી જ વારમાં ખેડૂત ખેતરમાંથી ઘરે પાછો ફર્યો. તેનો પાલતુ કૂતરો પણ તેની સાથે આવ્યો.કૂતરો જોરથી હાંફી રહ્યો હતો. તેની હાલત જોઈને તેને મળવા આવેલા વ્યક્તિએ ખેડૂતને પૂછ્યું શું તમારું ખેતર બહુ દૂર છે? ખેડૂતે કહ્યું- ના, નજીકમાં જ છે.

પણ તમે આ કેમ પૂછો છો?

તે માણસે કહ્યું- મને એ જોઈને નવાઈ લાગી કે તું અને તારો કૂતરો બંને એક સાથે આવ્યા. પણજ્યારે કૂતરો ખૂબ હાંફી રહ્યો છે ત્યારે તારા ચહેરા પર થાકનો કોઈ પત્તો પણ નથી. ખેડૂતે કહ્યું- હું અને કૂતરો એક જ રસ્તે ઘરે આવ્યા છીએ.મારું ખેતર પણ બહુ દૂર નથી.હું થાક્યો નથી. મારો કૂતરો થાકી ગયો છે. આનું કારણ એ છેકે હું સીધા રસ્તે ચાલીને ઘરે આવ્યો છું, પણ કૂતરો તેની આદતથી મજબૂર છે. જ્યારે પણ તે નજીકમાં બીજા કૂતરાઓને જોતો, ત્યારે તે તેમને ભગાડવા માટે તેમની પાછળ દોડતો અને ભસતો અને મારી પાસે પાછો આવતો. પછી બીજા કૂતરાને જોતાંની સાથે જ તે તેની પાછળ દોડવા લાગે છે. પોતાની આદત મુજબ, તે આખી મુસાફરી દરમિયાન આ ક્રમમાં ચાલતોરહ્યો ચાલુ રાખ્યું.તેથી જ તે થાકી ગયો છે.

જો તમે નજીકથી જુઓ તો, આજના માણસની પણ આવી જ સ્થિતિ છે. જીવનના ધ્યેય સુધી પહોંચવું મુશ્કેલ નથી, પરંતુ રસ્તામાં મળેલા કૂતરાઓ વ્યક્તિને જીવનનાસીધા અને સરળ માર્ગથી ગેરમાર્ગે દોરી રહ્યા છે. માણસ પોતાના ધ્યેયથી દૂરભટકી રહ્યો છે, અને આ ભટકાવ તેને થાકી રહ્યો છે.ધ્યેય પ્રાપ્ત કરવામાં આ સૌથી મોટો અવરોધ છે. રસ્તામાં મળતા કૂતરાઓ તમારી શક્તિ બગાડે છે. આ કૂતરાઓને ભસવા દો અને તમારા ધ્યેય તરફ સીધા આગળ વધતા રહો... પછી એક દિવસ તમે તમારા ગંતવ્ય પર પહોંચી જશો.પણ જો તમે આ બાબતો માં સામેલ થશો,તો તમે થાકી જશો હવે તમારે નક્કી કરવાનું છે કે તમારે ખેડૂતની જેમ સીધા રસ્તે ચાલવું છે કે તેના કૂતરાની જેમ. આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો વ્યાસમુનિએ મહા ભારતમાં સંસારના કાર્યો કરતાં કરતાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે, એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ વ્યાધ ગીતામાં આપ્યું છે. જેમાં એક સન્યાસીને તપ કરવાથી કોઈને મારી નાંખવાની સિદ્ધિ મળીહતી તેની વાત છે.એક દિવસ આ સન્યાસી વૃક્ષની નીચે ધ્યાન ધરવા બેઠો હતો,વૃક્ષ ઉપરથી એક બગલી તેના મસ્તક પર ચરકી. તેનાં ધ્યાનમાં ભંગ થતાં તેને ગુસ્સો આવ્યો. તેણે ક્રોધભરી નજરે ઉપર રહેલી બગલી સામે જોયું અને તે બગલી બળીને ભસ્મ થઈ ગઈ.તેને પોતાની આ સિદ્ધિ પર અભિમાન જાગ્યું.પછી તે ભિક્ષા માટે એક નગરમાં આવ્યો.એક ઘરે ભિક્ષા માગી. અંદરથી ગૃહિણીએ જવાબ આપ્યો,મહારાજ,થોડીવાર થોભો હમણાં હું ખૂબ જ કામમાં છું,"તે ઊભો રહ્યો.પણ કોઈ ભિક્ષા આપવા આવ્યું નહીં,તેથી હવે તેનો ગુસ્સો વધવા લાગ્યો. ત્યાં ગૃહિણીએ બારણું ખોલ્યું, સાધુને ક્રોધથી તમતમતો જોઈને ગૃહિણી એ કહ્યું, મહારાજ હું કંઈ વનની બગલી નથી કે તમે મને બાળીને ભસ્મ કરી નાંખશો" આસાંભળતાં જ સન્યાસીના ક્રોધ પર જાણે ઠંડા પાણીની ડોલ ઢોળાઈ. તેને ખૂબ આશ્ચર્ય થયું કે બગલીને ભસ્મ કરી ત્યારે તો વનમાં કોઈ જ ન હોતું અને આ સ્ત્રીને તેની કેવી રીતે ખબર પડી ? પછી એકદમ વિનમ્ર થઈ હાથ જોડી પૂછયું, "માતા તમે આ કેવી રીતે જાણ્યું ?"ત્યારે તે સ્ત્રીએ કહ્યું, "મહારાજ હું તો કંઈ શાસ્ત્રોભણી નથી. એવું કોઈ તપ પણ મેં કર્યું નથી. ઘરમાં મારા પતિ અને સાસુ સસરાની સાચા ભાવથી સેવા કરતાં કરતાં મને આ જ્ઞાન મળ્યું છે !" "માતા તો તમે મને એ જ્ઞાન આપો," સન્યાસી એ સાચું જ્ઞાન મેળવવા તે સ્ત્રીને વિનંતીકરી "ના મહારાજ હું તમારી ગુરુ નથી.

તમારા ગુરુ બીજા છે." સન્યાસી માટે આ વળી બીજું આશ્ચર્ય હતું કે આ સ્ત્રી પોતાના ગુરુ વિશે પણ જાણે છે! પણ હવે તે સ્ત્રીની શક્તિમાં તેને વિશ્વાસ હતો એટલે ફરી પૂછ્યું,"કહો,કોણ છે મારા ગુરુ ?""આ ગામના છેવાડે રહેતો કસાઈ. તમે તેની પાસે જાઓ, એ તમને બ્રહ્મ જ્ઞાન આપશે" સન્યાસીને ફરી આશ્ચર્ય થયું ! એક કસાઈ પાસે વળીબ્રહ્મજ્ઞાન? પણ હવે તો જ્ઞાન મેળવવું જ હતું એટલે તે ગામના છેવાડે રહેલી કસાઈની દુકાને આવી પહોંચ્યો, જોયું તો કસાઈ માંસ કાપતો હતો અને ગ્રાહકોને જોખી ને આપતો હતો. સાધુને દૂર ઊભેલો જોઈને તેણે કહ્યું, "આવો મહારાજ તમને તે માતા એ મોકલ્યા છે.પણ હમણાં હું આ ગ્રાહકોને માંસ આપી દઉં, પછી તમને મળું, એમ કહીને તે પોતાના કામમાં પરોવાઈ ગયો. સન્યાસી તેને ખચાખચ માંસ કાપતા જોઈ રહ્યો. મનમાં વિચારી રહ્યો આવું હીન કૃત્ય કરનારની પાસે વળી બ્રહ્મજ્ઞાન ? કામ પૂરું થતાં કસાઈએ તેને બોલાવીને જે પથરા પર માંસ કાપતો હતો એ પથરો સાફ કરીને તેના પર સન્યાસીને બેસાડયો, અને પછી તેના સઘળા પ્રશ્નોનું સમાધાન કરીને તેને બ્રહ્મજ્ઞાન આપ્યું.આ દૃષ્ટાંત દ્વારા વ્યાસ મુનિએ એ ભાર પૂર્વક જણાવ્યું છેકે લોકો જેને અધમમાં અધમ કામ ગણે છે, તેવું કામ કરતાં કરતાં પણ જો ચિત્ત ભગવાનમાં લાગેલું હોય તો ભગવદ્ પ્રાપ્તિ થઈ શકે છે. કામ હલકું કે મહાન નથી.પણ એની પાછળનું વલણ મહત્ત્વનું છે. આપણા આ યુગમાં પણ કેટલાય બ્રહ્મજ્ઞ સંતો કામ કરતાં કરતાં બ્રહ્મત્વને પામ્યા છે.સંત કબીરજી એ કાપડ વણતાં વણતાં 'સાહેબ' નો સાક્ષાત્કાર કર્યો હતો.સંતતિરુ વલ્લુવલકર પણ કાપડ વણતાં વણતાં ઈશ્વરને પામ્યાહતા મીરાં ના ગુરુ રૈદાસ ચમાર હતા. ગોરા કુંભારે માટલાં ઘડતાં ઘડતાં ભગવાનનો સાક્ષાત્કાર કર્યો હતો. આવાં તો અસંખ્ય દૃષ્ટાંતો જોવા મળે છેકે જેમાં સંતોએ કામ કરતાં કરતાં અલખ ની આરાધના કરી છે.કોઈપણ પ્રકારનું કામ સાધના માં બાધક બનતું નથી.ભક્તિ કે જ્ઞાનના માર્ગ જેવો જ કર્મનો માર્ગ ભગવાનને મેળવવા માટેનો માર્ગ છે.

ગૌતમ ઋષિએ પોતાના શિષ્ય સત્ય કામને દુર્બળ એવી ચારસો ગાયો આપીને કહ્યું; આને તું વનમાં લઈ જા અને જ્યારે એક હજાર ગાયો થાય ત્યારે પાછો આવજે ત્યારે હું તને બ્રહ્મજ્ઞાન આપીશ. સત્યકામ ગાયોને લઈને વનમાં ગયો. ગાયોની સેવા કરતાં કરતાં, વનમાં પ્રકૃતિના સાંનિધ્યમાં એને સહજ રીતે જ્ઞાન મળવા લાગ્યું. એની આંતરિક ચેતના વિકસવા લાગી. જ્યારે ચારસો દુબળી ગાયોમાંથી એક હજાર ઋષ્ટપુષ્ટ ગાયો થઈ ગઈ ત્યાં સુધીમાં તો તેનો આંતરિક વિકાસ એટલો બધો થઈ ગયો હતો કે પ્રકૃતિના સત્ત્વો દ્વારા તેને બ્રહ્મ જ્ઞાન મળ્યું. બળદ,જળકૂકડી હંસ અને અગ્નિ દ્વારા તેને બ્રહ્મ જ્ઞાન પ્રાપ્ત થયું.જ્યારે તે એક હજાર ગાયોને લઈને ગુરુ પાસે આવ્યો, ત્યારેતેના મુખ પરનું તેજ જોઈને ગુરુએ કહ્યું બેટા, તારા મુખ ઉપર હું બ્રહ્મ જ્ઞાનનું તેજ જોઈ રહ્યો છું. તને આ જ્ઞાન કોણે આપ્યું ? "જ્યારે સત્યકામ પાસેથી તેમણે બધી વાત જાણી ત્યારે તેઓ અત્યંત પ્રસન્ન થઈ ગયા.આશ્રમના પરિસરમાં,ગુરુના સાંન્નિધ્યમાં રહીને જે બ્રહ્મજ્ઞાન અન્ય શિષ્યો નહોતા પ્રાપ્ત કરી શક્યાએ જ્ઞાન ગાયોને સાચવવાનું કાર્ય કરતાંકરતાં સત્ય કામ પામ્યો

સામાન્ય રીતે માણસો કામ કરવું પડતું હોય છે, એટલે કામ કરતા હોય છે. ઉતાવળે પૂરું કરીને પછી એમાંથી જલ્દી છૂટી જવાય એ ભાવનાથી કરતા હોય છે. પરાણે કરતા હોય છે. ફરજ પડે એટલે કરતા હોય છે. આથી જેમ તેમ પતાવી દેવા માટે કરતા હોય છે. આવું કામ એમને બોજારૂપ અને ભારરૂપ લાગતું હોય છે.એમાં એમને આનંદ આવતો નથી. વેઠ જેવું લાગતું હોય છે. આવી રીતે કામ કરવાથી મનુષ્યની ચેતના નીચે ઊતરે છે. આવી રીતે કરેલા કામથી ભારે થાક લાગે છે. કંટાળો આવે છે. અણગમો ઉપજે છે. પરિણામે તેનો સ્વભાવ પણ ચિડિયો થઈ જાય છે. વાતવાતમાં ગુસ્સો આવે છે. વ્યક્તિની પ્રગતિ પણ રૂંધાઈ જાય છે. આંતરિક વિકાસની વાત તો બાજુએ રહી, પણ બાહ્ય વિકાસે ય થતો નથી. જો કાર્યને સાધનાના ભાગરૂપે બનાવવું હોય તો એ કાર્ય સાચી રીતે કરવું જોઈએ. તો પ્રશ્ન થાય છે કે સાચી રીત એટલે શું ? સાચી રીત એટલે શક્ય તેટલી ઉત્તમોત્તમ રીતે કામ કરવું જોઈએ. શ્રીમાતાજી કહે છે કે "જો તમારે ઓરડો વાળવાનો હોય તો તમે ઓપરેશન થિયેટર સાફ કરી રહ્યા છો,એટલી કાળજીથી સાફ કરવો જોઈએ." કોઈ પણ કામ સંપૂર્ણ નિષ્ઠાથી અને દિલ રેડીને કરવું જોઈએ. આવી રીતે કામ કરવાથી ખૂબ ઝડપી પ્રગતિ થઈ શકે છે.શ્રી માતાજી કહે છે કે"તમે ધ્યાનમાં જેટલી પ્રગતિ કરો છો, તેના કરતાં દશગણી વધારે પ્રગતિ સાચી રીતે કામ કરવાથી કરી શકો છો." કેમકે સાચી રીતે કામ કરવાથી ચિત્તશુદ્ધિ ઝડપથી થાય છે. ચેતનાનો વિકાસ પણ ઝડપી બને છે.

### રીલ્સ વાયરલ થતા રાઘવ ચઢ્ઢાને મજા આવી ગઈ

# પરિણીતિનો ડાયલોગ રીલ્સમાં વાયરલ થયો

**પરિણીતિ અને સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મનો એક ડાયલોગ 'સેન્સેશન' આજકાલ વાયરલ**



સોશિયલ મીડિયાના બદલાતા ટ્રેન્ડમાં કેટલાક ઓડિયો કે ડાયલોગ ક્યારે સપાટી પર આવી જાય અને અચાનક વાયરલ થઈ જાય છે. આવું જ પરિણીતિની ૨૦૧૪માં આવેલી ફિલ્મ 'હસી તો ફસી'ના ડાયલોગનું થયું છે. પરિણીતિ અને સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મનો એક ડાયલોગ 'સેન્સેશન' આજકાલ વાયરલ થઈ રહ્યો છે, જેના પર ફિલ્મ, કન્ટેન્ટ ક્રિએટર્સ અને રાજકારણીઓ સહીતના લોકો રીલ્સ બનાવી રહ્યાં છે. આ બધી રીલ્સ અને ડાયલોગબાજી થોડાં દિવસ ચાલ્યા પછી પરિણીતિના રીયલ લાઈફ હસબન્ડ અને રાજકારણી રાઘવ ચઢ્ઢાને 'ફોમો(ફિઅર ઓફ મિસિંગ આઉટ' થઈ ગયો, કે બધાએ પરીના ડાયલોગની રીલ બનાવી અને એ રહી ગયો. તો તેણે પોતાના ફોનમાંથી પરિણીતિનાં કેટલાંક ક્યારેય ન જોયેલા ફોટો શોધ્યા અને તેનો એક કોલાજ વીડિયો બનાવીને આ વાયરલ ડાયલોગની ટ્યુન સાથે સોશિયલ મીડિયામાં પોસ્ટ કર્યો. આ સાથે તેણે કૅપ્શનમાં કબૂલાત પણ કરી કે, ''એનો ડાયલોગ વાયરલ થઈ રહ્યો હતો. બધા મજા લઈ રહ્યાં હતાં, તો મને ફોમો થઈ ગયો, તો મેં પણ મજા લીધી.'' રાઘવ ચઢ્ઢાએ શેર કરેલી રીલ જોઈને પરિણીતિ પણ ભાવુક થઈ ગઈ અને તેણે કમેન્ટમાં લખ્યું, ''આ સેન્સેશન સૌથી શ્રેષ્ઠ છે રાગી..'' તેણે રાઘવનો વીડિયો કોલાજ રીપોસ્ટ પણ કર્યો હતો. તેમના આ પ્રેમના આદાનપ્રદાનમાં દિલજિત દોસાંજ, સહીતના કલાકારોએ કમેન્ટ અને રીએક્શન્સ પણ આપ્યાં હતાં.

### વાસ્તવિકતા અને સોશિયલ મીડિયાના ભેદ વિશે વાત કરી


# મારા ૩૦ મિલિયન ફોલોઅર્સ ટિકિટ લઇને ફિલ્મ જોશે એની ગેરન્ટી નથી



પૂજા હેગડેની ફિલ્મ 'રેટ્રો' આવી રહી છે, ત્યારે પૂજા હાલ તેના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં પૂજા સાથે સૂર્યા છે, તેમજ કાર્તિક સુબ્બારાજ દ્વારા આ ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવી છે. ૧ મેએ આ ફિલ્મ રિલીઝ થઈ રહી છે. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં પૂજાએ સોશિયલ મીડિયા અને વાસ્તવિકતા વિશે ખુલાસો કર્યો હતો. પૂજાએ જણાવ્યું, ''સોશિયલ મીડિયા અને વાસ્તવિક દુનિયા બે બિલકુલ અલગ બબાતે છે. જ્યારે મેં હૈદ્રાબાદ કે તિરુમાલાની મુલાકાત લીધી, તો હું લોકોને મળી, એ મારા માટે વધુ મહત્વનું હતું.'' આગળ પૂજાએ ડિજિટલ પ્લેટફર્મને અવાસ્તવિક ગણાવતાં કહ્યું, ''સોશિયલ મીડિયા પર બોટ્સ કામ કરે છે જેમનું ક્યારેય કોઈ ડિસ્પ્લે પિક્ચર નથી હોતું કે નથી તેમના અકાઉન્ટમાં કોઈ પોસ્ટ હોતી. હું એક માણસ છું તો મારે એવા ચહેરા વિનાના ટ્રોલ્સનો પણ સામનો કરવો પડે છે. પરંતુ એ સમજવું જરૂરી છે કે એ વાસ્તવિક દુનિયા નથી.'' આ ઈન્ડસ્ટ્રીમાં હવે સોશિયલ મીડિયા પ્લેટફર્મ પરની લોકપ્રિતાને સફળતાનો પર્યાય માનવામાં આવે છે, ત્યારે પૂજાનો દૃષ્ટિકોણ બધાં કરતાં અલગ પડે છે. તેણે કહ્યું, ''મારે લગભગ ૩૦ મિલિયન ઈન્સ્ટા ફોલોવર્સ છે, એનો મતલબ એવો નથી કે એ બધાં લોકો ટિકિટ ખરીદીને મારી ફિલ્મ જોશે એની કોઈ ગેરન્ટી છે. એ જ રીતે ઘણા એવા પણ સુપ રસ્ટાર્સ હોય છે કે જેના સોશિયલ મીડિયા પર માત્ર ૫ મિલિયન ફોલોવર્સ હશે પણ તેમની ફિલ્મ જોવા માટે લોકો થિએટરમાં ઉમટી પડે છે.'' લોકો સાથે વાસ્તવિકતામાં સંપર્કમાં રહેવા અને તેમના પ્રતિભાવ જાણવા પર પૂજા ભાર આપે છે. તેણે કહ્યું, ''તમારું કામ સરખી રીતે કરવું જરૂરી છે અને લોકો પાસેથી સીધા પ્રતિભાવ જાણવા જરૂરી છે.''

### 'રેડ ૨' ની સાથે ફિલ્મનું ટ્રેલર રીલીઝ

# આમિર ખાનની 'સિતારે જમીન પર' ફિલ્મ ૨૦ જૂને રીલીઝ થવાની છે




**આ ફિલ્મની રિલીઝ ડેટ ૨૦૨૪ માં જ જાહેર કરવામાં આવી હતી પરંતુ કેટલાક કારણોસર તે મુલતવી રખાઈ આવી હતી**

અભિનયમાંથી વિરામ લેનાર આમિર ખાને ફિલ્મ નિર્માણમાં પોતાની કારકિર્દી બનાવી છે. તે છેલ્લે 'લાલ સિંહ ચઢ્ઢા'માં જોવા મળ્યો હતો અને હવે તે 'સિતાર જમીન પર' સાથે રૂપેરી પડદે વાપસી કરવા જઈ રહ્યો છે. આ ફિલ્મની રિલીઝ ડેટ ૨૦૨૪ માં જ જાહેર કરવામાં આવી હતી પરંતુ કેટલાક કારણોસર તે મુલતવી રાખવામાં આવી હતી. જોકે, તેની નવી રિલીઝ તારીખ જાહેર કરવામાં આવી છે. ઉપરાંત, ટ્રેલર ક્યારે રિલીઝ થશે તે પણ જાહેર કરવામાં આવ્યું છે.એક અહેવાલ મુજબ, આમિર ખાન અભિનીત અને આરએસ પ્રસન્ના દિગ્દર્શિત ફિલ્મ 'સિતારે જમીન પર' ૨૦ જૂન, ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. પહેલા તે તેને ૩૦ મે ના રોજ રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યો હતો, પરંતુ ૨૦ જૂન ના રોજ રિલીઝ થવાની સાથે, તેને બોક્સ ઓફિસ પર બે અઠવાડિયાનો સ્પષ્ટ ક્ષેત્ર મળી રહ્યો છે, જેના કારણે તેને બીજા કોઈ સાથે ટક્કર લેવી પડશે નહીં અને સારી કમાણી કરી શકશે.સ્ત્રોતને ટાંકીને, પોર્ટલે અહેવાલ આપ્યો છે કે નિર્માતાઓ 'રેડ ૨' ની સાથે ફિલ્મ 'સિતારે જમીન પર' નું ટ્રેલર રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યા છે. જો આવું થાય, તો ૧ મે, ૨૦૨૫ ના રોજ, આપણને આખરે આમિર ખાન અભિનીત ફિલ્મની ઝલક મળી શકે છે. અને આ સાથે ફિલ્મની રિલીઝ તારીખ પણ જાહેર કરવામાં આવશે. પરંતુ હજુ સુધી કંઈ પુષ્ટિ થયેલ નથી. આમાં પણ ફેરફાર થઈ શકે છે.'સિતાર જમીન પર' ઉપરાંત, આમિર ખાન રાજ કુમાર સંતોષી સાથે એક કોમેડી ફિલ્મ કરી રહ્યો છે.

# રીઆ કપૂર માટે બ્યૂટી અને ગ્લોમર બહુ જ મહત્વના : તબુ

**તાજેતરમાં એક પોડકાસ્ટ શોમાં તબુએ જણાવ્યું કે તેને 'ક્રૂ'માં કામ કરવું તેનાં પહેલાંનાં બધાં જ કામમાં બિલકુલ નવું અને અલગ લાગ્યું હતું**



તબુ જેટલાં ગંભીર અને પ્રયોગશીલ રોલ કરે છે, એટલાં જ ગ્લેમરસ રોલ અને કમર્શીયલ રોલ પણ કરી જાણે છે. તાજેતરમાં જ તેણે થોડાં વખત પહેલાં આવેલી પોતાની ફિલ્મ 'ક્રૂ'માં કામ કરવાના અનુભવને નવો અને જંગલી ગણાવ્યો હતો. તેણે ફિલ્મના સેટ પર કરીના અને ક્રિતિ સાથે કેટલી મજા આવી, એ વિશે પણ વાત કરી હતી. સાથે જ તેણે આ ફિલ્મની પ્રોડ્યુસર રીઆ વિશે પણ વાત કરી હતી. તાજેતરમાં એક પોડકાસ્ટ શોમાં તબુએ જણાવ્યું કે તેને 'ક્રૂ'માં કામ કરવું તેનાં પહેલાંનાં બધાં જ કામમાં બિલકુલ નવું અને અલગ લાગ્યું હતું. તેણે કહ્યું કે આ ફિલ્મનું ફોર્મેટ, કાસ્ટિંગ અને સ્ટોરી બધું જ તેનાં માટે નવું હતું અને ઓડિયયન્સ માટે પણ આ ફિલ્મ રસપ્રદ હતી. તબુએ ક્રૂની પ્રોડ્યુસર રીઆ કપૂરના વખાણ કરતાં કહ્યું કે તે બહુ જ ફોકસ સાથે કામ કરે છે, તેને ખબર છે કે તે કયા કલાકારને કેવા બતાવવા માગે છે. આ ફિલ્મની ત્રણે હિરોઈનના સુંદર, ગ્લેમર અને તેમને જે રીતે બતાવાયાં હતાં એનું બધું જ શ્રેય તબુએ રીઆને આપ્યું હતું. તબુએ આગળ કહ્યું હતું કે ઘણી વખત તેને આ ફિલ્મના સેટ પર થોડી આળસ પણ થતી અને પ્રશ્નો પણ થતા હતા કે આ ફિલ્મ કઈ રીતે ચાલી રહી છે છતાં તેના માટે આ એક મજાનો અનુભવ હતો. કારણ કે એવું કશું જ નહોતું જે રીઆનાં ધ્યાન બહાર હોય. તેથી અંતે તેણે પોતાની જાતને સમર્પિત કરી દીધી અને રીઆની દૃષ્ટિ પર વિશ્વાસ કરી લીધો. તેથી આખરે તેને આ ફિલ્મમાં કામ કરવાની મજા આવવા લાગી. જ્યારે કરીના કપૂર અને ક્રિતિ સાથે કામ કરવાના અનુભવ વિશે તેણે કહ્યું કે તેમની સાથે કામ કરવાનો અનુભવ જંગલીપણા જેવો કે અતિ મજા આવે એવો હતો. બધું જ એકદમ યોગ્ય રીતે બંધ બેસી ગયું, ખાસ તો તેમની ત્રણની વચ્ચેની કેમેસ્ટ્રી અને ટાઈમિંગ, જે આ પ્રકારની ફિલ્મ માટે ઘણું મહત્વનું હોય છે. તેમની વચ્ચે એક રીધમ હતી અને ત્રણેયને એકબીજા સાથે મજાક-મસ્તી કરવાનું એટલું ફાવી ગયું હતું કે તે ફિલ્મમાં પણ દેખાઈ આવતું હતું. રાજેશ એ ક્રિશ્નન દ્વારા આ ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવી છે અને નિધિ મહેતા, મેહુલ સુરી દ્વારા લખવામાં આવી છે.

### ફિલ્મને ૧૦૦ કરોડની ક્લબમાં પહોંચવાનું અઘરું

# 'જાટ' ખાસ ન ચાલવા છતાં સની દેઓલે 'જાટ ૨'નું એલાન કરી દીધું



સની દેઓલની ગોપીચંદ માલિનેનીએ ડિરેક્ટ કરેલી 'જાટ'ને બોક્સ ઓફિસ પર ઠીક ઠાક પ્રતિસાદ મળ્યો છે. ૧૧ એપ્રિલે આ ફિલ્મ થિએટરમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં રણદીપ હુડાએ વિલનનો રોલ કર્યો છે અને રેજિના કાસાંદ્રા, વિનીત કુમાર સિંઘ તેમજ સૈયામી ખેર મહત્વના રોલમાં છે. શુક્રવારે સની દેઓલે પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ પર 'જાટ ૨'ની જાહેરાત કરી હતી, હજુ પહેલી ફિલ્મ રિલીઝ થઈ એને એક જ અઠવાડિયું થયું છે, તેણે આ ફિલ્મને પહેલો ભાગ ગણાવ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ ચાલી પણ નથી, ત્યારે 'જાટ ૨'નું કામ પણ શરૂ થઈ ચૂક્યું હોય તો ફિલ્મ કેવી બનશે એ રસપ્રદ રહેશે. સની દેઓલે આ જાહેરાત કરતા પોતાના સોશિયલ મીડિયા પર એક પોસ્ટર શેર કર્યું હતું. જેની કૅપ્શનમાં તેણે લખ્યું હતું, ''જાટ હવે નવા મિશન પર! જાટ ૨.'' ફિલ્મનો બીજો ભાગ પણ ગોપિચંદ માલિનેની જ ડિરેક્ટ કરશે, એવો પોસ્ટર પરથી ખ્યાલ આવે છે. માયથ્રી મુવી મેકર્સ જ આ ફિલ્મને પણ પ્રોડ્યુસ કરશે. આ સિવાય ફિલ્મની કાસ્ટ કે સ્ટોરી વિશે અન્ય કોઈ માહિતી મળતી નથી, સિવાય કે સની દેઓલ પરી જાટ તરીકે જોવા મળશે. પહેલા અઠવાડિયાના અંતે 'જાટ'ને બોક્સ ઓફિસ પર નેશનલ લેવલ પર માત્ર ચાર કરોડની જ આવક થઈ શકી છે. કેટલાંક અહેવાલો મુજબ ૧૬ એપ્રિલ સુધીમાં ફિલ્મમમાં દર્શકોની હાજરી માત્ર ૧૦.૨૬ ટકા જ રહી છે. જો એ આંકડો ધ્યાનમાં લઈએ તો ફિલ્મની કુલ કમાણી ૫૭.૫ કરોડ ગણી શકાય. ગુરુવારે ફિલ્મ એનાલિસ્ટ તરણ આદર્શે ફિલ્મના છ દિવસ પછીના કમાણીના આંકડા વિશે ટ્વીટ કરી હતી. જેમાં તેમણે લખ્યું, ''મંગળવાર સૌથી મહત્વનો હતો અને જાટ એ પરીક્ષા પાસ કરી લીધી છે. ચાલુ દિવસ હોવા છતાં ફિલ્મે ૫ ોતાની પકડ જાળવી રાખી છે તેથી આ અઠવાડિયાના અંતે કમાણી લહભગ ૬૧ કરોડ સુધી પહોંચી જશે.'' તેનું કારણ આપતા તેમણે લખ્યું, ''શુક્રવારે ઘણી જગ્યાએ ગૂડફ્રાઈડેની રજા હતી, તેનાથી ફિલ્મના ધંધા પર અસર થઈ શકે, તેથી આ લાંબા વીકેન્ડમાં ખાસ કરીને સિંગલ સ્ક્રીન થિએટરમાં જાટ પાસે ઘણી અપેક્ષાઓ છે. જો જાટના પહેલા અઠવાડિયાની વાત કરીએ તો ગુરુવારે ૯.૬૨ કરોડ, શુક્રવારે ૭ કરોડ, શનિવારે ૯.૯૫ કરોડ, રવિવારે ૧૪.૦૫ કરોડ, સોમવારે ૭.૩૦ કરોડ, મંગળવારે ૬ કરોડ, કુલ ૫૩.૯૨ કરોડ થયા છે.''

### અનુષ્કા શર્માએ વર્ષ ૨૦૧૭ માં વિરાટ કોહલી સાથે લગ્ન કર્યા હતા

# વિરાટ અને અનુષ્કાના પરિવારની એઆઈ ઈમેજએ ધૂમ મચાવી છે



**આ દંપતી વર્ષ ૨૦૨૧માં પુત્રી વામિકાના માતા અને પિતા બન્યા અને અનુષ્કાએ વર્ષ ૨૦૨૪માં તેના પુત્રને જન્મ આપ્યો**

બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્માએ ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી સાથે લગ્ન કર્યા છે. લગ્ન પછીથી જ બંનેએ પોતાના અંગત જીવનને ખૂબ જ ગુપ્ત રાખ્યું છે. આ દંપતી બે બાળકોના માતા-પિતા છે. જેનો ચહેરો તેણે હજુ સુધી જાહેર કર્યો નથી. અનુષ્કા શર્માએ વર્ષ ૨૦૧૭ માં વિરાટ કોહલી સાથે લગ્ન કર્યા હતાપરંતુ આ દિવસોમાં અનુષ્કા-વિરાટનો એક ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે બે બાળકો સાથે સેલ્ફી લેતો જોવા મળ્યો હતો. આ જોઈને, યુઝર્સ દાવો કરી રહ્યા છે કે આ અકય અને વામિકા છે.ખરેખર, બાળકો સાથે અનુષ્કા અને વિરાટની આ તસવીર એક ફેન પેજ પર શેર કરવામાં આવી છે. જેમાં વિરાટ અને તેના ખોળામાં બેઠેલા બાળકે ભારતીય ક્રિકેટ ટીમની જર્સી પહેરી છે. અનુષ્કા બાળકીને ખોળામાં રાખીને કેઝ્યુઅલ લુકમાં સેલ્ફી લેતી જોવા મળી. આ દંપતી વર્ષ ૨૦૨૧ માં પુત્રી વામિકાના માતા-પિતા બન્યા અને અનુષ્કાએ વર્ષ ૨૦૨૪ માં તેના પુત્રને જન્મ આપ્યો આ ફોટો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે. યુઝર્સ કહે છે કે આ વામિકા અને અકયનો વાસ્તવિક ફોટો છે અને આ કપલે તેમના ચહેરા જાહેર કર્યા છે. તે જ સમયે કેટલાક લોકો એમ પણ કહી રહ્યા છે કે આ ફોટો નકલી છે.આ ફોટો વાસ્તવિક નથી પણ એઆઈ દ્વારા બનાવવામાં આવ્યો છે. જેમાં વામિકા અને અકય કેવા દેખાય છે તે બતાવવામાં આવ્યું છે. ભલે આ ફોટો એઆઈ દ્વારા બનાવવામાં આવ્યો હોય, પણ યુઝર્સ કહે છે કે આ દંપતીના બાળકો વાસ્તવિક જીવનમાં પણ બિલકુલ આવા જ દેખાશે. અનુષ્કા શર્માએ વર્ષ ૨૦૧૭ માં ઈટાલીમાં વિરાટ કોહલી સાથે લગ્ન કર્યા હતા. ત્યારબાદ આ દંપતી વર્ષ ૨૦૨૧ માં પુત્રી વામિકાના માતા-પિતા બન્યા અને અનુષ્કાએ વર્ષ ૨૦૨૪ માં તેના પુત્રને જન્મ આપ્યો. આ દંપતીએ તેનું નામ અકય કોહલી રાખ્યું છે.

# દરેક સ્ત્રી તેની નબળાઈ: પ્રીતિકા રાવનો હર્ષદ અરોરા પર આરોપ

**પ્રીતિકા યુઝરને વીડિયો પોસ્ટ કરવા અને હર્ષદ વિશે ગંભીર દાવા કરવા બદલ ઠપકો આપતી જોવા મળી હતી**





બોલિવૂડ અભિનેત્રી અમૃતા રાવની બહેન અભિનેત્રી પ્રીતિકા રાવે તાજેતરમાં એક ઈન્સ્ટાગ્રામ યુઝર પર તેના અને હર્ષદ અરોરાના શો 'બેઇંતેહા'નો એક રોમેન્ટિક સીન શેર કરવા બદલ ટીકા કરી હતી. યુઝરને જવાબ આપતાં, તેણીએ હર્ષદ પર મહિલાઓ સાથે અભદ્ર વર્તન કરવાનો આરોપ પણ લગાવ્યો.મેસેજમાં, પ્રીતિકા યુઝરને વીડિયો પોસ્ટ કરવા અને હર્ષદ વિશે ગંભીર દાવા કરવા બદલ ઠપકો આપતી જોવા મળે છે.પ્રીતિકા રાવે યુઝરને લખ્યું હતું કે, 'શરમ આવવી જોઈએ!' મેં તમને વારંવાર કહ્યું છે કે જ્યારે મેં તમને કહ્યું છે કે મારા વીડિયો એવા પુરુષ સાથે પોસ્ટ ન કરો જે ઈન્ડસ્ટ્રીમાં મળેલી દરેક સ્ત્રી સાથે સૂવે છે.તેમણે એમ પણ કહ્યું કે વાસ્તવમાં ૯૫% દ્રશ્યો નો-ટચ હતા. પ્રીતિકાએ લખ્યું, 'બેઇંતેહામાં, ૯૫% નો ટચ સીનમાંથી ૫% સીન આવા હતા અને તમે મારી ઈચ્છા વિરુદ્ધ આ બધું કરી રહ્યા છો!' તમને શરમ આવવી જોઈએ! મારા શબ્દો યાદ રાખજે, તું ખરાબ કર્મ પોતાના માથે લઈ રહ્યો છે.૨૦૧૩ ની રોમેન્ટિક ડ્રામા 'બેઇંતેહા' એ બે દૂરના પિતરાઈ ભાઈ-બહેનોની વાર્તા છે જેઓ એકબીજાના કટ્ટર હરીફ છે પરંતુ ગેરસમજને કારણે લગ્ન કરવા મજબૂર થાય છે. સમય જતાં, તેમનો સંબંધ સંઘર્ષમાંથી ઊંડા પ્રેમમાં પરિવર્તિત થાય છે, જેને દર્શકોએ ખૂબ પસંદ કર્યો હતો. આ શોમાં શિવાંગી જોશી, સુચિત્રા પિલ્લઈ અને નાવેદ અસલમ અભિનય કર્યો હતો અને ઝડપથી લોકપ્રિયતા મેળવી.ચાહકોને મુખ્ય જોડી પ્રીતિકા રાવ અને હર્ષદ અરોરા વચ્ચેની કેમેસ્ટ્રી ખૂબ ગમતી હતી. 'બેઇન્તેહા'ની સફળતા પછી, પ્રીતિકા લવ કા હૈ ઈન્તેઝાર અને લાલ ઈશ્ક જેવા ટેલિવિઝન શોમાં જોવા મળી હતી. દરમિયાન, હર્ષદે તેની કારકિર્દી ઘૂમ હૈ કિસીકે પ્યાર મેં, સસુરાલ સિમર કા, દહલીઝ અને દેવોં કે દેવ... મહાદેવ જેવી હિટ શ્રેણીઓમાં શક્તિશાળી ભૂમિકાઓ નિભાવી હતી

દિવ્યાંગ માટેના "સ્વાવલંબન" કાર્યક્રમ થકી આત્મગૌરવભર્યા જીવન માટે દિવ્યાંગોમાં ઉત્સાહ ફેલાયો

# અદાણી ગ્રુપ દ્વારા દિવ્યાંગોને સ્વરોજગારીના સાધન અને ઇલેક્ટ્રિક વ્હીલચેર અર્પણ કરી




। અમદાવાદ, તા.૨૦ ।

જી કે જનરલ હોસ્પિટલ, ભુજ ખાતે દિવ્યાંગોના સ્વાવલંબન માટે અદાણી ફાઉન્ડેશન તથા મુંદરા પેટ્રોકેમિકલ દ્વારા સાધનસામગ્રીમાં ખાસ સગવડતાવાળી ઈલેક્ટ્રીક વ્હીલચેર ૪૮ દિવ્યાંગોને અર્પણ કરવામાં આવી હતી, જે બે માસ અગાઉ તેના માપ લઈને તૈયાર કરવામાં આવી છે, ૩૨ દિવ્યાંગોને તેમની આવડત પ્રમાણે રોજગારી ઊભી કરી શકે તે માટે તેમણે સિલાઈ મશીન, હાથલારી, પશુપાલન કીટ, કેબીન, હાર્મોનિયમ, પ્રિન્ટર વગેરે આપવામાં આવેલ. જેનાથી તેઓ પોતાની રોજગારી મજબૂત કરી શકશે.

આ સાધનો તેઓને ગુજરાત રાજયના દિવ્યાંગો માટેના કમિશનર શ્રી વિ.જે રાજપૂત, અદાણીના લક્ષ્મીનારાયણ, જી.કે.જનરલ હોસ્પિટલના ડીન બાલાજી પિલ્લાઈ તથા નરેન્દ્ર હિરાણી, તથા ફાઉન્ડેશનના પંક્તિબેન શાહના વરદ હસ્તે સાધન અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે લક્ષ્મીનારાયણજી એ જણાવ્યું કે અદાણી ફાઉન્ડેશન દ્વારા આપણા સમાજમાં જે જરૂરિયાતવાળા લોકો છે તેના સુધી કેમ પહોચવું, તેની જરૂરિયાતને કેવી રીતે પૂરી કરવી એ તમામને સહયોગી બનવા અમોને તક આપી છે. આજે દિવ્યાંગોના ચહેરા પરની ખુશી જોઈને આનંદ થાય છે. જ્યારે ગુજરાત રાજયના દિવ્યાંગો માટેના કમિશનર શ્રી વિ.જે રાજપૂત સાહેબે પોતાનાવિભાગતરફથી દિવ્યાંગોનેમદદરૂપથવાજે પહેલ કરવામાં આવી જેમાં ખાસ દિવ્યાંગોના પ્રશ્નો



માટે સ્પેશિયલ સુનાવણી કાર્યક્રમ, લોક અદાલત, ઓન લાઈન અરજી, તેમજ આખા ગુજરાતમાં દિવ્યાંગો માટે ૨૧૧૪૪ સરકારી કાયમી નોકરી માટેની પ્રક્રિયાની વાત રજૂ કરી હતી.

આ સાથે તાજેતરમાં અદાણી જૂથના ચેરમેન ગૌતમભાઈના પુત્ર જીતભાઈ અદાણીના લગ્ન પ્રસંગે ગુજરાતની ૫૦૦ દિવ્યાંગ દીકરીઓ કે જેમના ગત વર્ષમાં લગ્ન થયા હોય તેને મંગલ સેવા યોજના નિયમ પ્રમાણે ૧૦,૦૦,૦૦૦/- રૂપિયાની ફિક્સ ડિપોઝિટ કરાવાની પ્રક્રિયા ચાલુ છે તે પૈકી કચ્છની ૨૫ દીકરીઓને અદાણી ફાઉન્ડેશન દ્વારા "મંગલ સેવા યોજના" નો લાભ મળેલ.

અદાણી ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૧૦ થી દિવ્યાંગોના જીવનમાં વિવિધ રીતે મદદરૂપ થઈને તેમના જીવનમાં અજવાળા પાથરવાના કાર્ય કરી રહ્યું છે. અત્યાર સુધીમાં ૩૦૦૦થી વધુ દિવ્યાંગોનેપોતાનાતરફથીઅનેસરકારસાથેજોડીને અનેકવિધ યોજનાઓનો લાભ અપાવેલ છે.

# ઝાલોદ પોલિસ દ્વારા ટ્રાફિક નિયમન હેઠળ નગરના વિવિધ વિસ્તારોના દબાણો દૂર કરાયા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

આજ રોજ પી.આઈ.રાઠવા અને પી.એસ. આઈ સીસોદીયા દ્વારા નગરમાં પોલિસ સ્ટાફ સાથે નગરપાલિકાના સહયોગથી નગરના સ્વર્ણિમ સર્કલ, વ્હોરા બજાર, વડબજાર,ભરત ટાવર, બસ સ્ટેશન, બાંસવાડા રોડ થી સ્વર્ણિમ સર્કલ સુધીના ટ્રાફિકને નડતર રૂપ દબાણો દૂર કરવા માટે કવાયત હાથ ધરવામાં આવી હતી. નગરના વ્યાપારી વર્ગ દ્વારા પોતાની દુકાન મર્યાદા થી બહાર સુધી દબાણો કરતા હોય તેમજ નગરના ટ્રાફિકને નડતર રૂપ ઉભા રહેતા હાથલારી તેમજ પથારાઓને ટ્રાફિક ને નડે તે રીતે બહાર દુકાનનો સામાન ન મૂકવા તેમજ ટ્રાફિકને નડે તે રીતે હાથલારી પર વ્યાપાર ન કરવા સૂચન કર્યું હતું.

આજરોજ ટ્રાફિક નિયમન હેઠળ નગરમાં ટ્રાફિકને નડતર રૂપ વ્યાપાર કરતા દરેક વર્ગના વ્યાપારીઓને પોલિસ દ્વારા ચેતવણી આપવામાં આવી હતી અને હવે નગરના ખુલ્લા રોડ પર દબાણ ન કરે તેવું સૂચન કર્યું હતું જો હવે ટ્રાફિકને નડે તે રીતે દબાણ કરવામાં આવશે તો પોલિસ વ્યાપાર કરતા વ્યાપારીઓનો માલસામાન લઈ જશે અને કાયદા મુજબ જે કાર્યવાહી થતી હસે તે કાર્યવાહી કરવામાં આવનાર છે. નગરના અમુક વ્યાપારીઓ એવું કહેતા જોવા મળતા હતા કે નગરમાં વ્યાપારીઓના માલસામાન લાવતા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ટેમ્પાઓ સહુ થી વધારે ટ્રાફિક કરતા હોય છે. આજે તો ઝાલોદ પોલીસ દ્વારા રોડ શો કરી ચમકારો આપવામાં આવ્યો હતો અને હવે આવનાર દિવસોમાં કડક કાર્યવાહી ટ્રાફિક નિયમન હેઠળ ઝાલોદ પોલીસ કરનાર છે.

# અમદાવાદ જિલ્લામાં ઊજવાઈ રહેલા પોષણ પખવાડિયામાં આરોગ્ય અને પોષણ વિશેની માહિતી મેળવતા લાભાર્થીઓ



। (માહિતી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ જિલ્લામાં આઈસીડીએસ યોજના હેઠળ આંગણવાડીની વર્કર અને હેલ્પર બહેનો દ્વારા અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ, ધોળકા, દેત્રોજ તાલુકાના જેતલપુર, બારેજા, રામપુરા, મહીજડા, અસલાલી, ધામતવાણ, પાલડી કાંકજ ગામોમાં પોષણ પખવાડિયા અંતર્ગત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

પોષણ પખવાડિયા હેઠળ આ તમામ ગામોમાં આરોગ્ય અને પોષણ વિશેની માહિતી આપવામાં આવી હતી. બાળકોની માતાઓને મિલેટમાંથી બનતી વાનગીઓ જેવી કે, રોટલા, ખીચડો પીઝા, બિસ્કીટ, ખાખરા, મુઠિયા, ખીચું વગરે બનાવતા શીખવાડવામાં આવ્યું હતું. તેમજ બાળકોને બાજરી અને જુવારના વડા અને લાડુ ખવડાવડામાં આવ્યા હતા. મિલેટમાંથી મળતા પોષક તત્વો વિશે હાજર માતાઓને સમજાવવામાં આવ્યા હતા. આ આયર્નયુક્ત ધાન્યો દ્વારા એનિમિયા ઓછો કરી માતા અને બાળકના સ્વાસ્થ્યને સાચવી શકાય છે એવી સમજ આપવામાં આવી હતી.

આ ઉપરાંત, આ દરેક ગામમાં નવા જન્મેલા બાળકની અને તેની માતાની ગૃહ મુલાકાત કરવામાં આવી હતી અને મુલાકાત દરમિયાન બાળકનું વજન અને ઊંચાઈ માપવામાં આવી હતી. લાભાર્થીઓને એનિમિયા અને આયર્ન ફોલિકની ગોળીઓનું સેવન કરવા પણ સમજાવવામાં આવ્યા હતા.

# 'કેચ ધ રેઇન' અભિયાન અંતર્ગત AMC હસ્તકની આશરે ૧૮૦૦ ઈમારતો પર રૂફ-ટોપ રેઇન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઇન્સ્ટોલ કરાશે

। (માહિતી) અમદાવાદ, તા.૨૦ ।

કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલય દ્વારા રેઈન વોટર કન્ઝર્વેશન માટે આરંભાયેલ 'કેચ ધ રેઈન' અભિયાન અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે.

આ પહેલ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક સમગ્ર શહેરના તમામ ઝોનમાં આવેલી વિવિધ ઝોનલ ઓફિસો, વોર્ડ-ઓફિસો, હોસ્પિટલ્સ, મ્યુનિ.શાળાઓ, અર્બન હેલ્થ સેન્ટર્સ, લાઈબ્રેરીઝ, વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન્સ, ડ્રેનેજ પંપિંગ સ્ટેશન્સ વગેરે જેવી આશરે ૧૮૦૦ ઈમારતોના રૂફ-ટોપ પર ભરાતા વરસાદી પાણીનો સંગ્રહ કરવા રૂફ-ટોપ રેઈન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ આગામી ૧.૫ વર્ષના સમયગાળામાં ઈન્સ્ટોલ્ડ કરી કાર્યરત કરવામાં આવશે.

આમ, દરેક ઈમારતોના ધાબા પર ભરાતાં વરસાદી પાણીને બહાર વહી જતું અટકાવી, આ વરસાદી પાણીને ફિલ્ટર દ્વારા ચોખ્ખું કરી, તેને જે-તે ઈમારતોની અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓમાં અથવા જે-તે કેમ્પસમાં જો હયાત બોરવેલ કે પરકોલેશન વેલ હોય તેમાં પરકોલેટ કરી, ગ્રાઉન્ડ વોટરના જળ સ્તર ઊંચા લાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખૂબ જ મોટા પાયે કામગીરી હાથ ધરવામાં આવી છે. પ્રથમ ચરણમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની ૪૦૦ બિલ્ડિંગ પ્રિમાઈસીસમાં અંદાજે ૫.૫૦ કરોડના ખર્ચે આવી રૂફ-ટોપ રેઈન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઈન્સ્ટોલેશનની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે આગામી ચોમાસાની ઋતું પહેલાં પૂર્ણ કરવામાં આવશે. આ કામગીરી થકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દૈનિક રીતે આપવામાં આવતાં પાણી પુરવઠાનું નર્મદાનું પાણી બચાવી શકાશે તેમજ જમીનના જળ સ્તર ઊંચા લાવી બોરના પાણીની ગુણવત્તા સુધારી શકાશે.

# અમદાવાદ ખાતે કલેક્ટર શ્રી સુજિત કુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઇ

જિલ્લા સંકલનમાં રજૂ કરાયેલાં પ્રશ્નોનું સત્વરે હકારાત્મક નિરાકરણ લાવીએ: જિલ્લા કલેક્ટર સુજિત કુમાર




। (માહિતી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર શ્રી સુજિત કુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ હતી. જેમાં અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ધારાસભ્યશ્રીઓએ પોતાના મત વિસ્તારના પ્રશ્નો રજૂ કર્યા હતા. જિલ્લા કલેક્ટરશ્રી સુજિત કુમારે જણાવ્યું હતું કે સંકલનની બેઠકમાં પ્રજાના પ્રશ્નોનું પદાધિકારી દ્વારા રજૂ થાય છે. જેનું નિયત સમય મર્યાદામાં નિકાલ થાય તે જરૂરી છે, તેમણે સંકલનના અધિકારીઓને સત્વરે નિયમાનુસાર હકારાત્મક નિરાકરણ માટે તાકીદ કરી હતી.

આ ઉપરાંત, જિલ્લા કલેક્ટરે રાજ્ય સરકાર દ્વારા રેશનકાર્ડ સંબધિત ઇ-કેવાયસીની ઝૂંબેશમાં પદાધિકારીઓને સહયોગ આપવા અપીલ કરી હતી. આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્યશ્રી તથા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દ્વારા વિવિધ વિસ્તારોમાં સફાઈ અને ગેરકાયદે દબાણો દૂર કરવા, રસ્તાઓ પહોળા કરવા તેમજ રસ્તાનાં ચાલું કામો પૂર્ણ કરવા, એસ.ટી. બસ સ્ટોપેજ, સહિતના વિવિધ પ્રશ્નો બાબતે રજૂઆતો કરી હતી. જ્યારે શહેરી વિસ્તારના ધારાસભ્યશ્રીઓએ પોતાના મતવિસ્તારમાં થયેલા ગેરકાયદે દબાણ દૂર કરવા, હાઉસિંગ બોર્ડને લગતા વિવિધ પ્રશ્નો, પ્રોપર્ટી કાર્ડમાં સુધારા, મતદાર સહાયતા કેન્દ્ર, નવી પોલીસ ચોકી બનાવવા તથા કાયદો અને વ્યવસ્થાનુંયોગ્યઅમલકરાવવાઅનેઅશાંતધારાનો ચુસ્તપણે અમલ કરાવવાના મુદ્દે રજૂઆતો કરી હતી. આ ઉપરાંત, ગટર અને સેનિટેશન સહિતના પ્રશ્નો ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. બેઠકમાં વિવિધ પ્રશ્નો સંદર્ભે નીતિ વિષયક નિર્ણયના ઉકેલ બાબતે ઉચ્ચસ્તરે દરખાસ્ત મોકલી નિકાલ લાવવા પણ સૂચન કરાયું હતું.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ કંચનબેન વાઘેલા, સ્થાનિક ધારાસભ્યો શ્રી કિરીટસિંહ ડાભી, શ્રી અમિત ઠાકર, શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી ડૉ. હસમુખભાઈ પટેલ, શ્રી દિનેશસિંહ કુશવાહ, શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી જિતેન્દ્રભાઈ પટેલ (ભગત), સુશ્રી દર્શનાબેન વાઘેલા, શ્રી અમૂલ ભટ્ટ, શ્રી ઈમરાન ખેડાવાલા તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરે, પોલીસ અધિક્ષકશ્રી ઓમપ્રકાશ જાટ, નિવાસી અધિક કલેક્ટરશ્રી ભાવિન સાગર, અધિક નિવાસી નાયબ કલેક્ટરશ્રી હાર્દ શાહ, ઉચ્ચ પોલીસ અધિકારી, સહિત સંકલન સમિતિના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

। (માહિતી) સુરત, તા.૨૦ ।

સુરત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષતામાં જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં મળી હતી. બેઠકમાં જનપ્રતિનિધિઓની રજૂઆતોનો સમયમર્યાદામાં નિકાલ કરવા કલેક્ટરશ્રીએ સંબધિત અધિકારીઓને સૂચના આપી હતી. બેઠકમાં ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણાએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, અખબારી ધર્મ ભૂલીને બની બેઠેલા કહેવાતા સેંકડો પત્રકારો ઉદ્યોગકારો, વ્યાપારીઓ, આમલોકોને ધાકધમકી આપીને ખંડણી ઉઘરાવી રહ્યા છે. આવા પત્રકારોના કારણે મીડિયા જગતની છબી ખરાબ થઈ રહી છે તેમજ સમાજ અને સરકાર વચ્ચે જનજાગૃત્તિનો સેતુ બનનાર સાચા પત્રકારોને સહન કરવું પડે છે એમ જણાવી પત્રકારત્વના નામે ઉઘરાણું કરતા અસામાજિક તત્વો સામે કડક હાથે કાર્યવાહી કરવા જણાવ્યું હતું. જે સંદર્ભે પોલીસ અધિકારીએ તાજેતરમાં લેવામાં આવેલા પગલાઓની વિગતો આપી હતી. ધારાસભ્યશ્રીએ પત્રકારોના અખબારના રજિસ્ટ્રેશન રદ કરવા



સહિતની નક્કર કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી. ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલે સાઉથ ઝોન (ઉધના)માં પાંડેસરાની અંબિકાનગર સોસાયટીમાં આંતરિક રસ્તાઓ બનાવવા માટે આ સોસાયટીએ મનપામાં અરજી કરી છે, જે અંગે આ અંબિકાનગરને રસ્તાની સુવિધા આપવા અંગે રજૂઆત કરી હતી. મેયરશ્રી દક્ષેશ માવાણીએ કતારગામના સિંગણપોર તાપી નદીના પાળા પર ગેરકાયદેસર ઝુંપડાઓના દબાણો હટાવવા રજૂઆત કરી હતી. આ બેઠકમાં ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલ, ડીસીપી(ક્રાઈમ બ્રાન્ચ) ભાવેશ રોજિયા તથા પ્રાંત અધિકારીઓ, તમામ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ નગરપાલિકાના નિવૃત્ત કર્મચારીઓને ૧૦ વર્ષની લડત બાદ પેંશન મળતા પરિવારોમાં ખુશીની લહેર છવાઈ

## સત્ય મેવ જયતેની કહેવત સાચી પડતાં સહુ પરિવાર જનોએ સાચી લડતમાં સાથ આપનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

ઝાલોદ નગરપાલિકામા ૨૦૧૫ અને તેના પહેલા પોતાની વય મર્યાદા મુજબ ૧૩ જેટલા કર્મચારીઓ નિવૃત્ત થયેલ હતા. નિવૃત્ત થયા બાદ પરિવારમાં રોજબરોજના ખર્ચ તેમજ પરિવારમાં આવી પડેલ બીમારીયોના ખર્ચ માટે પેંશન પર આધાર હતા.

આ ૧૩ કર્મચારીઓને નિવૃત્ત થયા બાદ નગરપાલિકામા જે જે જરૂર હતી તે તમામ દસ્તાવેજ રજૂ કરી પેંશન માટે માંગણી કરેલ હતી. પરંતુ આ તેર જેટલા કર્મચારીઓનુ પેંશન ચાલુ ન થતાં તેઓના પરિવારમાં હતાશા વ્યાપી ગયેલ હતી અને આ તેર પરિવારોએ કોર્ટના દરવાજા ખટ ખટાવ્યા હતા. આ તેર જેટલા પરિવારો દ્વારા આશરે ૧૦ વર્ષ સુધી પોતાના હક માટે ન્યાયિક માંગણી માટે કોર્ટમા કેસ લડી રહેલ હતા. છેલ્લે સત્યનો વિજય થાય છે તે વાત સાચી પડતાં કોર્ટ દ્વારા આ તેર કર્મચારીઓને વ્યાજ સાથે પેંશન ની રકમ ચૂકવવા નો ઓર્ડર કરેલ હતો તથા તાત્કાલિક ઉપરોક્ત પેન્શન માટે ની તમામ રકમ જે તે પેન્શનરો ના ખાતા માં વ્યાજ સહિત જમા થઈ ગયેલ છે.કોર્ટના ન્યાયને વધાવી લેતા આ દરેક પરિવારોમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી અને પોતાના હકના રૂપિયા મળતા લડતમા સાથ આપનાર સહુ લોકોનો તેઓએ આભાર માન્યો હતો તેમજ આ નિવૃત્ત કર્મચારીઓનુ માસિક પેંશન પણ સરકારી ધારાધોરણ મુજબ સરકાર દ્વારા ચાલુ કરી દેવામાં આવેલ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? ઘરમાં કોઈક સમારકામ અથવા સામાજિક મેળાવડો તમને વ્યસ્ત રાખે એવી શક્યતા છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે. તમે સહકાર ન આપો તો કોઈ તમારી સાથે ઝઘડી જ શકે નહીં. તમારે તમારા પરાજયોમાંથી પદાર્થપાઠ લેવો જોઈએ કેમ કે આજે પ્રેમનો એકરાર કદાચ નિષ્ફળ જઈ શકે છે. ટીવી, મોબાઈલ નો ઉપયોગ ખોટો નથી.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે.

**કર્ક (ડ,હ) :**
આજે કોઈ ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. મિત્રો તથા સંબંધીઓ તમારા તરફથી વધુ ધ્યાનની અપેક્ષા રાખશે, પણ બહારના વિશ્વ તરફ દરવાજા બંધ કરી તમારી જાતને રાજવી રીતે ટ્રીટ કરવા માટેનો આ શ્રેષ્ઠ સમય છે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. બાળકો તરફથી અણધાર્યા સમાચાર ખુશીની ક્ષણો લાવશે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે.

**તુલા (ર,ત) :**
આજે તમારી જાતને કોઈક રચનાત્મક કાર્યમાં વાળો.નવરા બેસી રહેવાની તમારી ટેવ તમારી માનસિક શાંતિ માટે જોખમી પુરવાર થઈ શકે છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. પ્રેમ પ્રકરણમાં બળપૂર્વક કામ લેવાનું ટાળો. આ રાશિ ના જાતકો આજ ના દિવસે પોતાના ભાઈ બહેનો સાથે ઘરે કોઈ મુવી અથવા મેચ જોઈ શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માનસિક તાણ ઘટાડશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. તમારા પ્રિયપાત્રના સાથ વગર તમને ખાલી-ખાલી લાગશે. તમારે યાદ રાખવાની જરૂર છે કે ઈશ્વર એની જ મદદ કરે છે જે પોતાની મદદ કરે છે.

**મકર (ખ,જ) :**
આજે કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી. તમારે આવું ન કરવું જોઈએ, આ કરવા થી મુશ્કેલી વધુ વધશે ઓછી નહીં થાય. મોજ-મજા માટે તમે કોઈ ટ્રીપ પર જાવ એવી શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજથી તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જવયનું શરૂ કરો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો. તમારી ભાવિ પેઢી તમને હંમેશાં આ ભેટ માટે યાદ રાખશે.



જમ્મુના સીમાડા પર આવેલા મારહ ખાતે પાર્ટી જોડાવાના કાર્યક્રમ દરમિયાન જમ્મુ અને કાશ્મીરના નાયબ મુખ્યમંત્રી સુરિન્દર ચૌધરી સાથે જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબ્દુલ્લા સાથે જોવા મળ્યા.



દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગપ્તાએ નવી દિલ્હીમાં ઉનાળા દરમિયાન શહેરમાં પાણી પુરવઠો વધારવા માટે લોકેશન ટ્રેકિંગ સિસ્ટમથી સજ્જ ૧,૧૧૧ ટેન્કરોને લીલી ઝંડી આપી.

**ન્યૂઝ બ્રિફ**

## ટેમ્પો ટ્રાવેલર પાર્ક કરેલા ઇન્ડિગો પ્લેન સાથે અથડાયુ

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૦ ।

બેંગલુરુ એરપોર્ટ પર થયેલા અકસ્માતની માહિતી સામે આવી છે. જોકે આ અકસ્માત શુક્રવાર, ૧૮ એપ્રિલના રોજ થયો હતો, પરંતુ ઈન્ડિગો એરલાઈન્સે અકસ્માત અંગે માહિતી આપતું નિવેદન બહાર પાડ્યું છે. બન્યું એવું કે બેંગલુરુના કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય વિમાનમથક LFA પાર્કિંગ બે ૭૧ માં ઈન્ડિગો એરલાઈન્સનું વિમાન પાર્ક કરવામાં આવ્યું હતું ત્યારે અચાનક એક ટેમ્પો ટ્રાવેલર વિમાનના આગળના ભાગ સાથે અથડાયું. આ અકસ્માતમાં ટેમ્પો ટ્રાવેલરની છતને ભારે નુકસાન થયું હતું. ગાડીનો કાચ તૂટી ગયો હતો અને ડ્રાઈવરને ઈજા થઈ હતી. વિમાન અને ટેમ્પો વચ્ચેની ટક્કર જોઈને એરપોર્ટ સ્ટાફમાં ગભરાટ ફેલાઈ ગયો. સુરક્ષા કર્મચારીઓ, સ્ટાફ, ઈજનેરો અને અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા અને બચાવ કામગીરી શરૂ કરી. ઈન્ડિગો એરલાઈન્સના અધિકારીઓને પણ અકસ્માતની જાણ કરવામાં આવી હતી, ત્યારબાદ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને નુકસાનનો અંદાજ કાઢ્યો.

## સુપ્રીમ કોર્ટ પર નિવેદન આપવા બદલ નિશિકાંત દુબે મુશ્કેલીમાં

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૦ ।

ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ શનિવારે સુપ્રીમ કોર્ટ અને ચીફ જસ્ટિસ વિરુદ્ધ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. આ નિવેદન બાદ તેમની સામે કાનૂની કાર્યવાહીની માંગ ઉઠવા લાગી છે. સુપ્રીમ કોર્ટ અને ચીફ જસ્ટિસ વિશે સાંસદ નિશિકાંત દુબેના વિવાદાસ્પદ નિવેદન પર અવમાનનાની કાર્યવાહીની માંગ શરૂ થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટના રેકોર્ડ પરના એક વકીલે એટર્ની જનરલને પત્ર લખીને અવમાનનાનો દાવો દાખલ કરવાની પરવાનગી માંગી છે. હકીકતમાં, ૧૯૭૧ના કોર્ટના તિરસ્કાર અધિનિયમની કલમ ૧૫(૧) (બી) અને સુપ્રીમ કોર્ટના નિયમો, ૧૯૭૫ના નિયમ ૩(સી) હેઠળ, સુપ્રીમ કોર્ટના તિરસ્કારની કાર્યવાહી એટર્ની જનરલ અથવા સોલિસિટર જનરલની સંમતિ પછી જ શરૂ કરી શકાય છે. આવી સ્થિતિમાં, વકીલે એટર્ની જનરલ આર વેંકટરામણીને પત્ર લખીને નિશિકાંત દુબેના નિવેદન વિશે માહિતી આપી છે. પત્રમાં જણાવાયું છે કે દુબેએ સુપ્રીમ કોર્ટ પર સંસદના કામકાજમાં અતિક્રમણ કરવાનો આરોપ લગાવ્યો છે.

### ગેરકાયદેસર પિસ્તોલની ડિલિવરી માટે સ્થાન બદલતા હતા

# વોટ્સએપ દ્વારા હથિયારો વેચતી અને ઓનલાઈન બુક કરાવતી ગેંગનો પર્દાફાશ

### પોલીસે ધરપકડ કરાયેલા તસ્કરો પાસેથી ૮ પિસ્તોલ, ૩ બંદૂકો, કારતૂસ, ૧૧ મોબાઈલ, બે કાર અને એક બાઇક જપ્ત કરી છે

। (એજન્સી) મુઝફ્ફરનગર, તા.૨૦ ।

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરની ખાલાપર પોલીસે આંતરરાજ્ય સ્તરે હથિયારોની દાણચોરી કરતા ૧૧ દાણચોરોની ધરપકડ કરી છે. ગેંગના સભ્યો વોટ્સએપ પર પિસ્તોલનો ફોટો બતાવીને ગ્રાહકોને મધ્યપ્રદેશમાં બનેલી બેરેટા પિસ્તોલનું ઓનલાઈન બુકિંગ કરાવે છે. તેઓ ગેરકાયદેસર પિસ્તોલની ડિલિવરી માટે સ્થાન બદલતા હતા. પકડાયેલા ગુનેગારોમાં મેરઠના ૭, સહારનપુરના ૧ અને મુઝફ્ફરનગરના ૩ દાણચોરોનો સમાવેશ થાય છે. પોલીસે ધરપકડ કરાયેલા તસ્કરો પાસેથી ૮ પિસ્તોલ, ૩ બંદૂકો, કારતૂસ, ૧૧ મોબાઈલ, બે કાર અને એક બાઈક જપ્ત કરી છે. પોલીસ લાઈન ખાતે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, એસપી સિટી સત્યમરાયણ પ્રજાપતે જણાવ્યું હતું કે શુક્રવારે ખાલાપર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ મહાવીર સિંહ ચૌહાણને માહિતી મળી હતી કે એક આંતરરાજ્ય શસ્ત્ર સપ્લાયર ગેંગ પિસ્તોલ પહોંચાડવા માટે શામલી ફ્લાયઓવર અંડરપાસ નીચે આવવાની છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચી, વિસ્તારને ઘેરી લીધો અને ૧૧ દાણચોરોની ધરપકડ કરી. દાણચોરોની કારની તલાશી લેતી વખતે, પોલીસે મધ્યપ્રદેશમાં બનેલી બેરેટા મોડેલની ૮ પિસ્તોલ, ૩ દેશી બનાવટની પિસ્તોલ અને ૧૧ મોબાઈલ ફોન જપ્ત કર્યા. પોલીસે તેની પાસેથી એક બાઈક પણ જપ્ત કરી છે. પોલીસે હથિયારોના દાણચોરો રોબિન, રોહિત, શોભાપુરના રહેવાસીઓ, કાંકરખેડા પોલીસ સ્ટેશન મેરઠના રહેવાસી, અભય, વિશુ, મંડી ચમરન સરથાણા વિસ્તારના રહેવાસી, વિશાલ નિવાસી ભમોરી, સરથાણા પોલીસ સ્ટેશન, વિવેક, પ્રમોદ, ગોટકા ગામનો રહેવાસી સરુરપુર, મેરઠ જિલ્લાના રેડગાંવ પોલીસ સ્ટેશન, બદરાગાંવ પ ોલીસ સ્ટેશનના રહેવાસી. કબીર, સેથપુરી ભાઈકરહેડી વિસ્તારના રહેવાસી, ભોપા, જિતેન્દ્ર, મુજાહિદપુર, રતનપુરી પોલીસ સ્ટેશનના રહેવાસી અને ઉજૈફા, લાલ મોહમ્મદના રહેવાસી, પોલીસ સ્ટેશન, ખતૌલી પોલીસ સ્ટેશનની પાછળ. પોલીસે પૂછપરછ બાદ ધરપકડ કરાયેલા તસ્કરોનું ચલણ કર્યુ છે. એસપી સિટી સત્યનારાયણ પ્રજાપતિએ જણાવ્યું હતું કે ગેંગમાં સામેલ તમામ ગુનેગારો નજીકના મિત્રો છે અને પોલીસથી બચવા માટે તેઓ અલગ અલગ કામો કરે છે. આ ગેંગનો લીડર વિશાલ છે. વિશાલ કબીર, પ્રમોદ અને ઉજૈફ દ્વારા વોટ્સએપ પર પિસ્તોલનો ફોટો મોકલીને ગ્રાહકોનું ઓનલાઈન બુકિંગ કરાવે છે. રોબિન, રોહિત, જીતેન્દ્ર અને વિવેક મધ્યપ્રદેશથી બેરેટ્ટા બનાવટની પિસ્તોલ ખરીદે છે. એસપી સિટીએ જણાવ્યું કે આ ગેંગ ૭૦ હજાર રૂપિયાથી ૧ લાખ રૂપિયામાં ગેરકાયદેસર પિસ્તોલ વેચે છે. આ ગેંગનું નેટવર્ક મધ્યપ્રદેશથી રાજસ્થાન સુધી ફેલાયેલું છે.

### મહારાષ્ટ્રના રાજકારણમાં ભૂકંપના એંધાણ

# મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર ઠાકરે બંધુ ચર્ચામા

### બંને ભાઈના હાથ મિલાવવાની સંભાવના પાછળ કોઈ રાજકીય મજબૂરી છે કોઈ બીજું સમીકરણ છે

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૨૦ ।

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર ઠાકરે બંધુ ચર્ચામાં છે. શિવસેના ચીફ ઉદ્ધવ ઠાકરે અને તેના પિતરાઈ ભાઈ MNS (મહારાષ્ટ્ર નવનિર્માણ સેના) ચીફ રાજ ઠાકરેની સાથે આવવાની ચર્ચા તેજ થઈ રહી છે. જોકે, આ સંભાવના નિવેદનબાજી પર આધારિત છે. ઠાકરે પરિવારનો વિવાદ ખતમ થઈ ગયો કે શું? તે વિષય પર પણ વિશ્લેષણો થઈ રહ્યા છે. બંને ભાઈના હાથ મિલાવવાની સંભાવના પાછળ કોઈ રાજકીય મજબૂરી છે કોઈ બીજું સમીકરણ છે જે બંનેને પોતાના મતભેદ ભૂલવા મજબૂર કરી રહ્યું છે તે વિશે અટકળો ચાલી રહી છે. હકીકતમાં, મહારાષ્ટ્રના રાજકારણમાં ઠાકરે પરિવારનો દબદબો માનવામાં આવે છે. ખાસકરીને મુંબઈ અને મરાઠવાડાના શહેરી વિસ્તારોમાં તેમની પકડ આજે પણ મજબૂત માનવામાં આવે છે. ઠાકરે પરિવારનો આધાર મરાઠી અસ્મિતા, હિન્દુત્વ અને શહેરી વોટબેંક પર રહ્યો છે. શિવસેના (UBT) પ્રમુખ ઉદ્ધવ બાલ ઠાકરેના દીકરા છે. જોકે, ઉદ્ધવ ઠાકરેના પિતરાઈ ભાઈ રાજ ઠાકરેને બાલ ઠાકરેની શૈલીવાળા લોકપ્રિય નેતાના રૂપે માનવામાં આવે છે. વર્ષ ૨૦૦૬માં બંને ભાઈઓ વચ્ચે મતભેદના કારણે વિવાદ થયો અને બંનેના રસ્તા અલગ થઈ ગયા. રાજ ઠાકરેએ શિવસેનાથી અલગ થઈને MNS બનાવવામાં આવી. યુવાઓ અને આક્રામક ભાષણોને કારણે રાજ ઠાકરે લોકપ્રિય થયા, પરંતુ પોતાની પાર્ટી ક્યારેય શિવસેના જેટલી મોટી ન બની શકી. હાલ વિધાનસભા ચૂંટણીમાં તે ખાતું પણ નથી ખોલાવી શક્યા અને પાર્ટી પર સિમ્બોલ ગુમાવવાનું જોખમ પણ ઊભું થયું છે. હાલ રાજ ઠાકરેનું વલણ હિન્દુત્વ અને રાષ્ટ્રવાદ પર કેન્દ્રિત છે. બીજીબાજુ, ૨૦૧૯માં ઉદ્ધવ ઠાકરેએ ભાજપ થી અલગ થઈને મહાવિકાસ અઘાડીની સરકાર બનાવી હતી. આ ગઠબંધનમાં NCP અને કોંગ્રેસ પ્રમુખ રૂપ હતી. આ બંને પાર્ટી એક સમયે શિવસેનાના વિચારધારાની વિરોધી હતી. આ જ કારણે અમુક હિન્દુત્વ સમર્થકોમાં નારાજગી જોવા મળી. જેની અસર ચૂંટણીમાં પણ જોવા મળી. એકનાથ શિંદેએ ૨૦૨૨માં બળવો કર્યો અને ૪૦થી વધારે ધારાસભ્યો સાથે એનડીએનો ભાગ બની ગયા. ભાજપના સમર્થનથી શિંદે મુખ્યમંત્રી બન્યા. હવે તે શિવસેનાના નામ અને ચૂટણી ચિહ્નના કાયદેસર દાવેદાર છે. હકીકતમાં તેમનું જૂથ ઠાકરે પરિવારના પ્રભાવને ચેલેન્જ કરી રહ્યા છે. શિંદે જૂથ શિવસેનાની પારંપારિક વોટ બેંક (ઠાકરે પરિવાર)માં સીધો પ્રભાવ પાડી રહ્યા છે. હાલ, મહારાષ્ટ્રના રાજકારણમાં ત્રિકોણીયું બની ગયું છે. ઉદ્ધવ ઠાકરે (શિવસેના-યુબીટી), રાજ ઠાકરે (MNS) અને એકનાથ શિંદે પાસેથી માન્યતા પ્રાપ્ત શિવસેના).

### માનવતાને શરમાવે તેવો કિસ્સો સામે આવ્યો

# એક વોર્ડ બોયે મૃત મહિલાના કાનમાંથી સોનાની બુટ્ટીઓ ચોરી

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૨૦ ।

ઉત્તર પ્રદેશના શામલી જિલ્લામાંથી માનવતાને શરમાવે તેવો કિસ્સો સામે આવ્યો છે. અહીં સરકારી હોસ્પિટલમાં કામ કરતા એક વોર્ડ બોયે એક મૃત મહિલાના કાનમાંથી સોનાની બુટ્ટીઓ ચોરી લીધી છે. હોસ્પિટલના વોર્ડ બોયનું આ શરમજનક કૃત્ય CCTV માં કેદ થયું હતું, જેના ફૂટેજ આ દિવસોમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ CCTV ફૂટેજમાં, વોર્ડ બોય મૃત મહિલાના કાનમાંથી બુટ્ટી ચોરી કરતો સ્પષ્ટપણે જોઈ શકાય છે. તે જ સમયે, આ વાયરલ CCTV ફૂટેજે સીએમઓને પણ તપાસના દાયરામાં લાવી દીધા છે.

માનવતાને શરમાવે તેવી આ ઘટના શામલીની સરકારી જિલ્લા હોસ્પિટલની છે. મળતી માહિતી મુજબ, શ્વેતા નામની એક મહિલા તેના પરિવાર સાથે શામલી થઈને મેરઠ જઈ રહી હતી. આ દરમિયાન, તે પોલીસ સ્ટેશન આદર્શ મંડી વિસ્તારના બાયપાસ રોડ પર પહોંચી, જ્યાં મહિલાની કારનો અકસ્માત થયો.

આ માર્ગ અકસ્માતમાં મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. પોલીસે તાત્કાલિક ઘાયલ મહિલાને શામલીની જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરી. અહીં ઈમરજન્સી વોર્ડમાં, તપાસ બાદ, ડોક્ટરોએ મહિલાને મૃત જાહેર કરી. આ દરમિયાન, હોસ્પિટલમાં કામ કરતા એક વોર્ડ બોયે ચતુરાઈથી મહિલાના પરિવારના સભ્યોની હાજરીમાં તેના કાનના બુટ્ટી ચોરી લીધા. જ્યારે મહિલાના પરિવારના સભ્યોએ જોયું કે તેના કાનમાંથી કાનની બુટ્ટી ગાયબ છે, ત્યારે તેઓએ હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો.

### ICUમાં મશીન ટેકનિશિયન તરીકે કામ કરતો હતો

# ICUમાં દાખલ એર હોસ્ટેસ પર જાતીય હુમલો થયો

### તે વેન્ટિલેટર પર હોવાથી બોલી શકતી ન હતી તે સમયે તે બેભાન અવસ્થામાં હતી

। (એજન્સી) ગુરુગ્રામ, તા.૨૦ ।

દિલ્હીને અડીને આવેલા ગુરુગ્રામમાં એક ખાનગી હોસ્પિટલના ICU માં દાખલ એર હોસ્ટેસ પર જાતીય હુમલો કરવાના કેસમાં પોલીસે આરોપીની ધરપકડ કરી છે. આરોપીનું નામ દીપક કુમાર છે. તે બિહારનો રહેવાસી છે. તેણે ૨૦૧૯-૨૦૨૨ દરમિયાન એક ખાનગી સંસ્થામાંથી બી.એસસી (ઓટી) નો અભ્યાસ કર્યો હતો. તે અભ્યાસમાં સરેરાશ વિદ્યાર્થી હતો. છેલ્લા ૫ મહિનાથી હોસ્પિટલમાં કામ કરતો હતો.

અહીં તu ICUમાં મશીન ટેકનિશિયન તરીકે કામ કરતો હતો. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપી દીપક કુમારે પોતાનો ગુનો કબૂલી લીધો છે. પોલીસે ખુલાસો કર્યો છે કે તેને પોર્નોગ્રાફિક વીડિયો જોવાનો વ્યસની છે. તેની પાસેથી મળેલા મોબાઈલ ફોનની શોધ ઈતિહાસ પરથી આ વાતની પુષ્ટિ થઈ છે. પીડિત મહિલાની ફરિયાદના આધારે પોલીસે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. આ પછી, હોસ્પિટલમાં લગાવેલા સીસીટીવી કેમેરાની તપાસ કરવામાં આવી. ગુરુગ્રામ પોલીસને આપેલી ફરિયાદમાં, પીડિતાએ કહ્યું હતું કે તેના પતિએ ૫ એપ્રિલના રોજ રાત્રે ૧૦ વાગ્યે તેને હોસ્પિટલમાં દાખલ કરી હતી. તેને ICUમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો હતો. ૬ એપ્રિલના રોજ રાત્રે ૯ વાગ્યાની આસપાસ, બે નર્સો તેમની સંભાળ રાખી રહી હતી. તેઓએ તેના કપડાં અને ચાદર બદલી નાખ્યા. એટલામાં એક પુરુષનો અવાજ સંભળાયો. તે વેન્ટિલેટર પર હોવાથી બોલી શકતી ન હતી. તે સમયે તે બેભાન અવસ્થામાં હતી. તેણીએ કહ્યું કે તે બધા અવાજો સાંભળી શકે છે. તે સમયે આરોપીએ બંને નર્સો પાસેથી યાદી માંગી. નર્સોએ તેમની વિગતો આપવાનું શરૂ કર્યું. ત્યારબાદ તેણે નર્સને પીડિતાના કમરબંધના કદ વિશે પૂછ્યું. ત્યારબાદ આરોપીએ નર્સોને કહ્યું કે તે પોતે મહિલા દર્દીના કમરબંધનું કદ તપાસશે. પીડિતાએ આગળ કહ્યું, "મને લાગ્યું કે તે માણસે મારી જમણી બાજુથી ચાદર નીચે પોતાનો હાથ નાખ્યો." પછી તેણીએ જણાવ્યું કે કેવી રીતે તે વ્યક્તિએ નર્સોની હાજરીમાં તેના પર જાતીય હુમલો કર્યો. તેણે પીડિતાના નાક પર ચાદર ઢાંકી દીધી અને પૂછ્યું કે શું તે ઠીક છે. આ સાંભળીને પીડિતાએ માથું હલાવ્યું. તે ખૂબ જ ડરી ગઈ હતી. પીડિતાએ પોતાના નિવેદનમાં કહ્યું હતું કે તે સમયે તે હલનચલન કે બોલી શકતી ન હતી.

## જનોઈ ન ઉતારતા વિદ્યાર્થીને પરીક્ષા ન આપવા દીધી

। (એજન્સી) કર્ણાટક, તા.૨૦ ।

કર્ણાટકમાં એક વિદ્યાર્થીને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતા પહેલાં જનોઈ ઉતારવાનું કહેવામાં આવ્યું હતું. વિદ્યાર્થી સુચિવ્રત કુલકર્ણીએ આરોપ લગાવ્યો હતો કે, કે બીદરના સાંઇ સ્ફૂર્તિ પીયુ કોલેજમાં ૧૭એપ્રિલે CET (કૉમન એલિજિબિલિટી ટેસ્ટ)ની પરીક્ષા આપવા ગયો હતો, જ્યાં તેને જનોઈ ઉતારવાની માંગ કરવામાં આવી હતી. વિદ્યાર્થીએ જણાવ્યું કે, પરીક્ષા કેન્દ્રમાં હાજર સ્ટાફે કહ્યું કે, જો કોઈ જનોઈ નહીં ઉતારે, તો તેને પરીક્ષા કેન્દ્રમાં બેસવા નહીં દેવાય. વિદ્યાર્થીએ ધાર્મિક પ્રતિક જણાવતા જનોઈ દૂર કરવાનો ઈનકાર કરી દીધો હતો. ત્યારબાગ તેને પરીક્ષા આપવાથી રોકી દેવામાં આવ્યો હતો. વિદ્યાર્થીને પરીક્ષા ન આપવા દેવાના મામલે સાઈ સ્ફૂર્તિ પીયુ કોલેજના આચાર્ય ડૉ. ચંદ્ર શેખર બિરાદર અને સ્ટાફ સતીશ પવારને તાત્કાલિક પ્રભાવે બરતરફ કરી દેવામાં આવ્યા હતાં.

### મુંબઈમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# ૧ રૂપિયાની નોટના ચક્કરમાં ૧૦ લાખનો ચૂનો લાગ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

મુંબઈમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં એક સરકારી વીમા કંપનીના કેશિયરને અમુક શખસોએ એક રૂપિયાની નોટને બદલે ભારે ઈનામ આપવાનું કહી છેતરપિંડી આચરી અને ૧૦ લાખથી વધારે રૂપિયા પડાવી લીધા. પીડિત વીમા કંપનીના કેશિયરે આ વિશે માહિતી આપતા પોલીસને જણાવ્યું કે, મુંબઈમાં સાંતાક્રૂઝ પશ્ચિમી નિવાસી ૪૫ વર્ષીય શખસે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વીમા કંપનીની ચર્ચગેટ બ્રાન્ચમાં કામ કરનારા વ્યક્તિએ પોલીસને જણાવ્યું કે, ૨૩ ફેબ્રુઆરીએ સોશિયલ મીડિયા પર રીલ જોતા સમયે મારી નજર એક જાહેરાત પર પડી. જાહેરાતમાં એક રૂપિયાની નોટ લાવનારને ૪.૫૩ લાખ રૂપિયાનું ઈનામ આપવાનું વચન આપવામાં આવ્યું હતું. તેમાં એક વોટ્સએપ નંબર પણ હતો. મેં વોટ્સએપ નંબર પર એક રૂપિયાની નોટનો ફોટો મોકલ્યો, ત્યારબાદ પંકજ સિંહ નામના વ્યક્તિએ મારો સંપર્ક કર્યો. તેણે જણાવ્યું કે, તે સિક્કાની દુકાનમાં કામ કરે છે. ફોન કરનારા વ્યક્તિએ એક ફોર્મ ભરવાનું કહ્યું અને રજિસ્ટ્રેશન માટે ૬૧૬૦ રૂપિયા જમા કરાવ્યા. ફોન કરનારે વચન આપ્યું હતું કે, પહેલાં ટ્રાન્સફર કરવામાં આવેલી રકમ પરત કરવામાં આવશે.' વધુમાં તેમણે જમાવ્યું કે, 'થોડીવાર બાદ ફરી ફોન આવ્યો અને પહેલાં આપેલી રકમ ખોટી છે અને ૬૧૦૭ રૂપિયા ટ્રાન્સફર કરવા પડશે. ત્યારે પણ મને વચન આપવામાં આવ્યું કે, પહેલાં ટ્રાન્સફર કરવામાં આવેલી રકમ પરત મળી જશે. ત્યારબાદ પંકજ સિંહે અન્ય એક વ્યક્તિ સાથે મુલાકાત કરાવી, જેણે પોતાનો પરિચય અરૂણ શર્માના રૂપે આપ્યો.

### ન્યાય ના મળે તો મારી અસ્થિ ગટરમાં વહાવી દેજો

# પત્નીના ત્રાસથી કંટાળી વધુ એક એન્જિનિયરની આત્મહત્યા

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૨૦ ।

ઉત્તર પ્રદેશના ઈટાવામાં એન્જિનિયર મોહિત યાદવને પત્ની અને સાસરિયાઓના ત્રાસથી કંટાળીને આત્મહત્યા કરી લીધી હતી. આત્મહત્યા પહેલા તેણે એક વીડિયો બનાવ્યો હતો. જેમાં મોહિતે કહ્યું કે, 'કાશ! છોકરાઓ માટે પણ કોઈ કાયદો હોત... ' તેણે તેની પત્ની પર ગર્ભપાત કરાવવાનો અને દહેજના ખોટા આરોપ લગાવવાની ધમકી આપી હતી. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. હકીકતમાં શુક્રવારે રાત્રે રેલ્વે સ્ટેશન નજીક આવેલી જોલી હોટેલના રૂમ નંબર ૧૦૧ માં દોરડાથી લટકતી હાલતમાં મળી આવેલા ઔરૈયા જિલ્લાના એન્જિનિયર મોહિત યાદવના આત્મહત્યા કેસમાં પોલીસને મૃતકના મોબાઈલ ફોનમાંથી એક વીડિયો મળ્યો છે. આત્મહત્યા કરતા પહેલા મોહિતે રેકોર્ડ કર્યો હતો જેમાં તે કહી રહ્યો છે કે,' મારી પત્ની પ્રિયા યાદવ અને સાસરિયાઓના માનસિક ત્રાસને કારણે હું આત્મહત્યા કરવા મજબૂર બન્યો છું.'

વીડિયોમાં મોહિત એમ પણ કહી રહ્યો છે કે, 'કાશ છોકરાઓ માટે કાયદો હોત તો, હું આ પગલું ન ભરત.' વીડિયોમાં તેણે પોતાનું દર્દ અને યાતના વ્યક્ત કરી અને કહ્યું કે, જ્યારે તમને આ વીડિયો મળશે, ત્યારે હું આ દુનિયા છોડીને જતો રહ્યો હોઈશ. મમ્મી-પપ્પા, મને માફ કરજો, હું તમારી અપેક્ષાઓ પૂરી કરી શક્યો. વીડિયોમાં મોહિતે એમ પણ કહ્યું હતું કે, 'મારી પત્નીનું બિહારના સમસ્તીપુર જિલ્લામાં શિક્ષકની નોકરીમાં પસંદગી થઈ ત્યારે મારી પત્ની ગર્ભવતી હતી. નોકરી મળતાં મારા સાસરિયાઓએ તેનો ગર્ભપાત કરાવ્યો હતો.

### સુપ્રીમ કોર્ટને ડરાવવાનો નિર્લજ્જ પ્રયાસ

# ભાજપના નેતાઓની ટિપ્પણી પર મહુઆ મોઈત્રા વરસ્યાં

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૦ ।

સુપ્રીમ કોર્ટ અને ભારતના મુખ્ય ન્યાયાધીશ પર ભાજપના સાંસદ નિશિકાંત દુબેના વિવાદાસ્પદ નિવેદનને લઈને રાજકીય ક્ષેત્રે ગરમાવો આવી ગયો છે. આ નિવેદન બાદ તૃણમુલ કોંગ્રેસ મહુઆ મોઈત્રાએ ભાજપ પર આકરા પ્રકારો કર્યો હતા.


મહુઆ મોઈત્રાએ રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોમ X પર આકરી પ્રતિક્રિયા આપતા લખ્યું કે, 'યાદ રાખો, પીટબુલ પોતાના માલિકની મંજૂરી વિના કંઈ કરતો નથી. આખો દેશ જોઈ રહ્યો છે કે ન્યાયતંત્ર પર કેવી રીતે પ્રોક્સી હુમલા કરવામાં આવી રહ્યા છે. બેન્ચને ડરાવવાનો બેશરમ કોશિશ. આ ભારતનો સૌથી ખરાબ સમય છે. જ્યારે અશિક્ષિત ગુંડાઓ દ્વારા શાસન કરવામાં આવી રહ્યું છે.' ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'જો દરેક બાબત માટે સુપ્રીમ કોર્ટમાં જવુ પડતું હોય તો, સંસદ અને રાજ્ય વિધાનસભાઓ બંધ કરી દેવી જોઈએ.' તેમણે સુપ્રીમ કોર્ટ પર ધાર્મિક યુદ્ધ ભડકાવવાનો આરોપ લગાવ્યો હતો અને દેશને અરાજકતા તરફ લઈ જવાનું કાવતરું ગણાવ્યું હતું.

દુબેના આ ટિપ્પણી પર વિવાદ વધતાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ પાર્ટીને આ નિવેદનથી અલગ કરી સ્પષ્ટતા આપતા કહ્યું કે, 'સાંસદ નિશિકાંત દુબે અને દિનેશ શર્મા દ્વારા આપવામાં આવેલા નિવેદનો પાર્ટીના સત્તાવાર અભિપ્રાય નથી. આ તેમના વ્યક્તિગત વિચારો છે. ભાજપ આ નિવેદનોને સંપૂર્ણપણે નકારે છે. અને મેં બંને નેતાઓને આવા નિવેદનબાજીથી દૂર રહેવાની સૂચના આપી છે.'

# મોરબી ઝુલતો પુલ દુર્ઘટનાઃ સુપ્રીમકોર્ટે CBI તપાસ માંગતી અરજી દાખલ કરી

। (એજન્સી) મોરબી, તા.૨૦ ।

મોરબી ઝુલતો પુલ ૧૩૫ વ્યક્તિનાં મોતના મામલે ૧૧૨ પીડિતોની પીટિશન કરવામાં આવી છે. સુપ્રિમ કોર્ટે પુલ દુર્ઘટનામાં ઝ્ઞૈં તપાસની માગ કરતી અરજી દાખલ કરવામાં આવી છે. સુપ્રિમ કોર્ટે ગુજરાત સરકાર, કલેક્ટરને નોટિસ જાહેર કરી તપાસનો જવાબ માંગ્યો છે. પુલ દુર્ઘટનાને અઢી વર્ષ વીતવા છતાં હજુ ચાર્જ ફ્રેમ નહીં કરતા સુપ્રિમ લાલઘૂમ થઈ હતી. કેસમાં વધુ તપાસની માંગ કરતી અરજી હાઈકોર્ટમાં પેન્ડિંગ પડી છે, ત્યારે સુપ્રિમે અરજી દાખલ કરી હતી.



મોરબીમાં ૩૦ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ઝુલતો પુલ ધરાશાયી થતાં ૧૩૫ લોકોના મૃત્યુ નીપજ્યાં હતા. જે કેસની ગુજરાત હાઈકોર્ટેમાં સુનાવણી હાથ ધરાઈ હતી ત્યારે કોર્ટે ઓરેવા કંપની ના સત્તાધીશોને ઉધડા લીધા હતાં. આ કેસની સુનાવણી દરમિયાન કોર્ટે ઓરેવા કંપની પાસે ભોગ બનનારને વળતર કઈ રીતે આપશો તેની વિગતો માગી હતી. સાથો સાથ કોર્ટે કહ્યું હતુ કે, વાલી, માતા-પિતા ગુમાવનારી દીકરીઓની ભણવા,લગ્નની જવાબદારી કંપનીની રહેશે. બાળકોએ જે ભણવું હોય તે ભણાવવું પડશે. એ ભણીને તમારા બધાના બોસ પણ બની શકે છે અને એ કંપની પણ ઉભી કરી શકે છે. મોરબીની મચ્છુ નદી પર આવેલા ઝૂલતા પુલનું રિનોવેશન ઓરેવા કંપનીએ રૂપિયા ૨ કરોડના ખર્ચે કર્યુ હતું. ભારતમાં સીએફએલ અને એલઈડી બલ્બમાં ૧ વર્ષની વોરંટી આપવાની શરુઆત ઓરેવાએ કરી હતી. પરંતુ તેઓ આ વોરંટી પોતે રિનોવેટ કરેલા મોરબીના ઝૂલતા પુલ પર ન આપી શક્યા. ૨૬ ઓક્ટોબર ૨૦૨૨થી મોરબીનો ઝૂલતો પુલ ખુલ્લો મુકવામાં આવ્યો હતો તથા ૧૨થી ૧૫ વર્ષની મજબૂતાઈની ગેરંટી આપવામાં આવી હતી. જે ૫ દિવસની અંદર તૂટ્યો અને ૧૩૫ લોકો કાળનો કોળિયો બની જતાં હાહાકાર મચી ગયો હતો. સરકારે વળતર અંગેના મુદ્દા પર પીડિતો સાથે વાતચીત કરવાની ખાતરી આપી હતી. કોર્ટે કહ્યું હતું કે મોરબી જિલ્લા કલેક્ટર, ટ્રસ્ટ, કંપની અને પીડિતો વચ્ચે વળતરને લઈને કાયદેસરનાં કાગળિયાં થવાં જોઈએ. કોર્ટે કહ્યું હતું કે કંપનીએ ટ્રસ્ટને ફાળવેલા ૧૫ લાખ રૂપિયા ઓછા છે. ઓછામાં ઓછા ૫૦ લાખ રૂપિયા ફાળવવા જોઈએ. કાલે ઊઠીને કંપની કહે કે પીડિતોને વળતરની જરૂર નથી અને તમે વળતર આપવાનું બંધ કરી દો એવું પણ બની શકે, કોઈને કંપની પર વિશ્વાસ નથી, કોર્ટને પણ નહીં!

## ન્યૂઝ બ્રિફ

### જામ આંબરડીના ખેડૂતોને નલ સે જલ યોજનામાં વળતર ચુકવવામાં છેતરપીંડી

। (એજન્સી) જામજોધપુર, તા.૨૦ ।

જામજોધપુર તાલુકાના વિવિધ ગામો જેવા કે કડબાલ,ભૂપત આંબરડી,જામ આંબરડી ગામે નલ સે જલ યોજના અંતર્ગત ખેડૂતોના ખેતરના ઉભા પાક માથી પાઈપલાઈન નાખવામાં આવી છે. આ પાઈપ લાઈન નાખતા પહેલા વળતરના ભાવ માટે પાણી પુરવઠા અધિકારીઓ દ્વારા ખેડૂતો સાથે વાતચીત કરી ભાવ નક્કી કરવામાં આવ્યા હતા, પરંતુ ત્યારબાદ કોન્ટ્રાકટર અને અધિકારીઓની મેલી મુરાદના કારણે કામ મોડુ ચાલુ કરી નક્કી કરેલ રકમના ૫૦ ટકા થી પણ ઓછી રકમ ખેડૂતોને ચૂકવવામાં આવી છે. ખેડૂતો ના ખેતરમાં જે પાઈપલાઈન નાખવામાં આવેલ છે તેના વળતર ચુકવવા માટે કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવેલ વળતર ની ગણતરી પણ ભુલ ભરેલ છે. આમ અધિકારીઓ અને કોન્ટ્રાકટર દ્વારા ખેડૂતો સાથે છેતરપિંડી કરવામાં આવી છે. આ અંગે ધારાસભ્ય હેમતભાઈ ખવા દ્વારા ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવા માટે અગાઉ પણ ફરિયાદ અને સંકલન ની બેઠકમાં પણ રજૂઆત કરવામા હતી. પરંતુ હજુ સુધી ખેડૂતો ને કોઈ પણ વળતર ચૂકવવામાં આવ્યુ નથી. આમ ખેડૂતો સાથે વિશ્વાસઘાત થયેલ હોય તેવું પ્રતીત થાય છે.

### ડભોઇ રોડ પર પાડોશી અને તેના મિત્રોએ ઘરમાં ઘુસીને યુવકને માર માર્યો

। (એજન્સી) ડભોઇ, તા.૨૦ ।

ડભોઈ રોડ પર ઘરમાં ઘુસીને પાડોશી અને તેના મિત્રોએ બેટ અને લાકડીથી હુમલો કર્યો હતો. જે અંગે પાણીગેટ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ડભોઈ રોડ શક્તિનગર સોસાયટીમાં અમરનાથ દેવીપ્રસાદ દૂબે છૂટક ઈલેક્ટ્રિક કામ કરે છે. પાણીગેટ પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગઈકાલે સાંજે હું ઘરનો દરવાજો ખુલ્લો રાખી પાણી ભરતો હતો. તે દરમિયાન અમારા ઘરની બાજુમાં રહેતા સંદિપ વિઠ્ઠલભાઈ બારિયાએ મારા ઘરમાં આવીને પીવા માટે પાણી માંગ્યું હતું. હું રસોડામાં પાણી લેવા માટે જતો હતો. તે દરમિયાન સંદિપ તથા તેના મિત્રો બેટ અને લાકડી લઈને આવ્યા હતા. તેઓએ ભેગા મળીને માર માર્યો હતો. હું ઘરની બહાર ભાગવા જતા સંદિપ તથા તેના મિત્રોએ દરવાજો બંધ કરી દીધો હતો. મેં બૂમો પાડતા મારો નાનો ભાઈ દોડી આવ્યો હતો. તેણે લાત મારીને દરવાજો તોડી ઘરમાં આવ્યો હતો.

**આચાર્ય દેવવ્રત તથા પદવીદાન સમારોહના મુખ્ય અતિથિ**

## આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા આજે ૨૯ મો પદવીદાન સમારોહ યોજાશે

**યુનિવર્સિટીના ગીતનું ગાન કરવામાં આવશે અને તમામ મંચસ્થ મહાનુભાવોને સ્મૃતિચિન્હથી નવાજવામાં આવશે**

। (એજન્સી) જામનગર,તા.૨૦ ।

વિશ્વની સૌપ્રથમ અને ગુજરાત સરકારની એકમાત્ર ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા આગામી તા. ૨૧ એપ્રિલના રોજ ૨૯ મો પદવીદાન સમારોહ યોજાશે. આ સમારોહના અધ્યક્ષ સ્થાને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા પદવીદાન સમારોહના મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ ઉપરાંત જામનગરના સાંસદ સભ્ય પુનમબેન માડમ, જામનગરના કલેકટર, આયુષ ડાયરેકટર તથા આઈ. ટી.આર.એ.ના નિયામક પ્રો. તનુજા નેસરી સહીત અનેક મહાનુભાવો આ પ્રસંગમાં પોતાની ઉપસ્થિતી આપશે. રાજમાતા શ્રી ગુલાબકુંવરબા ઓડીટોરીયમમાં યોજાનાર આ પદવીદાન સમારોહમાં કુલ ૧૮૪૧ વિદ્યાર્થીઓને ઉપાધી એનાયત કરવામાં આવશે. ઉપરાંત ૨ (બે) વિશિષ્ટ સેવા પ્રદાન કરનાર મહાનુભાવોને ડી. લીટની પદવી એનાયત થશે. વિદ્યાર્થીઓમાં ડીપ્લોમા, પી. જી. ડીપ્લોમાં, બેચરલ ડીગ્રી, માસ્ટર ડીગ્રી, એમ.ડી., એમ. એસ. અને પી.એચડી.ના મળી કુલ-૧૮૪૧ વિદ્યાર્થીઓ હશે. વધુમાં બે વિશેષ વ્યકિતત્વને ડોક્ટરેટ ઓફ લીટરેટર આયુર્વેદની ઉપાધિથી નવાજાશે. આ બે મહાનુભાવો ડો. બુધેન્દ્રકુમાર જૈન તથા વૈદ્ય મનમોહન ભગવાનભાઈ પટેલ રહેશે. આ મહાનુભાવોને તેના સમાજ પ્રત્યેની નિઃસ્વાર્થ વિશિષ્ટ સેવા અને અનન્ય સિધ્ધીઓ બદલ આ પદવી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવી રહી છે. આ તબકકે ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સુવર્ણ અને રજત મેડલ પણ એનાયત કરવામાં આવશે. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનો આ ૨૯ મો પદવીદાન સમારોહ તા.૨૧ એપ્રીલના રોજ સવારે ૧૧ કલાકે ગુજરાતના રાજયપાલના આગમન સાથે શુભારંભ થશે. યુનિવર્સિટીના ગીતનું ગાન કરવામાં આવશે અને તમામ મંચસ્થ મહાનુભાવોને સ્મૃતિચિન્હથી નવાજવામાં આવશે. ત્યારબાદ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ ડો. નરેશકુમાર જૈન દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવશે. આ બાદ વિવિધ તબકકામાં ડી.લીટથી માંડી અને ડીપ્લોમા કેટેગરીના વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે. વધુમાં ઈનામો, મેડલ અને એવોર્ડ એનાયત થશે અને એમ. ઓ.યુ. કરવામાં આવશે. આ પ્રકીયાઓ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા પદવીદાન અંગે પ્રાસંગીક પ્રવચન આપવામાં આવશે. આ પછી યુનિવર્સિટીના કુલપતિની વિનંતીથી ગુજરાત રાજયના ગરિમા સ્વરૂપ રાજયપાલ દ્વારા પ્રમુખ પ્રવચન આપવામાં આવશે. કાર્યક્રમના આગળના તબકકામાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજીસ્ટ્રાર એ. પી. ચાવડા દ્વારા આભાર દર્શન કરવામાં આવશે અને અંતમાં રાષ્ટ્રગાન સાથે સમારોહની પૂર્ણાહુતી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત આર્યુવેદ યુનિવર્સિટી દ્વારા રાજયની વિવિધ યુનિવર્સિટી જેવી કે ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ તથા શ્રી સદગુરૂ સેવા સંઘ ટ્રસ્ટ ચિત્રકૂટ (એમ.પી.) સાથે આયુર્વેદ જોડી એક નવી જ દિશામાં શિક્ષણની નવી પરિભાષા અને સંશોધન વિકસાવવા માટે એમ.ઓ. યુ. કરવામાં આવી રહ્યાં છે. આમ થવાથી આયુર્વેદ અન્ય વિદ્યાશાખાઓ સાથે મળી સમાજ ઉત્કર્ષ અને માનવવિકાસના નૂતન દ્વાર ખોલશે.

**માધવપ્રસાદની ખેડૂત સાથે ઠગાઈ**

## ગઢડામાં સ્વામી માધવપ્રસાદ સામે ખેડૂતની દોટ કરોડની જમીન બારોબાર વેચી મારવાનો આક્ષેપ

**મૃતક ખેડૂતના પુત્રએ ગઢડા પોલીસ સ્ટેશનમાં માધવપ્રસાદ સ્વામી સામે ઠગાઈની અરજી આપી છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ગઢડાના સ્વામી માધવપ્રસાદની ખેડૂત સાથે ઠગાઈ, દોઢ કરોડની જમીન વેચી મારીબોટાદના ગઢડામાં સ્વામી માધવપ્રસાદ સામે ખેડૂતની દોઢ કરોડની જમીન બારોબાર વેચી મારવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સ્વામીએ ખેડૂતને દોઢ લાખ રૂપિયા વ્યાજે આપીને કોરા કાગળમાં સહી કરાવીને જમીન પડાવી લીધાનો જસદણના દડવા ગામના ખેડૂત પરિવારે આક્ષેપ કર્યો છે. સ્વામીએ ખેડૂતની જમીન પરત નહીં કરીને બીજા વ્યક્તિને બારોબાર જમીન વેચી મારવાનો આરોપ લગાવાયો છે. મૃતક ખેડૂતના પુત્રએ ગઢડા પોલીસ સ્ટેશનમાં માધવપ્રસાદ સ્વામી સામે ઠગાઈની અરજી આપી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે જસદણના દડવા ગામના એક ગરીબ ખેડૂતને દોઢ લાખ રૂપિયા વ્યાજે આપી દોઢ કરોડની જમીન ગઢડાના સ્વામી માધવપ્રસાદજીએ બારોબાર વેચી મારી છે. દડવા ગામના ખેડૂત પ્રાગજીભાઈ વસાણીને ગઢડાના સ્વામી માધવપ્રસાદજીએ દોઢ લાખ રૂપિયા વ્યાજે આપી કોરા કાગળમાં સહી કરાવી લીધી હતી. ખેડૂતે દોઢ લાખના બદલામાં બે લાખ આપ્યા હતાં તેમ છતાં સ્વામીએ જમીન પરત નહીં કરીને બીજા વ્યક્તિને વેચી મારી હતી.

**૪ સેમ્પલ ફેલ જતાં તંત્ર એલર્ટ થઈ ગયું**

## સુરતમાં બરફના ગોળાનાં સેમ્પલ ફેલ, સીરપ અને ક્રીમનો ૩૫ કિલો જથ્થો નષ્ટ કરાયો

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

સુરત શહેરમાં બરફનો ગોળાના ૧૮ પૈકી ૪ સેમ્પલ ફેલ જતાં તંત્ર એલર્ટ થઈ ગયું છે. ૩૫ કિલો સીરપ અને ક્રીમનો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિક્રેતાઓ સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે. ઉનાળો શરૂ થતાં ઠંડા શરબત, આઈસક્રીમ, બરફના ગોળા, આઈસ ડીશ સહિતની અનેક ઠંડક આપતી વાનગીઓ ખાવા લોકો ઉમટી પડે છે. ત્યારે શહેરમાં બરફનો ગોળો ખાતા લોકોએ સાવચેત થઈ જવાની જરૂર છે. શહેરમાં આઈસ ગોળા ના ૧૮ પૈકી ૪ સેમ્પલ ફેલ થયા હતા. ૧૫ દિવસ અગાઉ વિક્રેતાઓના ત્યાં સેમ્પલ લેવાયા હતા. સુરત મનપાએ અલગ–અલગ ૧૩ જગ્યાએથી નમૂના લીધા હતા. સેમ્પલના રિપોર્ટ નેગેટિવ આવતા તંત્ર એલર્ટ થઈ ગયું છે. ખાદ્ય વિભાગે ૩૫ કિલો સીરપ અને ક્રીમનો નાશ કરવામાં આવ્યો છે. SMC દ્વારા કાયદાકીય કાર્યવાહી શરૂ કરાઈ છે. અભ્યાસો દર્શાવે છે કે મોટી માત્રામાં ઠંડા પીણા, બરફનાં ગોળા ખાવાથી કેન્સરનું જોખમ વધી જાય છે. ૬૦,૦૦૦ થી વધુ યુવાનો પર એક સંશોધન કરવામાં આવ્યું હતું. જે લોકો દર અઠવાડિયે ૨ કે તેથી વધુ કોલ્ડ ડ્રિંક્સ પીતા હતા તેમને સ્વાદુપિંડનું કેન્સર થવાનું જોખમ ૮૭ ટકા વધી ગયું હતું. તે જ સમયે, અન્ય એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે રજોનિવૃત્તિ પછીની સ્ત્રીઓમાં ઠંડા પીણાના વધુ પડતા સેવનની આદતને કારણે એન્ડોમેટ્રાયલ કેન્સર એટલે કે ગર્ભાશયનું કેન્સર થઈ શકે છે.

## ગોંડલ હનીટ્રેપ કેસમાં પદ્મિનીબા સહિત ૪ની ધરપકડ કરાઇ

। (એજન્સી) રાજકોટ,તા.૨૦ ।

રાજકોટના એક સમયના સામાજિક મહિલા આગેવાન પદ્મિનીબા વાળા સહિત પાંચ લોકોએ ગોંડલના વૃદ્ધને હનીટ્રેપમાં ફસાવીને ૭-૮ લાખ રૂપિયા પડાવવા માટે ધાક ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે પોલીસે મોડી રાત્રે મોટી કાર્યવાહી કરીને પદ્મીનીબા વાળા સહિત ચારની ધરપકડ કરી છે. જ્યારે એક આરોપી ફરાર છે. જેતપુર રોડ પર રહેતા ૮૦ વર્ષીય વૃદ્ધે ગોંડલ પોલીસ સ્ટેશનમાં તેજલ નામની યુવતી તથા પદ્મિનીબા વાળા અને તેના પુત્ર સત્યજીતસિંહ વાળા ઉપરાંત શ્યામ અને હીરેન નામના શખસો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે ગોંડલમાં ૧૫ દિવસ પહેલા ઘર પાસે બેઠા હતા ત્યારે રિક્ષામાં તેજલ નામની યુવતી આવી હતી અને સરનામું પૂછ્યા બાદ થોડીવાર પછી પરત આવીને વાતચીતથી વિશ્વાસ કેળવી મોબાઈલ નંબર લઈ ગઈ હતી. બીજા દિવસે એ યુવતીએ ફોન કર્યો કે મારો ઘરવાળો મરી ગયો છે, હું ખુબ દુઃખી છું, કંઈક મદદ કરો, મારું દેવું ભરી દો, નહીંતર હું દવા પીને મરી જઈશ જેવી વાતો કરી હતી. આરોપ છે કે બાદમાં બે-ત્રણ દિવસ બંને વચ્ચે વાતો ચાલી હતી અને વીડિયો કોલમાં અશ્લિલ હરકતો થઈ હતી. આ દરમિયાન ત્રણ દિવસ પહેલાં ૧૬મીએ રાત્રે વૃદ્ધને પદ્મિનીબા વાળાએ ફોન કર્યો અને તેજલબેન વિશે વાતચીત કરવાનું કહીને ધમકી આપી હતી. પછી તેમણે ફોન ઉપાડવાનું બંધ કરતા યુવતી અને પોતાના પુત્ર તથા અન્ય બે યુવકો સાથે વૃદ્ધના ઘરે ધસી આવીને ત્રણ કલાક માથાકૂટ કરી. મવડી ઓફિસે આવી ૭-૮ લાખ રૂપિયામાં પતાવટ કરી ધમકી આપી જતા રહ્યા હતાં. પરિણામે ગભરાઈ ગયેલાં વૃદ્ધે શુક્રવારે ગોંડલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવતા કાર્યવાહી હાથ ધરાઇ હતી પોલીસે શનિવારે (૧૯મી એપ્રિલ) મોડી રાત્રે મોટી કાર્યવાહી કરીને ૫ દ્મીનીબા વાળા તેમના પુત્ર સત્યજીતસિંહ વાળા, શ્યામ રાયચુરા અને હિરેન દેવડિયાની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે મુખ્ય આરોપી તેજલ છૈયા હજુ ફરાર છે.

## સુરતમાં રૂપિયા ૫૦ લાખની કિંમતનાં સ્ટ્ડ ડ્રગ્સ સાથે ૫ આરોપીઓ ઝડપાયા

। (એજન્સી) સુરત,તા.૨૦ ।

સુરત શહેરમાં રૂપિયા ૫૦ લાખથી વધુનું ૫૦૦ ગ્રામનું MD ડ્રગ્સ સુરત ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યું છે. ભાઠેનાં વિસ્તારમાંથી ડ્રગ્સ માફિયા ઝમીર જંગલીના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ડ્રગ પેડલર સહિત ૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. અગાઉ સુરત શહેરમાં ક્રાઈમ બ્રાન્ચે એક મોટા ડ્રગ રેકેટનો પર્દાફાશ કરી વોન્ટેડ આરોપી યશ બૂટલેગરની લાજપોર ગામમાંથી ગાંજો મંગાવતા બાતમી અને લોકેશનનાં આધારે ધરપકડ કરી હતી, જે થાઈલેન્ડથી 'હાઈબ્રિડ ગાંજો' આયાત કરીને સુરતમાં સપ્લાય કરવાની યોજના બનાવી રહ્યો હતો. આ સમગ્ર સોદો સ્નેપચેટ પર ગાયબ થઈ રહેલા સંદેશાઓ દ્વારા કરવામાં આવ્યો હતો. આરોપીઓ ગાંજો લઈને સુરતમાં પ્રવેશી રહ્યા હતા અને જ્યારે પોલીસે આરોપીઓને પકડીને વાહનની તપાસ કરી ત્યારે તેમાંથી ૧.૩૩ કિલો હાઈબ્રિડ ગાંજો (Hybrid Drugs) મળી આવ્યો હતો.







